શ્રી

ભજન સાગર.

असितगिरिसमं स्यात कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमूर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालम्
तदपि तव गुणानामीश पारं न याति ॥

અર્થ:—

નીલગીરી પર્વત જેટલી સહી હોય, મહાસાગર જેવડો ખડીયો હોય, સર્વે દેવતાઇ ઝાંડાની કલમ બનાવી હોય, પૃથ્વીના પડ જેવડો કાગળ બનાવ્યો હોય, અને સર્વથી સરસમાં સરસ લખવા વાળી શારદા સદાકાળ લખ્યા કરે, તોપણ હે ઈશ્વર! ત્હારા ગુણનો પાર આવે નહીં.

અગ્યારમી આવૃતી — નકલ ૨૦૦૦

કિંમત દોઢ રૂપિયો.



હે
પ્રભુ?
તમે એક
છો, અખંડ છો,
અનંત છો, વ્યાપક છો,
નિર્વિકાર છો, સર્વાધાર છો,
સકળ વિશ્વના સ્વામી છો અને
સર્વશકિતમાન છો, તમે સર્વ ગુણોના
નિધિ છો, તમે દયાના સાગર છો, અને તમે
અધમ ઉદ્ધારણ છો. તમારો મહિમા અગાધ
છે, તમારૂં ડહાપણ અપાર છે. તમે રાજાઓના રાજા
તથા દેવોના પણ દેવ છો, અને તમારી અકળ ગતિનો
કોઇ પાર પામી શકતું નથી. હે મહા મંગળકારી
અખંડ સચ્ચિદાનંદ પરમકૃપાળુ પવિત્ર પિતા
મહાન્ ઇશ્વર! તમારા એવા ગુણો ને
મ્હોટાઈમાં અમારૂં મન લય કરવા
માટે અને તમારી સત્ય સેવા
કરવાને ખાતર શુદ્ધ અંતઃકર-
ણના પ્રેમથી માનપૂર્વક
હજારો હજારવાર
દંડવત્ પ્રણામ
કરીએ
છીએ.

પ્રસ્તાવના.

આ પુસ્તકની અંદર જે ભજનો છપાયલાં છે, તેમાંના કેટલાંક કોઇક કોઇક ચોપડીઓમાંથી લીધાં છે; ને બાકીના મોંઢેથી ગવાતાં ઉતારી લેવામાં આવ્યાં છે. તેથી તેમાં જો કાંઇ ભુલો હોય તો તે માટે સુજ્ઞ વાંચકો દરગુજર કરશે.

આ પુસ્તકમાં આવેલાં જ્ઞાન ભક્તિના છંદો પરોપકારી શેઠ ખેમરાજ **શ્રી**કૃષ્ણદાસની રજાથી તેમની છપાવેલી **બનારસી**ની ચોપડીમાંથી લીધેલાં છે.

આ પુસ્તકની ઘણી આવૃત્તિઓ છપાઇ ગઇ છે, ને આ છપાવી છે; તે ફક્ત ભગવદ્ પ્રીત્યર્થે ને લોકના કલ્યાણ માટે તથા અંતઃકરણમાં ભકિતભાવ જામે એવા હેતુથી છપાવી છે. બીજો કંઇજ તેમાં હેતુ નથી. માટે જે જે પુસ્તકોમાંનાં ભજનો લેવાયલાં હોય ને તેમાં તેમના છપાવનારને કંઇ હરકત હોય તો તે લખી જણાવશે તો તે પ્રમાણે યોગ્ય ફેરફાર કરવામાં આવશે.

લી૦ આપનો દાસનો દાસ,

હરિલાલ છોટાલાલ મહેતા.

શ્રી

ભજન સાગર.

असितगिरिसमं स्यात कज्जलं सिंधुपात्रे
सुरतरुवरशाखा लेखिनी पत्रमूर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालम्
तदपि तव गुणानामीश पारं न याति ॥

અર્થ:—

નીલગીરી પર્વત જેટલી સહી હોય, મહાસાગર જેવડો ખડીયો હોય, સર્વે દેવતાઇ ઝાડોની કલમ બનાવી હોય, પૃથ્વીના પડ જેવડો કાગળ બનાવ્યો હોય, અને સર્વેથી સરસમાં સરસ લખવા વાળી શારદા સદાકાળ લખ્યા કરે, તોપણ હે ઇશ્વર ! ત્હારા ગુણનો પાર આવે નહીં.

અગ્યારમી આવૃતી નકલ ૨૦૦૦

કિંમત દોઢ રૂપિયો.

સાંકળીયું.

પદ	સત્સંગ વિષે.	પાનું
૧	મહાપદ લાધ્યુંરે જેને	૧
૨	સુખ કહ્યું ન જાય	૨
૩	જેને ન કીયો સત્સંગ	૨
૪	સંતો અમે વહેવારીઆ	૩
૫	જેને ઘેર હરિજન	૩
૬	માનો મળી છે મોટી	૪
	ગુરૂ વિષે.	
૭	હરિ ગુણ બાર બાર	૪
૮	દેખ્યા હોય તો કહી	૫
૯	સદ્‌ગુરૂના તે શબ્દ	૬
૧૦	સદ્‌ગુરૂએ અમને મારેલ	૭
૧૧	સદ્‌ગુરૂએ સ્વામીને વિનવું	૭
૧૨	મારીરે કટારી સંતો	૮
૧૩	આજે આનંદ ગુરૂ	૮
૧૪	મારા મારા મારા ગુરૂજી	૯
૧૫	સદ્‌ગુરૂ સંગે	૯
૧૬	સદ્‌ગુરૂ સરજનહારરે	૧૦
૧૭	તમે ખુબ ખબર કરી	૧૧
૧૮	જીને કીયા બ્રહ્મસે નેડા	૧૨
૧૯	અબ મોસે ઘટમે પ્રગટી	૧૨
૨૦	સદ્‌ગુરૂ નીરવાણી નીર૦	૧૩
૨૧	ગુરૂગમ વિનારે આતમ	૧૪

પદ	ઇશ્વર સ્વરૂપ વિષે.	પાનું
૨૨	તું અગાધ પરબ્રહ્મ	૧૫
૨૩	તું અગાધ તું અગાધ	૧૫
૨૪	એસા દેશ હમારા	૧૬
૨૫	હમ સાકાર ઉપારીવે	૧૭
૨૬	હમતો કૃષ્ણ છબીલો	૧૭
૨૭	તુંતો ન્યારો રહીને ખેલેરે	૧૮
૨૮	એહી અમારે શ્રીનાથજી	૧૯
૨૯	એ છે નીરાકાર સાકાર	૧૯
૩૦	કયાં જીવ કયાં જગદીશ	૨૦
	સંત વિષે.	
૩૧	સંતનકે સંગ લાગ	૨૦
૩૨	મળે જીવન મુક્ત હરિ	૨૧
૩૩	ઓ ભાઈરે શાન્તી	૨૧
૩૪	સાધુ તે જનનો સંગ	૨૨
૩૫	નંદ નંદનકે પ્યારે	૨૩
૩૬	ધન્ય આજ ઘડી	૨૪
૩૭	હાંરે હરિવસેહરિનાજનમાં	૨૫
૩૮	વહાલારે સંતને જે જે	૨૫
૩૯	મળે તો મને હરિજન	૨૬
	ભગત લક્ષણ વિષે.	
૪૦	તાદૃશી જન તેને જાણીએ	૨૭
૪૧	ધન્ય ધન્ય એ સંત	૨૮
૪૨	સાચા સંત તે દુઃખ દે	૨૮

પદ		પાનું

માયા વિષે.

જોગી ન થવા વિષે.

સાધારણ નીતિ વિષે.

જીવને છેલ્લી શીખામણ.

સૌનું ભલું કરવા વિષે.

પરચુરણ ભજનો.

પદ		પાનું

રક્ષાબંધન વિષે.

પવિત્ર એકાદશી વિષે.

પારણા વિષે.

હિંડોળા વિષે.

જગતકર્તાની સ્તુતિ.

જ્ઞાન ભક્તિના છંદનું સાંકળીયું.

॥ ॐ ॥

परमात्मने नमः

સત્સંગ વિષે.

૧

મહાપદ લાધ્યું રે જેને, બીજાં સાધન ન રહ્યાં તેને.
સહજ સમાધિરે લાગી, અનુભવ જ્યોતિ નિરંતર જાગી.
અનહદ વાજાંરે વાજે, પરણવ અરણવ લહેરે ગાજે.
ગંગા જમુનારે વહે છે, તરવેણીમાં તાલ મળે છે.
જન ત્યાં આવેરે ઝાત્રા, ત્યાં છે સકળ તીરથનો રાજા.
દેવ મુનિનોરે મેળો, ભાવિક સંઘ થાય છે ભેળો.
અક્ષય વટછેરે એમાં, વિશ્વપતિનો વાસો તેમાં.
તે તીરથમાંરે ન્હાશે, કાગ મટીને હંસજ થાશે.
પિંડજ તેમાંરે ધરશે, એકોત્તર શત કુળ તો તરશે.
નિર્મળ થાશેરે કાયા, પ્રેમ પ્રયાગ વિષે જે ન્હાયા.
સત્ પુરૂષોનીરે સંગે, છોટમ ન્હાયો પરમ ઉમંગે.

૨

સુખ કહ્યું ન જાય સત્સંગનું રે, (૨)
આઠે અંગમાં આનંદ થાય— સુખ૦
અડસઠ તીરથ એને સૌ આંગણે રે, (૨)
સત્સંગેથી ભેળાં થાય— સુખ૦
એ સુખ ઇંદ્રના લોકથી અધિક છે રે, (૨)
વૈકુંઠેથી વધતું જાય— સુખ૦
એ સુખ બ્રહ્માના લોકથી ભારે ઘણું રે, (૨)
એ તો વેદ પુરાણે વંચાય— સુખ૦
મહેતો નરસિંહ એમાં તો એમ ભણે રે, (૨)
એ તો ઓળખાવે અવિનાશ— સુખ૦

૩

જેને ન કીયો સત્સંગ જનમ ધરી,
જેને ન કીયો સત્સંગ રે. (ટેક)
તાકો કેવલ પશુ કરી માનો (૨)
જદપિ મનુષ્યકો અંગ રે (૨)—જેને૦
કા ભયો પાટ પીતાંબર પહેરણ
ચહડવે હસ્તી તુરંગ રે (૨)
તામેં કાહુ બડાઈ પાયો (૨)
ફુલ્યો હૃદય ઉમંગ રે (૨)—જેને૦

આહાર નિદ્રા ભય કરતોરે મૈથુન
લાગો વિષયકા રંગરે (૨)
ચેતત નાહીં બંડા હે મુરખ (૨)
કાલ કરેગો ભંગરે (૨)-જેને૦
નિર્મળ ચિત્ત કરી કબહુ ન નાહ્યો
સંત સ્વરૂપી ગંગરે (૨)
કહે દેવો કેસે કરી પાવે (૨)
પુરણ પદ અભંગરે (૨)-જેને૦

૪

સંતો અમે વહેવારીઆ, શ્રી રામનામના રે (ટેક)
વેપારી આવે છે બધા, ગામ ગામનારે-સંતો૦
અમારૂં વસાણું સંતો, સૌ કોને ભાવે (૨)
અઢારે વરણ જેને હોરવાને આવે-સંતો૦
લાખ કરોડે લેખા નહીં ને, પાર વિનાની પુંજી (૨)
હોરવું હોય તો હોરી લેજો કસ્તુરી છે સોંઘી-સંતો૦
આવરો ને ખાતાવહીમાં, લક્ષ્મિવરનું નામ (૨)
ચિઠીમાં ચતુર્ભુજ લખીઆ નરસૈયાનું કામ-સંતો૦

૫

જેને ઘેર હરિજન હરિજશ ગાય, તેતો નિત્ય ગંગામાં ન્હાય(૨)
અડસઠ તીરથ ગુરૂને આંગણે (૨) દૂર ગયે શું થાય-જેને.

ધ્રુવ નાહ્યા પ્રલ્હાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન (૨)
પ્રીત કરી પરીક્ષિત નાહ્યા (૨) જોગી શુકદેવ ગાય-જેને.
સહુ સંત મળી ધારણ બાંધ્યું, જ્ઞાન ગંગા તોળાય (૨)
જપતપ તીરથ જોડે મળ્યાં તેમાં(૨) સર્વ સાધન મળી જાય-જે.
જ્ઞાનગંગાનો મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય (૨)
ભલે મળ્યા મેતા નરસિંહના સ્વામી(૨)હેતે હરિના ગુણ ગાય-જે.

૬

માનો મળી છે મોટી વાત, હાથે આવી તે માં હારજોરે,
કરી જતન દિવસ રાત, સુતાં બેઠાં સંભારજોરે.
સાચો મળ્યો છે સત્સંગ, અંગે અચળ કરી રાખજોરે,
રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર નાખજોરે.
લઈ બેઠા છો મોટો લાભ, ભેટી પૂરણ બ્રહ્મનેરે.
નહીંતો દુઃખના ઉગત દાભ, માની લેજો આ મર્મનેરે.
આજ પામ્યા છો આનંદ, વામ્યા દારૂણ દુઃખનેરે,
એમ કહે નિષ્કુલાનંદ, રખે મુકતા એવા સુખનેરે.

ગુરૂ વિષે.

૭

હરિગુણ બાર બાર ગાતાં, પ્રભુ ગુણ બાર બાર ગાતાં (ટેક)
ગુરૂકી કૃપાદૃષ્ટિ રંગ છાઇ, હરિગુણ બાર બાર ગાતાં—હરિ૰

આસન બાંધી સુરતી સાંધી, ભ્રકુટીમેં ધ્યાન લગાય—હ૦
કૃષ્ણ મોરારી જેને ઓઢી કામળ કાળી, એહીમેરેમનભાય—હ૦
જાદવ ગુરૂકી કૃપા ભઇ, તો નાચત વૈકુંઠ જાય—હરિગુણ૦

૮

દેખ્યા હોય તો કહી બતલાવો,
ક્યાં છે ગુપ્તી ગંગા?—ભાઇ ક્યાં છે૦—હોજી (ટેક)
ધૃડ ગુરૂ ને છીપા ચેલા,
નહીં દિવસ પગદંડા—ભાઇ, નહીં દિવસ—હોજી;
આગમ ભાંખે કાંઇ નવ સુઝે (૨)
આપ વખાણે અંધા—ભાઈ, આપ વખાણે૦—ભાઇ ક્યાં છે૦
સદ્ગુરૂ મળીયા ને સંશય ટળીઆ,
ને મીટ ગયા સર્વે ફંદા—ભાઇ, મીટ ગયા સર્વે૦—હોજી;
મોતી નીરખ્યા પિયુકું પરખ્યા (૨)
જબી ભયા આનંદા—ભાઇ, જબી ભયા૦—ભાઈ ક્યાં છે૦
એક નુરીજન મોતી નીરખ્યા,
વચન ગુરૂકા વંધા—ભાઇ, વચન ગુરૂકા વંધા૦—હોજી,
દાસ અરજણ જીવણકે ચરણે (૨)
ધ્યાની પુરૂષકા ધંધા—ભાઇ, ધ્યાની૦—ભાઇ ક્યાં છે૦

૯

સદ્‌ગુરૂના તે શબ્દ વિચારતાં (૨)
મટે માયા મોહ વિકાર—હરિરસ પીજીયે.
બાળી ભસ્મ કરે બીજી વાસના (૨)
ઉર પ્રગટે પ્રેમ અપાર— હરિરસ૦
એવો અજર અમી રસ જે પીયે (૨)
તેના નેણા વેણા પલટાય— હરિરસ૦
લાગી બ્રહ્મખુમારી ન ઉતરે (૨)
સુખ મુખે કહ્યું નવ જાય— હરિરસ૦
તેને સંભવ નથી રે શરીરનો (૨)
થયો આતમ દૃષ્ટ ઉઘાડ— હરિરસ૦
મરજીવો થઇ હરિને મળે (૨)
ગળે જ્ઞાન હિમાળે હાડ— હરિરસ૦
બ્રહ્મધ્યાને ગગનવત થઇ રહે (૨)
જ્યમ કુંભ મહા જળ માંહે— હરિરસ૦
કૃષ્ણ પોતામાં પોતે શ્રીકૃષ્ણમાં (૨)
કૃષ્ણ વિના ન દીસે કાંઇ— હરિરસ૦
જઇ સરિતા સાગરમાં ભળે (૨)
તેનું નામ નદી ટળી જાય— હરિરસ૦

કહે પ્રીતમ સદ્‌ગુરૂ સેવતાં (૨)
ટળે અંતર એકરસ થાય— હરિરસ૦

૧૦

સદ્‌ગુરૂએ અમને મારેલ છેરે શબ્દોના બાણ
એક રામને ભજી લ્યો નિરવાણરે—સદ્‌૦
કુટુંબ કબીલાની કુડી કુડી માયારે (૨)
સાચું નારાયણનું નામરે—સદ્‌૦
કહે રવિદાસ સંતો ભાણ પ્રતાપેરે (૨)
મટી ગઇ ચોરાશી કેરી ખાણરે—સદ્‌૦

૧૧

સદ્‌ગુરૂ સ્વામીને વીનવું, નમી નમી લાગું પાયજી;
દાન દીધાંરે ભક્તિ જ્ઞાનનાં, કોટી કર્મ મીટાયજી-સ.
જનમ મરણનું તો ભય ગયું, મટી જમડાની ત્રાસજી;
લખરે ચોરાશી ખાતું વીંટીયું, જાણી પોતાનો દાસજી-સ.
સદ્‌ગુરૂ સમ દાતા નહીં, જો જો મનમાં વીચારીજી;
સગાસંબંધી બેની બંધવા, સરવે સ્વપ્ના સમાનજી-સ.
અવગુણ મારા અનેક છે, નવ જોયા નીરધારજી;
બીરદ પોતાનું સંભારીને, મણિદાસ કહે બલીહારજી-સ.

૧૨

મારીરે કટારી સંતો પ્રેમની, લાગી કલેજા માંયજી,
અંગોઅંગમાંહે વેદના, નિશદિન ખટકે તનમાંહેજી—મા.
સદ્‌ગુરૂ સાચારે શર તાંથી, તાંકી માર્યા જેણે બાણજી,
ઘાયેલ કીધા તનમન જ્ઞાનસું, એ સુખ જાણશે કોઇ જાણજી—
બ્રેહ અગ્નિરે જેના અંગમાં, તાપ્યા તેનારે તનજી,
સુખ ના ગમેરે આ સંસારનું, સદ્‌ગુરૂ સાથે બાંધ્યા મનજી—
પ્રીત છેરે જેને પ્રાણથી, ગુરૂવિના ઘડી ન રહેવાયજી;
જળની વિછુટી જેમ માછલી, તલખી તલખી મરીજાયજી—
પ્રીત જોજોરે બપૈયા તણી, જેની ન ટળે ટેકજી;
પૃથ્વિ પડયારે જલને નહીં નમે, અધર બુંદ પીએ એકજી—
પ્રીત હશેરે જેને પૂર્વની, મળશે ગુરૂ તેને જ્ઞાનીજી;
મગ્નિદાસ કહે સદ્‌ગુરૂ સંતને, વારંવાર કુરબાનજી—મા.

૧૩

આજે આનંદ ગુરૂ આવ્યા આંગણે (૨)
હું તો દિલ ભરી આદર દઇશ—ગુરૂજી આવ્યા૦
ધન્ય મસ્તક લઇ ચરણે ધરૂં (૨)
લગ્ન કરી ચરણામૃત લઇશ—ગુરૂજી આવ્યા૦
મને પ્રેમે કરીને ગુરૂએ પુછીયું (૨)
તારા અંતરનો કેવો છે ઠાઠ—ગુરૂજી આવ્યા૦

દુ:ખ સુખ કેવું છે તારી દેહને (૨)
પુરૂ કહેજે ભણી મુખે પાઠ—ગુરૂજી આ૦યા૦
હું તો મગ્ન થઇ મારા મનમાં (૨)
મને હરખ ઘણેરો થાય—ગુરૂજી આ૦યા૦
કહેણી રહેણી વિનારે સાધન શું કરૂં ? (૨)
જેથી પ્રસન્ન થાય ભગવાન—ગુરૂજી આ૦યા૦
કેવળદાસ ઉપર કીરપા કરી (૨)
પામ્યા ભવરે સાગર કેરો પાર—ગુરૂજી આ૦યા૦

૧૪

મારા મારા મારા ગુરૂજી, મોયે જ્ઞાનકે ધાસે મારા;
કચ્ચા કોટ પક્કે દરવાજા, તીયાં ઘાયલ કરત પોકારા—ગુરૂ૦
છરીએ ન મારા કટારી ન મારા, વચનુંકા માર હે ન્યારા-ગુરૂજી૦
આંખે અંધા કાને બહેરા, પાંઉ પાંગળ કરી ડાલા—ગુરૂજી૦
ઓખદ ગોળી કછુએ ન લાગે, ક્યાં કરે વૈદ બીચારા—ગુરૂ૦
કહત કબીરા સુનો ભાઇ સાધુ, સદગુરૂ વૈદ હમારા—ગુરૂજી૦

૧૫

સદગુરૂ સંગે રહીએ રંગે, આનંદ વાધે અંગે;
પૂરણ પ્રેમ તરંગે, પ્રભુને નીહાળીએરે—સદગુરૂ૦
નયણે નીરખું હયડે હરખું, નહીં શામળીઆના સરખું;
અલબેલા વહાલાસું અંતર ટાળીએરે—સદગુરૂ૦

આનંદકારી અખંડવીહારી, ગોપીવર ગીરધારી;
હું બલીહારી વારી તારા નામનેરે—સદગુરૂ૦
જ્યાં જેવો ત્યાં તેવો તેતો, સકળ સ્વરૂપી એવો;
સ્નેહ ધરીને સેવો સુંદર શ્યામનેરે—સદગુરૂ૦
રમતા રામ નીરંતર ન્યાળો, હું મારાને નીશ્ચે ટાળો;
પ્રીતમ પ્રેમે પાળો નાતો નેહનોરે—સદગુરૂ૦

૧૬

સદગુરૂ સરજનહારરે, હો શામળીઆજી;
પ્રભુજી ઉતારો ભવપારરે, હો શામળીયાજી.
જનમો જનમની હું દાસી તમારીરે (૨)
નથી બીજાનો આધારરે—હો શામળીયાજી.
અવગુણ ના જોશો મારા, અંતર જામીરે (૨)
બીરદ સંભારી કરજો વહારરે—હો શામળીયાજી.
સતસંગ સીડીએ, ચડાવ્યા છે અમનેરે (૨)
ભુલીશ નહીં ઉપકારરે—હો શામળીયાજી.
બોધને બદલે તે, ભેટ શું કરીએરે (૨)
એવું બીજું નથી કાંઈરે—હો શામળીયાજી.
કથા કીરતન ને, માળા મોહનનીરે (૨)
પહેરાવી કંઠે કર સાહીરે—હો શામળીયાજી.

જનમ મરણ કેરો, ભવભય ભાંગીઓરે (૨)
દયા કરીને ઝાલી બાંહરે—હો શામળીયાજી.
હરી ચરણે ગુરૂ, હેત અમારારે (૨)
શરણું સેવ્યાથી સુખ થાયરે—હો શામળીયાજી.

૧૭

તમે ખુબ ખબર કરી ખોજોરે, કાયા તનસે,
કાયા તનસે, ગુરૂ ગમસે—તમે ખુબ૦
ઓઘટ ઘાટ ફેર ફેર આયો,
સોહંગનગીના નાદ બજાયો (૨)
ત્રવેણીકે તીરે ધ્યાન લગાયો (૨)
જદ ચઢીયા અગમસે (૨)—તમે૦
અઘોચરી અનહદ ધુન ગાજે,
અનહદ મુનીજન પુરૂષ બીરાજે (૨)
અનેક કોટ કાયામેં વાજે (૨)
કોઇ ગુરૂકે સંગમસે (૨)—તમે૦
ચાચરી ભુચરી ખેચરી માયા,
વાસના પુત્રી રહી છુપાયા (૨)
જારીતીઆં કને જોત જમાયા (૨)
કોઇ ગુરૂકે ઇલમસે (૨)—તમે૦

૧૮

જીને કીયા બ્રહ્મસે નેડા, સોઇ સદ્‌ગુરુ મેરા (૨)
મુળ કમળ તો બોત દબાયા, ઉલટા કમળ લઇ સુલટાયા; (૨)
ધીરે ધીરે પવન ચલાયા હરદમ (૨) હેરા ભાઇ—જીને૦
મુળ કમળ તો ખટદળ જેશા, વામે લેન કીયા પરવેશા; (૨)
આગે હૈય અજરાયલ દેશા (૨) નાભી નીવેડા—જીને૦
નાભી પીછમસે લે પરવરીઆ, ધરકુ લેન અધર પર ધરીયા; (૨)
ઉગા અરકસે અમૃત ઝરીઆ, (૨) જદ ચઢીયા સુમેરા—જીને૦
સુનસીખરગઢકીયા અસ્થાના, વાજે અનહતતબલનીશાના; (૨)
જાઈ ગગન મંડળ ઠેરાના (૨) તો ડગે ન ડેરા—જીને૦
જાહેર જોગી સોઇ ન પાવે, સુન ચઢે તો અસમાન બતાવે; (૨)
રવીદાસ વાકુ શીશ નમાવે (૨) ભાણુકા ચેરા—જીને૦

૧૯

અબ મોયે ઘટમે પ્રગટી ગંગા,
જબ મોયે સદ્‌ગુરૂ મળીઆ ચંગા; (૨)
ભુતળ ભેદ ભભક ભક નીકશી,
તો પાપ નહિ તંગારે; (૨)
લહેર મહેર સતસંગત દૃઢમે,
ઘેરી જ્ઞાન સુરંગા—અબ મોયે૦

તાબીચ કમળ અમલ મુખવાણી,
શીતળ બાસ સુગંધારે; (૨)
ભમર અમર મન કરત કીલોલા, (૨)
સર—સતી પ્રેમ ઊમંગા—અબ મોયે૦

નવદળ ઝળકલ સકલ અકલ કલ,
પાવત કોઇ ઉતંગારે; (૨)
બાહેર મત દેખો હે દલ ભીતર, (૨)
જો હોવે ચીત ચંગા—અબ મોયે૦

પાવન પીંડ કરે એક પલમેં,
રોમ રોમ હરિ રંગા રે; (૨)
હર હર કર હરિદાસ ઝીલીએ, (૨)
મીલકર સંત પ્રસંગા—અબ મોયે૦

૨૦

સદ્ગુરૂ નીરવાણી, નીરવાણી,
અરે જેની મુક્તી ભરે છે પાણી—સદ્ગુરૂ૦
અષ્ટ સીદ્ધિ નવ નીદ્ધિ કરે મજુરી,
ઓર વિધાતા શાણીરે; (૨)
ચંદા સુરજ દોનુ ભયે સંગાથી, (૨)
સુરતી સેજ સમાણી—સદ્ગુરૂ૦

ચાર વેદ ને વ્યાકરણ વાણી,
અષ્ટાદશ પુરાણીરે; (૨)
તે પણ ઇચ્છે અગમ અગોચર (૨)
નીગમ તેવી વખાણીરે—સદ્‌ગુરૂ૦
ધર્મ અર્થ ને મોક્ષ મુક્તી પદ,
બેલ ફરે જેમ ઘાણીરે; (૨)
શુદ્ધ ભક્તી બીના ચાર પદારથ (૨)
કાગ વીષ્ટા સમાનીરે—સદ્‌ગુરૂ૦
વર્ણાશ્રમ ને ભેદ અભેદા,
ગગને લહેર સમાણીરે; (૨)
કહેત કબીરા સુનો ભાઇ સાધુ (૨)
અગમ અગોચર એંધાણી—સદ્‌ગુરૂ૦

૨૧

ગુરૂગમ વિનારે, આતમ ચીન્યા વિનારે;
ભ્રમના ભાંગ્યા વિનારે, લખ ચોરાસી નહીં મટેરે હોજી.
કાગડો ને કોયલરે, રૂપે રંગે એક છે હોજી (૨)
એતો એના બોલ થકી ઓળખાય,
એતો એના, હાં, બોલ થકી ઓળખાય—ગુરૂગમ વિનારે.
હંસલો ને બગલોરે, રૂપે રંગે એક છે હોજી, (૨)
એતો એના ચારા થકી ઓળખાય,
એતો એના, હાં, ચારા થકી ઓળખાય—ગુરૂગમ વિનારે.

નુગરાને સુગરારે રૂપે રંગે એક છે હોજી, (૨)
એતો એની ક્રીયા થકી ઓળખાય,
એતો એની, હાં, ક્રીયા થકી ઓળખાય—ગુરૂગમ વિનારે.
પતિવ્રતા ને વેશ્યારે રૂપે રંગે એક છે હોજી, (૨)
એતો એના નેણ થકી ઓળખાય,
એતો એના, હાં, નેણ થકી ઓળખાય—ગુરૂગમ વિનારે.
મછંદરનો ચેલોરે, અબધુત ગોરખ બોલીયા હોજી, (૨)
અમને દેજો સંતોના ચરણોમાં વાસ,
અમને દેજો, હાં, સંતોના ચરણોમાં વાસ—ગુરૂગમ વિનારે.

ઇશ્વરસ્વરૂપ વિષે.

ઈશ્વર સૌથી મોટા છે.

૨૨

તું અગાધ પરબ્રહ્મ નિરંજન, કો અબ તોહીં લહેરે;
અજર અમર અવિગત અવિનાશી, કૌન રહનિરહેરે—તું૦
બ્રહ્માદિક સનકાદિક નારદ, શેષ હું અગમ કહેરે;
સુંદરદાસ બુદ્ધિ અતિ થોરી, કેસે તોહીં ગ્રહેરે—તું૦

૨૩

તું અગાધ, તું અગાધ, તું અગાધ દેવા, (૨)
નિગમ નેતિ નેતિ કહે, જાને નહિ ભેવા—તું અગાધ૦

બ્રહ્માદિક વિષ્ણુ શંકર, શેષ હુ બખાને, (૨)
આદિ અંત મધ્ય તુમહિં, (૨) કોઉ નહીં જાને—તું૦
સનકાદિક નારદાદિક શારદાદિક ગાવે; (૨)
સુરનર મુનિજન ગંધર્વ, (૨) કોઉ નહીં પાવે—તું૦
સાધ બિધ થકિત ભયે, ચતુર બહુ શ્યાને; (૨)
સુંદરદાસ કહા કહે, (૨) અતિ હા હૈરાને—તું૦

ઇશ્વર નિરાકાર છે.

૨૪

ઐસા દેશ હમારા સાધો, ઐસા દેશ હમારા હૈ (ટેક)
અલખ અચિંત્ય અરૂપ અનામી,
ગુણ અવગુણ તેં ન્યારા હૈ (૨)—ઐસા૦
અગમ અગાધ અનંત અનાદિ,
અચલ અખંડ અપારા હૈ (૨)—ઐસા૦
સત્ ચિત્ આનંદ પરમ મનોહર,
સબ જીવનકા પ્યારા હૈ (૨)—ઐસા૦
મનસેં પરે બુદ્ધિસેં બાહેર,
નિર્ભય રામ બીચારા હૈ (૨)—ઐસા૦
કહત કબીરા સુનો ભાઇ સાધો,
એ પ્રભુ હમ નિરધારા હૈ (૨)—ઐસા૦

ઇશ્વર સાકાર છે.

૨૫

હમ સાકાર ઉપાસીવે, સબ ગોકુલકે બાસીવે (૨)
ઉદ્ધવ તુમ અદ્વૈતબ્રહ્મ કહો, નિરાકાર ગુન હીને (૨)
પ્રેમીજનકા પંથ નહીં હમ, શુષ્કજ્ઞાની તુમ ચિન્હે-હમ.
લલિત ત્રિભંગી છેલ ફાંકડે, નટવર નાથ હમારે (૨)
નિર્ગુણ બ્રહ્મસો ધામહે ઉનકા, સમઝત સમઝનહારે-હમ.
જગકર્તાકું રૂપ નહીં તો, જગકું કાંહાંસે આયા ? (૨)
કારન જેસા કારજ હોવે, ન્યાયશાસ્ત્રમેં ગાયા-હમ.
ઐશ્વર્યાદિ ષડ્ગુન સંયુક્ત, નિર્ગુન કેસે કહીએ (૨)
અજાત્રિગુનપર શુદ્ધ સત્યહરિ, નિરખત સબસુખ લૈયે-હમ.
ભક્ત નેત્ર ભૂષણ મહા રાધા, વર શ્રીકુંજબિહારી (૨)
દાસ દયાકે પ્રાણજીવન ધન, શ્રીગોવર્ધન ધારી-હમ.

ઇશ્વર સગુણ છે.

૨૬

હમતો કૃષ્ણ છબીલો ગાવે (૨) (ટેક)
તેરો નિર્ગુન બ્રહ્મ હમે નહીં ભાવે (૨)-હમતો૦
ગિરધર ગુન રૂપકે રાશી (૨)
બ્રહ્મ ભજે જે કોઇ હોય ઉદાસી-હમતો૦

જલકું કયા સુખ હોય જલપાના (૨)
લવણકું કયા સુખ સિંધુ સમાના?—હમતો૦
જયામેં દાસ ભાવ ઉઠ જાવે (૨)
જુગલ નહીં વહાં કયા સુખ પાવે?—હમતો૦
દાસ સદા હમ શ્રીજી સ્વામી (૨)
માગે દયો ગુરૂ પદ શીશ નામી—હમતો૦

ઈશ્વર આ જગત્‌થી નીરાળો છે.

૨૭

તું તો ન્યારો રહીને ખેલેરે નારાયણારે (૨) (ટેક)
તારી ઇચ્છા તે સૌ માયા, તેમાં સઘળા ભેદ સમાયા (૨)
તું નિર્ગુણ પણ ગુણ તુજમાં દીસે ઘણારે (૨)—તું તો૦
પવન પાવકનો પિંડ બનાવે, તેમાં ચૈતન્ય તારૂં આવે (૨)
તુજ ડહાપણ જોતામાં કાંઇ નહીં મણારે (૨)—તું તો૦
નટ જેમ પટને ઓથે રહેછે, સકળ પુતળાં નાચ કરેછે (૨)
તેમ તારા કરમાં સર્વેના તાતણારે (૨)—તું તો૦
એક કળે સૌ જગત હલાવે, ચમકદૃષ્ટિ જેમ લોહ ચલાવે (૨)
ઇચ્છા, જ્ઞાન, ક્રીયા, ગુણ, તારા સોહામણારે (૨)—તું તો૦
તું ખેલે છે બાજી તારી, એમાં ન પહોંચે બુદ્ધિ અમારી (૨)
છોટમ તુજને ભજતા ભાંગે ભ્રમણારે (૨)—તું તો૦

સૌનો ઈશ્વર એક છે.

૨૮

એહી હમારે શ્રીનાથજી (ટેક)
વહાલો ભવ તારણ હાર—જુગ તારણ હાર—એહી૦
દેવ ન જાચું દુસરો રે, મન કિયો રે બીચાર;
દેવ ન જાચું દુસરો—હાંરે મન કિયો રે બીચાર—એહી૦
જપતપ તીરથ કૌન કરેરે, જપતપ તીરથ અપાર;
જપતપ તીરથ કૌન કરે-હાંરે જપતપ તીરથ અપાર-એહી૦
શોચ સમય શાંતિ ભર્યો રે, મન માન્યો રે મુરાર;
દોઉ અક્ષર સુરદાસ કહે, યેહી સબ સારમેં સાર—એહી૦

૨૯

લાવણી.

એ છે નિરાકાર સાકાર, એનો કોઇ નથી પામ્યા પાર (ટેક)
રૂષિયો હાર્યા મુનિયો હાર્યા, હાર્યા સંત મહંત (૨)
વેદ પુરાણો પાર ન પામ્યા, એવો ઇશ અનંત—એ૦
સહસ્ર અઠયાસી સિદ્ધ ચોરાશી, સનકાદિક શુકદેવ (૨)
ભાવ ધરીને ભજન કર્યાની સૌને જુદી ટેવ—એ.
રામ કહે કોઈ કૃષ્ણ કહે કોઈ દેવી કહે કોઈ શીવ (૨)
જેવું જેના ગુરૂએ ગાયું, તે માને તે જીવ—એ૦

મન્ત્ર તમારા ગુરૂ તમારા, શાસ્ત્ર અને વળી સેવ (૨)
જ્યાં ફાવે ત્યાં પાપ તજીને, ભજજો જગનો દેવ–એ૦

૩૦

ક્યાં જીવ કિયાં જગદીશ, જાણો જુજવી એ જાત છે રે;
મર આપીએ સો સો શીશ, તોય અણમળ્યાની વાત છેરે.
ક્યાં કીડી કરી મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છેરે;
ક્યાં પુરણ પુરષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છેરે.
અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકનેરે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઓધારવા એ અનેક નેરે.
તિયાં થાય તેનો મેળાપ, જ્યારે નર તનુ ધરે નાથજીરે;
એમ કહે નિષ્કુલાનંદ, ત્યારે મળાય તેને સાથજીરે.

સંત વિષે.

૩૧

સંતનકે સંગ લાગરે, તેરી આછી બનેગી (ટેક)
હંસનકી ગતિ હંસહી જાને (૨) કોઇ ન જાને કાગરે-તેરી-સંત.
સંતનકોસંગપૂર્ણકમાઇ (૨) હોઇબડોતેરો ભાગરે-તેરી–સંત.
ધ્રુવકીબનીપ્રલ્હાદકીબનગઈ(૨)હરિસમરણ વૈરાગરે-તેરી-સં
કહતકબીરાસુનોભાઇસાધુ(૨) રામભજનકોલાગરે–તેરી–સંત.

૩૨

મળે જીવનમુક્ત હરિતણા, ટળે અંતર તનમન તાપ
એવો સંગ સંતનો.
ફરે અવેવ આરે શરીરનાં, પરા પલાયે પંડના પાપ—એ.
જેમ કીટ મટી થાય ભમરી, તેને કીટ કહે નહીં કોય—એ.
જેમ પારસ પરશે લોહને, તે તો હેમ હેલા માંય હોય—એ.
જેમ ચંદન વાસથી વૃક્ષને, કરે ચંદન સમાન સોય—એ.
જેમ મલીન જળ મળે જાન્હવી, તેને તરત કરેગંગતોય—એ.
તાંબામોર પલટે છે પાણીએ, કરે કંચનમય રસ રૂપ—એ.
તેમ સદ્ગુરૂ મુખીયા સંતથી, થાય જન તે સંતસ્વરૂપ—એ.
શૂક નારદ વ્યાસ ને વાલ્મીકિ, તેતો ઇશ્વર કહાવીયાઆપ-એ.
ધ્રુવ અમરીષ પ્રહ્લાદ વિભીષણ, થયા સુખીયા સંતપ્રતાપ-એ.
સંત સર્વે સુખી થવા ઠામ છે, તેતો પ્રસિદ્ધ કહેછે પુરાણ—એ.
મન કર્મ વચને માનજો, કહે નિષ્કુલાનંદ નિર્વાણ—એ.

૩૩

ઓ ભાઇરે શાન્તિ પમાડે, તેને તે સંત કહીએ;
એના દાસના દાસ થઇને રહીએ—ઓ૦
વિદ્યાનું મૂળ મારા ગુરૂએ બતાવ્યું
ત્યારે મેતાનો માર શીદ ખાઇએ (૨)

કીધા ગુરૂજી ને બોધ નવ આપે
ત્યારે, તેના ચેલા તે શીદ થઇએ—ઓ૦
વૈદ્યની ગોળી ખાતાં દુઃખ નવ જાય
ત્યારે, તેની ગોળી તે શીદ ખાઇએ (૨)
લીધા વળાવા ને ચોર જ્યારે લુટે
ત્યારે, તેની સોબતે શીદ જઇએ—ઓ૦
કલ્પવૃક્ષ સેવીએ ને દારિદ્રય ઉગે
ત્યારે તેની છાયામાં શીદ રહીએ (૨)
રાજાની નોકરીમાં ભૂખ નવ ભાગે
ત્યારે, તેની વેઠે તે શીદ જઇએ—ઓ૦
નામ અમૂલ્ય મારા ગુરૂએ બતાવ્યું
ને તે તો ચોટયું છે મારે હૈયે (૨)
મહેતા નરસિંહાની વાણી છે સારી
શામળાને શરણે જઇએ—ઓ૦

૩૪

સાધુ તે જનનો સંગ, બાઇ, મારે ભાગ્યે મળ્યો છે,
મોટા પુરૂષનો સંગ, બાઇ, મારે ભાગ્યે મળ્યો છે. (ટેક)
મોટા પુરૂષનાં દર્શન કરતાં (૨)
ચડે છે ચોગણો રંગ—બાઇ૦

અડસઠ તિરથ મારા સંતને ચરણે (૨)
કોટિ કાશી ને કોટી ગંગ—બાઇ૦
દુરિજન લોકુનો સંગ ન કરીએ (૨)
પાડે ભજનમાં ભંગ—બાઇ૦
નિંદાના કરતલ નરકેરે જાશે (૨)
ભોગવશે થઇ ભોરિંગ—બાઇ૦
મીરાં કહે બાઇ સંત ચરણુરજ (૨)
ઉડીને લાગ્યો મારે અંગ—બાઇ૦

૩૫

નંદ નંદન કે પ્યારે, આયે મેરે નંદ નંદનકે પ્યારે (ટેક)
માલા તિલક મનોહર બાના (૨)
ત્રિભુવનકે ઉજીઆરે—એહાં ત્રિભુવનકે૦—આયે૦
પ્રેમ સહીત બસત મેરે ઉરમેં (૨)
નેક ન જાત હુ ટારે—એહાં નેક ન જાત૦—આયે૦
હૃદય કલમ કે મધ્ય બીરાજીત (૨)
શ્રી નંદરાય દુલારે—એહાં શ્રી નંદરાય૦—આયે૦
કયા જાનું કછુ પુણ્ય પ્રગટ ભયો (૨)
મેરે ઘરજુ પધારે—એહાં મેરે ઘરજુ૦—આયે૦
પરમાનંદ કરી ન્યોછાવર (૨)
તનમનધન સબ વારે—એહાં તનમનધન૦—આયે૦

૩૬

ધન્ય આજ ઘડી, સંત પધારી પ્રેમે પાવન કીધાં;
અતિ આનંદ અપાર, દયા કરીને અમને દરશન દીધાં.

હરિજન છે હરિ સરખા હેલીરે,
એને મળીએ મરજાદા મેલીરે;
થાય અરસપરસ આનંદ હેલીરે—ધન્ય૦

સંત શરણે જઇએ તો સુખ ઘણુંરે,
ડગલે ડગલે ફળ યજ્ઞ તણુંરે;
એની સેવાના રે ફળ શારે ભણુંરે—ધન્ય૦

સંત વૈકુંઠપતિને અતિ પ્યારા રે,
સંત બ્રહ્માનંદ રસ પીનારારે;
એવા સંતનથી નથી હરિ ન્યારારે—ધન્ય૦

સંત ભેટેરે ભવદુઃખ દૂર પળે રે,
પરમારથપણે પરિબ્રહ્મ મળે રે;
એનું લક્ષ ચોરાશીનું ગમન ટળેરે—ધન્ય૦

કહે પ્રીતમ પુરવના પુણ્ય ફળ્યારે,
જેને આંગણે હરિજન આવી મળ્યારે;
તેને ઉર આનંદના ઓઘ વળ્યારે—ધન્ય૦

૩૭

હાંરે હરી વસે હરીના જનમાં (૨)
હાંરે તમે શું કરશો જઇ વનમાંરે—હરી૦
ભેખ ધરીને તમે શીદ ભટકો છો (૨)
પ્રભુ નથી કોઇ અરણ્યમાંરે—હરી૦
કાશી જાવો ને તમે ગંગાજી નાહવો (૨)
પ્રભુ નથી પાણી પવનમાંરે—હરી૦
જોગ કરો ને તમે જગન કરાવો (૨)
પ્રભુ નથી હોમ હવનમાંરે—હરી૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ (૨)
હરી વસે છે હરીના જનમાંરે—હરી૦

૩૮

વહાલારે સંતને જય જય સીતારામ,
હાંરે મારી હાલતી વેળાના રામો રામ;
હાંહાંરે મારા ગુરૂને કહેજો પ્રણામ—વહાલારે૦
ક્યાં થકી આવ્યા ને ક્યાં તમે જાશો (૨)
હાંરે તમે ક્યાંરે કરશો વિશ્રામ—વહાલારે૦
સતસંગ કરવો ભવસાગર તરવો (૨)
હાંરે કાયા પડીએલ પીપળ પાન—વહાલારે૦

રૂદીઆમાં રાખું ને ઘડી ના વિસારૂં (૨)
હાંરે મારે જુગના જીવન સાથે કામ—વહાલારે૦
સત્સંગમાં એક હંસ બીરાજે (૨)
હાંરેજીવને હોયરે આગળની ઓળખાણ-વહાલારે૦
દાસ જીવણ સંતો ભીમકેરે ચરણે (૨)
હાંરે આપણે જાવું છે વૈકુંઠધામ—વહાલારે૦

૩૯

મળેતો મને હરિજન મળજોરે (૨) દુરિજન દૂર પળજોરે (૨)
હરિજન મારા આવીઆ, હસી અમારી દેહ (૨)
રોમ રોમ રંગ લાગી રહ્યો ભાઇ (૨)
જેમ વાદળ વરસે મેઘ—મળેતો મને.
હરિજન મારા આત્મા, મેં હરિજનની દેહી (૨)
રોમ રોમ રંગ લાગી રહયો ભાઇ (૨)
જેમ નેનાંમાં અટકે સ્નેહી—મળેતો મને.
હરિજન હીરાની ગાંઠડી, ગરજ વિના મત ખોલ (૨)
કોઇ મળશે હીરાનો પારખુ (૨)
તો લેશે મોંઘે મુલ—મળેતો મને.
હરિજન મારા સુઈ રહયા, એની ચોકી કરે ભગવાન (૨)
દાસ કબીરજીની વિનતી ભાઇ (૨)
એના ચરણ કમળ વીશ્રામ—મળેતો મને.

ભગત લક્ષણ વિષે.

૪૦

તાદૃશી જન તેને જાણીએ, જેમાં એવા ગુણ હોય;
નિંદા સ્તુતિ કોઇની નવ કરે, સઘળું સમદૃષ્ટિ જોય–તાદૃશી.
જેના તે દર્શન માત્રથી, ટળે પ્રપંચનું ધ્યાન;
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નસાડે અજ્ઞાન–તાદૃશી.
ગુણ ગાયે ગોવિંદના, પ્રફુલ્લિત તન થાય;
નેત્ર પ્રવાહ વહે પ્રેમનો, હરખે હૃદય રૂંધાય–તાદૃશી.
પરદુઃખ દેખી દાઝે ઘણું, નવ કરે કોઇનો દ્રોહ;
ઇંદ્રિયજીત સાચા સદા, ન પામે મન મોહ–તાદૃશી.
સકળ સચરાચરને વિષે, વસ્યા દેખે ભગવાન;
શુભ ઈછે સર્વ જગતનું, લેશ નહિં અભિમાન–તાદૃશી
સઘળી લીલા તે અવિનાશીની, જેમાં લુબ્ધ જેનું મન;
પ્રીતિ બહુ પરઉપકારમાં, સદા પ્રસન્ન વદન–તાદૃશી.
નટવર ઝળકે નેણમાં, કાંતિ કરૂણામય હોય;
શાંત સ્વભાવ સંતોષ બહુ, દોષ કોઇનો નહિ જોય–તાદૃશી.
હરિજન વૈષ્ણવને વિષે, જેને અતિ ઘણું વહાલ;
દૃઢ આશરો દીનતા ઘણી, બોલે વચન રસાલ–તાદૃશી.
વિઠ્ઠલતા વિઠ્ઠલેશસું, મુખે કૃષ્ણનું નામ;
એવા ભગવદીના દાસના, હરિદાસ ગુણ ગાય–તાદૃશી.

૪૧

ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઉલટી પલટયું આપ;
એવા જન હરિતણા.
આપટળીમળ્યાભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ-એ.
જેનાશીશમાં શીશછે શામનું, જેના નેણમાં નાથના નેણ-એ.
જેનામુખમાંમુખમહારાજનું, જેના વેણમાં વહાલાનાવેણ-એ.
જેના કાનમાંકાન શ્રીકૃષ્ણના, જેના નાકમાં નાસિકા નાથ-એ.
જેનીજીભ્યામાંજીભ્યાજીવનની, જેનાહાથમાં હરિનો હાથ-એ.
જેના હૃદમાં હૃદય હરિતણું, જેના પાવમાં હરિનો પાવ-એ.
જેમ હીરો હીરાવડે વેધીયો, તેમ થયો તે સહજ સમાવ-એ.
એમ સંતમાં રહ્યા શ્રીહરિ, માટે સંત તે સુખનું ધામ-એ.
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન જો, તેને રહેવાનું સંત છે ઠામ-એ.
એવા સંત શિરોમણી ક્યાં મળે, જેણે દેહ બુદ્ધિ કીધી દુર-એ.
કહે નિષ્કુલાનંદ એને સંગે, ઉગે, અંતરે આનંદ સુર-એ.

૪૨

સાચા સંત તે દુઃખ દે તેને, પણ સુખ દે મન સાચેરે;
દોષ ન રાખે કલ્યાણ તેનું, પ્રભુ પાસે જાચેરે-સાચા૦
વણ અપરાધે પ્રલ્હાદ પીડયો, હિરણ્યકશ્પુ અભાગીરે;
શ્રીનરહરિ પાસે પ્રલ્હાદે, તેની પણ ગતિ માગીરે-સાચા૦

પાંચ પુત્ર પાંચાળી કેરા, અશ્વત્થામાએ માર્યારે;
ભીમસેન હણતા હુતા ધરી, દયા દ્રોપદી વાર્યારે—સાચા.
સાધુપણું તું શીખ વૃક્ષથી, પીડા સહી પર પોષેરે;
દયા પ્રીતમને તે જન વહાલો, રિપુ રંજે ચિત્ત તોષેરે—સાચા.

ભક્તિ વિષે

૪૩

સંતો ભક્તિરૂપી એક સાચી કમાઈ,
સાચી કમાઇ તેમાં બેસે ન પાઈ—સંતો૦
કોટી જનમના ક્લેશ રે જાયે (૨)
ટાળી દે પલમાં આ ભવની ભવાઇ—સંતો૦
નરતન દેહ પછી દુર્લભ મળવો (૨)
જીતેલી બાજી તે હારવી ન ભાઇ—સંતો૦
નરહરી એક પ્રભુને ભજી લે (૨)
નાખીને સો મણ રૂની તળાઇ—સંતો૦

૪૪

ભક્તિ મહાબળવંતીરે વહાલો વશ થઈ આવે ઘેર (ટેક)
ભક્તિને વશ થઇને વહાલો, વસીયા ગોકુળ ગામ;
આહીરડાને લાડ લડાવ્યા, એવા સુંદર શ્યામ—ભક્તિ.

વેદ પુરાણ પોકારે હરીનું, પતીત પાવન નામ;
એ પાંડવની સાથે રહીને, સઘળાં કીધાં કામ—ભક્તિ.
અંબરીખને હેતે અવતરીયા, ભક્તન કેરે ઘેર;
રઘુનાથ કહે પામ્યા કેરી, એ પુરવની પેર—ભક્તિ.

૪૫

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મ લોકમાં નાંહીરે (૨)
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહીરે–(ટેક.)
હરિના જનતો મુક્તિ ન માગે, જનમો જનમ અવતારારે;
નિત્યસેવા નિત્ય કીર્તન ઓછવ, નીરખવા નંદકુમારારે–ભૂ.
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયારે;
ધન્યધન્યરે એના માતપિતાને, સફળ કરી એની કાયારે–ભૂ.
ધન્ય વૃંદાવન ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજના વાસીરે;
અષ્ટમા સિદ્ધિ આંગણીયે ઉભી, મુક્તી છે એની દાસીરે–ભૂ.
એ રસનો સ્વાદ શંકર જાણે, જાણે શુકદેવ જોગીરે;
કંઇ એક જાણે વ્રજની ગોપી, ભણે નરસૈયો ભોગીરે–ભૂ.

૪૬

ભજનકો પરિમાન, એસો હરિ, ભજનકો પરિમાન;
નીચ પાવે ઉંચ પદવી, જલ તરે પાષાણ–એસો૦
અધમ ભીલડી અજાત ગુનકા, ચડી જાત વિમાન;
નામ લઇ વૈકુંઠ પામી, બાજતે નીશાન–એસો૦

ચલત તારા ને ચલત મંડલ, ચલત શશી ઓર ભાન;
દાસ ધ્રુવકું અવિચલ પદવી, રામકે દીવાન—એસો૦
રાવણકે દશ શીશ છેદે, કર ગૃહે સારંગપાણ;
બીભીષણકું લંકા દીની, ભક્ત અપનો જાન—એસો૦
નીગમ જાકી સાંખ પૂરે, સુનો સંત સુજાન—એસો૦
દાસ તુલશી શરણ આયો, રાખીયે ભગવાન—એસો૦

૪૭

કાળ વ્યાલનો ડંખ ન લાગે, અમૃત નામ ઉચ્ચારે જોને;
પ્રેમ પ્રકાશ કરે ઘટ ભીતર, દુર્મતિ દુર નિવારે જોને.
ચિંતામણિ ચિંતાને ટાળે, વાત લેજે માની જોને;
જે પંખી સુરતરૂને સેવે, તેને ચિંતા શાની જોને.
હરિનું સ્મરણ કરે નિરંતર, તેને સંકટ શાનું જોને;
નૌકા સૌને પાર ઉતારે, કોણ મોટું કોણ નાનું જોને.
ઉંચ નીચનું અંતર ન મળે, હરિને ભજે તે હરિનો જોને;
તે પ્રાણી ન પડે માયામાં, વાસી વૈકુંઠ પુરીનો જોને.
જેને માથે ગીરધર ગાજે, તેને શાનો ટોટો જોને;
પ્રીતમ પ્રભુનું ભજન કરશે, તે સરખો નહીં મોટો જોને.

૪૮

રામરતન ધન પાયો, મૈયા મેં તો રામરતન ધન પાયો (ટેક)
સત સંગત સદ્‌ગુરૂકી કૃપાસેં (૨)

તો ભાગ્ય બડો બની આયો—મૈયા મેં તો રામ૦
ખરચ્યો ન ખુટે વાકુ ચોર ન લુટે (૨)
તો દિન દિન હોત સવાયો—મૈયા, મેં તો રામ૦
નીર ન ડુબે વાકું અગ્નિ ન જાલે (૨)
તો ધરણી ધર્યો ન સમાયો—મૈયા, મેં તો રામ૦
નામકો નાવ ભજનકી બતઇયાં (૨)
તો ભવસાગરસે તાર્યો—મૈયા, મેં તો રામ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર (૨)
તો ચરન કમલ ચિત્ત લાયો—મૈયા, મેં તો રામ૦

૪૯

ધન્ય જેણે હરિગુણ ગાયા–સંસારીયામાં૦ ધન્ય૦
બીજા સૌ જાણજો ભવાયા–સંસારીયામાં૦ ધન્ય૦
હાથી ઘોડા ને સુખપાલ બેઠે શું થયું (૨)
શું થયું મેળવી માયા–સંસારીયામાં૦ ધન્ય૦
કંઠ સાહીને જમ કાઢશે પલકમાં (૨)
દુર રહેશે સુત વિત્ત દારા–સંસારીયામાં૦ ધન્ય૦
દયાના પ્રીતમ ભજો નંદના કુંવરને (૨)
સફળ થાશે તારી કાયા–સંસારીયામાં૦ ધન્ય૦

૫૦

નિર્મળ ભક્તિપદારથ સાચું રે (૨)
માયાનું લારૂં સર્વે કાચું રે (ટેક)
અતિ ઉદાર સમાગમ સંતનો (૨)
પ્યારા અધ્યાત્મમેં મન રાચું રે (૨)—માયાનું૦
સંસાર સાર સ્વપ્નવત જાણો (૨)
પ્યારા કરો કલ્પના કાચું રે (૨)—માયાનું૦
તનમનધન પ્યારા શ્યામને સમર્પો(૨)
પ્યારા નિજ મંદીરમેં નાચું રે (૨)—માયાનું૦
જા મુખસેં પ્રભુનામ નહી નીકસો (૨)
પ્યારા જાનો દાદુર કેરો દાચો રે (૨)—માયાનું૦
દાસ દુવારકા ભક્તિ ભૂધરકી (૨)
પ્યારા જનમો જનમ ભક્તિ જાચું રે(૨)—માયાનું૦

૫૧

ગોવિંદ લીયો મોલ,
બાઇ મૈને, ગોવિંદ લીયો મોલ—ગોવિંદ લીયો.
કોઇ કહે હલકાને, કોઇ કહે ભારી (૨)
લીયો હે તારાજુમેં તોલ, બાઇ મૈને—ગોવિંદ લીયો.

કોઇ કહે સસતા ને, કોઇ કહે મોંઘા (૨)
કોઇ કહે અનમોલ, બાઇ મૈને—ગોવિંદ લીયો.
બન્દ્રાબનકી કુંજ ગલનમેં (૨)
લીયો હે બજાકે ઢોલ, બાઈ મૈને—ગોવિંદ લીયો.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગર (૨)
પુરવ જનમકા બોલ, બાઇ મૈને—ગોવિંદ લીયો.

૫૨

રામ રમકડું જડીયું, રાણાજી મુને રામ રમકડું જડીયું (૨)
રૂમઝુમ કરતું મારે મંદિરે પધાર્યું (૨)
કોઇના હાથે, થી નથી ઘડીયું—રાણાજી મુને.
મોટા મોટા મુનીજન, મથી મથી થાકયા(૨)
હારે કોઇ, વીરલાને હાથે જડીયું—રાણાજી મુને.
શુન્ય શીખરના ઘાટા ઉપર (૨)
અગમ અગોચર નામ પડીયું—રાણાજી મુને.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ (૨)
આરૂં ચીત, સામળીયા શું ભળીયું—રાણાજી મુને.

૫૩
ભક્તિમાં શરમ ન કરવા વિષે.

તમે નામ નારાયણનું રે લેતાં ડરશો મા;
તમે ડરતા હોતો રે, ફરીને કોઈ લેશો મા. (ટેક)
સંસારી કહે છે રે, ભગતડા ભુંડા છે (૨)
તમે ભુંડા ન જાણજો રે, ભક્તિના મૂળ ઉંડાં છે—તમે૦
સંસારી કહે છે રે, ભગતડાં કાલાં છે (૨)
તમે કાલાં ન જાણજો રે, પ્રભુને બહુ વહાલાં છે—તમે૦
સંસારી કહે છે રે, ભગતડાં ઘેલાં છે (૨)
તમે ઘેલાં ન જાણજો રે, પ્રભુને મન પહેલાં છે—તમે૦

૫૪

ભાવે ભજતાં તે ત્રિભોવન નાથ, શરમ તેમાં શાની કરવી રે;
વ્હાલો રીઝવતાં વિશ્વનાથ, શરમ તેમાં શાની કરવી રે.
સેવે બુઢ્ઢાબાળાને જેને જવાન, શરમ તેમાં શાની કરવી રે;
ધનવાન અને વિદ્વાન, શરમ તેમાં શાની કરવી રે.
ભજી ગયા છે જેને મોટા ભૂપ, શરમ તેમાં શાની કરવી રે;
ધ્રુવ પ્રલ્હાદ રાજાના પુત્ર, શરમ તેમાં શાની કરવી રે.
ઓધવ અક્રૂર ને અંબરીખ, શરમ તેમાં શાની કરવી રે;
રાજા ખટ્વાંગ જનક પરીખ, શરમ તેમાં શાની કરવી રે.

તજ્યું ભરતે જેને માટે રાજ, શરમ તેમાં શાની કરવીરે;
મીરાંબાઇએ ન રાખી છે લાજ, શરમ તેમાં શાની કરવીરે.
કર જોડી કહે દાસોના દાસ, શરમ તેમાં શાની કરવીરે;
અંતે જાવું છે પ્રભુજીની પાસ, શરમ તેમાં શાની કરવીરે.
કહે છે જાદવ નથી બુરૂં કામ, શરમ તેમાં શાની કરવીરે;
ભાવે ભજતાં તે શ્રી ભગવાન, શરમ તેમાં શાની કરવીરે.

ભક્તિ શુરાઓની છે તે વિષે.

૫૫

ભક્તિ શૂરવીરની સાચીરે, લીધા પછી કેમ મેલે પાછી.
મન તણો નિશ્ચય મોરચો કરીને, વધીયા વિશ્વાસી;
કામ ક્રોધ મદ લોભ તજીને, પછી ગળે દીધી ફાંસી—ભ૦
શબ્દના ગોળા જ્યારે છુટવા લાગ્યા, ને મામલે રહ્યા સૌ મચી;
કાયર હતા તે કંપવા લાગ્યા, નીશ્રે ગયા નાશી—ભ૦
સાચા હતા તે સન્મુખ ચડિયા, ને હરિ સંગાથે રહ્યા રાચી;
પાંચ પચીસને અળગા મેલ્યા, પછી બ્રહ્મ રહ્યો ભાસી—ભ૦
કરમના પાસલા કાપી નાંખ્યા, ભાઇ ઓળખ્યા અવિનાશી;
અષ્ટ સિદ્ધિની ઇચ્છા ન કરે, જેની મુક્તિ થઇ દાસી—ભ૦
તનમનધન જેણે તુચ્છ કરી જાણ્યા, અહર્નિશ રહ્યા ઉદાસી;
ભોજો ભગત કહે ભક્ત થયા, એતો વૈકુંઠના વાશી—ભ૦

૫૬

હરિનો મારગ છે શુરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મુકી, વળતી લેવું નામ જોને.
સુત, વિત્ત, દારા, શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને.
મરણ આગમે ભરે મુઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભો જુવે તમાસો, તે કોડી નવ પામે જોને.
પ્રેમપંથ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.
માથાં સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમા સ્વામીની લીલા, તે રજની દિન દેખે જોને.

૫૭

હરિરસ મોંઘેરે મૂલ છે, શીરને સાટે વેચાયજી;
શીરના સાટારે સંતો જે કરે, મહારસ તેને દેવાયજી—હરિ.
શીર દેતાં શંક નહીં, સનમુખ જયુંગત શુરજી;
પાછા તે પગલાં નહીં ભરે, સદ્‌ગુરૂ સામા હજુરજી—હરિ.
પ્રેમ પીયાલા જે પીએ, જીવન મુક્ત સો જાણજી;
શોક સંશયરે સાલે નહીં, પોંચે પદ નિરવાણજી—હરિ.

તનરે તોપો તૈયાર કરી, જ્ઞાન ગલોલા સારજી;
કામ ક્રોધ વેરી મારીયા, સદ્ગુરૂ નામ આધારજી—હરિ.
તનમન શુદ્ધ રે જ્ઞાને ગળ્યા, જેના હીમાળા માંયજી;
મરજીવા સો સુખ માણશે, એ સુખ મુખે ન કહેવાયજી—હરિ.
અભરે સાગરમાં ઝીલી રહ્યો, કીનારે શું કામજી;
અખંડઆનંદ અંગમાં રમી રહ્યો, મઞીદાસ કહે પરણામજી.
હરિરસ મોંઘેરે મૂલ છે, શીરને સાટે વેંચાયજી.

૫૮

વરમાળા તો વિઠલ વરની, છુટે છેડે ફરીએરે રાણાજી;
વર તો વીઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
લાજો કોની ધરીએ રાણા, કોના મલાજા કરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
કાગડાની બુદ્ધિ કાઢી નાખી, માણેક મોતી ચરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
સોનાં રૂપાં સઘળાં તજીએ, તીલક તુલસી ધરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
ચીરપટોળાં સઘળાં તજીએ, ધોળાં અંગે ધરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
શાલીગ્રામની સેવા કરીએ, સંતસમાગમ કરીએરે રાણાજી;
વર તો વિઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.

હરતા ને ફરતા સમરણ કરીએ,સંતની સાથે ફરીએરે રાણાજી;
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.
બાઇમીરાંકહેપ્રભુગીરધરના ગુણ,ચરણકમલ ચીત ધરીએરેરા..
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ.

૫૯

કોઇ કહે તેને કહેવારે દઇએ,
આપણે હરિ ભજનમાં રહીએરે;
આપણે પ્રભુ ભજનમાં રહીએરે—કોઇ૦
જગતને ભક્તને સદાય વેર છે,
તેમાં ભક્તપણું તે કોને કહીએરે;
ભક્તપણું તબ જાણીએ,
આપણે સૌના મેણલા સહીયેરે—કોઇ૦
હીરા ને કંકણ એકજ રંગા,
તેમાં હીરાપણું તે કોને કહીએરે;
હીરાપણું તબ જાણીએ,
આપણે ઘાવત ઘણેરા સહીએરે—કોઇ૦
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
આપણે ચરણ કમલ ચિત્ત દઇએરે—કોઇ૦

૬૦

નીંદા મારી ભલે કરોરે, કાંઇ કંચન કાટ ન લાગે—ટેક.
ધન્ય ધન્ય લોકો અક્કલ તમારી, કીડી ને કુંજર લડાવે હાં,(૨)
અણદીઠી અને વિના સાંભળી (૨) એતો બડી બડી બાત
ચલાવે—નીંદા૦
જે દીનકા મેં જોગ લીયા, તન તે દીનકા મેરા મુવા હાં,
કામ ધંધો મને કાંઇ ન સુઝે (૨) પછી જગતથી થયા
જુદા—નીંદા૦
જોગ લઇને જાતા રહેશું, હરી ભજવાને કાજે હાં,
જો ક્રીયામાં ચુક પડે તો (૨) ગુરૂજી મારો લાજે—નીંદા૦
આ દુન્યામાં કોઈ પલો ન પકડે, ને કેહેવું હોય તે કહેજો હાં,
જ્ઞાનદાસ ચરણે ગાવે ગંગારામ (૨) હરીચરણમાં રહેજો.
નીંદા મારી ભલે કરોરે, કાંઇ કંચન કાટ ન લાગે.

૬૧

જે દુઃખ થાય તે થાજોરે, રૂડા રામને ભજતા. (ટેક).
પિંડ પડે તોએ પડવારે દેજો, જીવ જાયે તો જાજોરે—રૂડા.
ઉંચે બાંધીને તળે અગ્નિ પ્રજાળે, માર મૂશળના ખાજોરે—રૂડા.
લોક નિંદે તેને નિંદવારે દેજો, રાજા દંડે તો દંડાજોરે—રૂડા.
હરિજનોનેદાસ રણછોડ કહેછે,ગુણતો ગોવિંદના ગાજોરે-રૂડા.

૬૨

જીવને સાટેરે, માળા મારા જીવને સાટેરે (૨)
શું મુકું મૃત્યુ ભય માટે, માળા મારા જીવને સાટેરે (ટેક).
ઉગ્ર તપે હું માળા પામ્યો, તે કેમ મુકી જાય (૨)
જો નરસૈયો માળા મુકે તો, ત્રણ લોક પ્રલે થાય–માળા.
નવસેં નવાણું અવળી ચાલે, ને સાતે સમુદ્ર સુકે (૨)
મેરૂ ચળે રવિ પશ્ચિમ ઉગે, નરસૈયો માળા ન મુકે–માળા.
તમે જોગી સર્વે વૈષ્ણવ થાઓ, મુજ પુઠે તાલ વગાડો(૨)
ભણે નરસૈયો યોગ ધરીને, શીદને જન્મ વણસાડો–માળા.

ભજનની જરૂરીઆત વિષે.

૬૩

ભજનવિના જીવડા દુઃખી, મન તું રામ ભજન કરીલે;
જીવ તું જાયગો જરૂર, મન તું રામ ભજન કરીલે.
લખરે ચોરાશી ફેરા ફિરેગો (૨)
હાંરે જીવ જનમી જનમી મરે– ભજન૦
માત પિતા તેરા દારા ને બંધુ (૨)
હાંરે વામેં કારજ કછુ ન સરે– ભજન૦

હસ્તી ને ઘોડા માલ ખજીના (૨)
હાંરે ધન ભંડાર ભર્યો ઘરમેં– ભજન૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ (૨)
હાંરે મેરો ચિત્ત ભજનમેં ધરે– ભજન૦

૬૪

હરિ નહીં ગાયો, જનમારો ગુમાયો;
જનમારો ગુમાયો, જનમારો ગુમાયો—હરિ૦
હરિજનકો સનમાન ન કીનો (૨)
અપનો કુટુંબ જીમાયો–ન ગાયો—હરિ૦
પરસ્ત્રી સંગ વિષય કે કારન (૨)
લખરે ચોરાશી ભટકાયો–ન ગાયો—હરિ૦
કહે સંત હરિ ભજ્યો નહીં તું (૨)
હીરો હાથસેં ગુમાયો–ન ગાયો—હરિ૦

હરિભજનની જરૂરીઆત વિષે.

૬૫

ગોવિંદ ગાવ, મન, ગોવિંદ ગાવ (૨)
રામકૃષ્ણ ભજવાનો આવ્યો છે દાવ—મન, ગોવિં૦
દુર્લભ નરદેહી તમે તત્પર થાવ (૨)
ભવસાગર તરવાને બેસવાને નાવ—મન, ગોવિં૦

ભગવતકથા સાંભળો ને હૃદયે રાખો ભાવ(૨)
સત્સંગરૂપી ગંગામાં પ્રેમે કરી ન્હાવ— મન, ગોવિંદ૦
બાઇ મીરાં કહે તમે હરિજન થાવ.(૨)
હરિકે ચરનમેં ચિત્ત લગાવ—મન, ગોવિંદ૦

૬૬

ભજનકેમ કરતો નથી પાજીરે,સીતારામ કેમ થાશે રાજી.(ટેક)
મહાદુઃખ ભોગવીને માયા મેળવી, તેને ઉંધો બેઠા દાટી(૨)
ખાધું નહીં ખવરાવ્યું નહીં, પછે જાતાં કુટે છાતી—ભ.
વિષય ભોગવતાં વંશ વાધ્યો, ને મુને ત્રુટા માજી (૨)
મમતાની ધાણીએ ફેરા ફરે, પછે તૃષ્ણા થઇ તાજી—ભ.
સોનું પહેરીને શોભા દેખાડે, ને માળામાં મન લાજી (૨)
ભક્તિવિના ભુંડા હાલ તમારા,એમકહી ગયા પંડિતકાજી-ભ.
માયાની ટીપણે લાય લાગી, તેને શું રે બેઠા ચાટી (૨)
કહે પ્રીતમભાઇ હરિભજ્યા વિના, અંતે સહુ ધૂળ માટી—ભ.

૬૭

દેવોને છે દુર્લભ એવો મનુષ્યા દેહ આ મળીયો,
તોય હજી હરિભક્તિમાં નથી ચિત્ત તમારો ચડિયો;
ચેતો નહીં તો મહા દુઃખ થાશે, ચોરાશીમાં જાતા,
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતા—દેવોને..

હરિભક્તિ ભૂલ્યા તો અંતે, શ્વાન શૂકર થઈ ભમશો,
રોમ રોમ નરકોમાં પડીને, ખુબ પીડા ત્યાં ખમશો;
ત્યાં વળી બુમ બરાડા દેશો, જમની મારો ખાતા,
તે કરતા શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતા—દેવોને.
હરિભક્તિ ભૂલ્યા તો અંતે, ખાવી પડશે એઠ,
વળી રાત દિન ભમવું પડશે, પુરૂં કરવા પેટ;
હડ હડ થઇ જન્મારો જાશે, લાત લાકડી ખાતા,
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતા—દેવોને.

૬૮

હરિભક્તિ કરનારે, પલકમેં હોવેગા મરના;
પલકમેં હોવેગા મરના;
અહો હરિજન હૃદય કમલમેં, હરિભક્તિ કરના. (ટેક)
કાકારે મામા કુટુંબ કબીલા, છોડ ચલે પ્યારે;
સમજ મન છોડ ચલે પ્યારે;
સ્વપ્નેમેં જો સૃષ્ટિ હોતી, એસા જગ સારે;
એસા જગ સારે રે—સમજ મન એસા૦—સ્વપ્નેમેં૦—
ધામ, ધરા, ધન, માલ, ખજાના, આખર નહીં અપના;
સમજ મન આખર નહીં અપના;
એક દિન સબ છોડકે જાના, મટીમેં ખપના;
મટીમેં ખપના રે—સમજ મન મટીમેં૦—એક દિન—

કામ, ક્રોધ, મદ, લોભ ન રખના કરના સુકૃતકુ;
સમજ મન કરના સુકૃતકુ;
એક નિરંજન નામ સમરના, ભવજલ તરનેકુ;
ભવજલ તરનેકુરે—સમજ મન ભવ૦ એક નિરંજન૦
જુઠ જગતકી છોડ વાસના જા સદ્ગુરૂ ચરના,
સમજ મન જા સદ્ગુરૂ ચરના;
અહો હરિજન હૃદય કમલમેં હરિભક્તિ કરના;
હરિભક્તિ કરનારે, પલકમેં હોવેગા મરના—અહો૦

૬૯

હરિસેં કોઇ નહીં બડા, દીવાના, ક્યું ગફલતમેં પડા (ટેક)
પ્રલ્હાદ બેટા હરિસેં લપટા(૨)જબખંભ કડકડા—દીવાના૦
ગોપીચંદઓરભરથરીરાજા(૨)માલમુલક સબછોડા-દીવાના૦
પુંડરીકને સેવા કીની, (૨) વિઠ્ઠલ ઇંટિપર ખડા—દીવાના૦
કહત કબીરાસુનો ભાઇસાધુ(૨)હરિચરણેચિત્તચડા-દીવાના૦

૭૦

બીજું કાંઇ ન વળેરે (૨)
ભજી લેને પ્રભુને બીજું કાંઇ ન વળેરે. (ટેક)
જાણ્યા નહિં તેં સારંગપાણિ, સંસારમાં શું મતિ મુંઝાણી;
જાણી લે જગદીશને તો તર્ત તરેરે—ભજી૦

મનુષ્યાદેહ વારે વારે ન આવે, માટે ભજી લેને પ્રભુ ભાવે;
ચેતી લે તે માટે જેથી કાર્ય સરેરે—ભજી૦
રામ નામની લહેર ન જાણી, ઉલટી ઉમર એળે ગુમાવી;
લખીરામ કહે ભાવે ભજો ભગવાનનેરે—ભજી૦

૭૧

લેહ લગાડી રામને જપો, જાવું છે મરી;
જાવું છે મરીરે, કાયા જાશે પડી—લેહ૦
ઘણે કષ્ટે પિંડ બંધાણો, ગર્ભમાં ધરી (૨)
માંડ કરીને મનખો પામ્યો, ચોરાશી ફરી—લેહ૦
ઉંચા મંદિર માળીયાં તારાં, રહેશેરે પડી (૨)
એવી રૂડી મનખા દેહ તારી ધુળમાં ઢળી—લેહ૦
તેડાં આવ્યાં શ્રીરામના જાવું, કષ્ટની ઘડી (૨)
જમ આવ્યે તારૂં જોર નહીં ચાલે, બાંધશે જડી—લેહ૦
સગાં સર્વે વીંટીને બેઠાં, મરણની ઘડી (૨)
કાઢો કાઢો સૌ કહે, એને રોકામા ઘડી—લેહ૦
સંતની સેવા હરિની ભક્તિ, વાત છે ખરી(૨)
શ્રીહરિ કહે રઘુવર સમરો, જાશો તરી—લેહ૦

૭૨

હરિ ભજીયે તો આવે સુખની લહેરજો;
આ દુર્લભ મનુષ્યા દેહનો લ્હાવો લીજીયે. (ટેક)
ક્યાં થકી આવ્યો ને જીવ તારે ક્યાં જવું,
બોલ વિચારી જો ઠરવાનો ઠામજો;
આ જુઠા જગત સાથે ઝઘડો નવ કીજીયે,
અંતે સાચો બોલી સીતારામ જો—આ દુર્લભ૦
આ મનુષ્યા દેહ પામ્યોરે મોંઘા મૂલની,
કોટિ જનમનાં પુણ્ય તણો નહીં પારજો;
આ શીશને સાટેરે માંગી નહીં મળે,
એક ઘડી તો લાખેણી વહી જાય જો—આ દુર્લભ૦
આ વ્રજવાસી ગોપીએ લહાવો લુંટીયો,
મુકી દીધી કાંઈ માતપિતા કુળ લાજ જો;
સાચું તે સગપણ રે શામળીયા તણું,
સરીયા સરીયા એ વનિતાના કાજ જો—આ દુર્લભ૦
આ તન, મન, ધન, જોબનરે રંગ પતંગનો,
આ જોને જોતામાં વણસી જાય જો;
અંતરમાં ઓળખી લે આતમ રામને,
કહે પ્રીતમ તારૂં આવાગમન મટી જાયજો—આ દુર્લભ૦

૭૩

જીવ તેં હરિ ન સમર્યા ઘડી, કાયા કાલ જાશે પડી;
મન તેં પ્રભુ ન સમર્યા ઘડી, કાયા કાલ જાશે પડી.
રાત દિવસ ધંધામાં રઝળ્યો, નિંદા કથા મુખ ઘડી;
જોબનમાં જનમારો ખોયો, તારી મહેનત માથે પડી—જીવ.
સોનાની ચાખડીએ ચડતો, ને હીરે રત્ને જડી:
વાંકી ફોજુ કલંગીવાળો ભાઇ, જમડા જાશે જડી—જીવ૦
પેરણ પીતાંબર પલંગે પોઢતો, ને ઓઢણ છે પામડી;
આ લોક સુખમાં ઉંઘી રહ્યો, પછી જમડા જાશે જડી—જીવ.
નાડી ખેંચાશે ને જીવ ઝલાશે, ને નીર નહીં ઉતરે નળી;
હજાર વિંછીની વેદના થાશે, પછે સોઇ દિન આવશે ચઢી—જી.
ખાટયું ઘણું પ્રાણી ખરચી ન શક્યો, ને દાટી બેઠો છે દળી;
ભોજો ભગત કહે અંતે એની પછી બાંધી ચાલ્યા ઠાઠડી—જીવ.

૭૪

શા માટે તું ભજતો નથી, સેહેજે સીતારામ રે,
આ કાયા તો તારી નથી, હાડકાં ને ચામ રે;
તેમાં તે શું મોહી રહ્યો છે, ગાફલ ગુલામ રે—શા૦
પાંડવોની પ્રતિજ્ઞા પાળી, દ્રૌપદીનાં ચીર રે;
સુદામાની વેળા વાળી, ઉગાર્યો પ્રલ્હાદ રે—શા૦

રાવણ સરખા રાણા હતા, સોનાં સરખા ધામરે;
સવાલક્ષ જેના પુત્ર હતા, તેના નથી ઠેકાણાં ઠામરે—શા૦
આગળ તો તારે હુકમાઇ હતી, ઘેર હતા ગુલામરે;
બાજીગરનો વાંદરો ભાઇ, ભરાવશે સલામરે—શા૦
ઉંચી મેડી ને અજબ ઝરૂખા, નીચાં નીચાં ધામરે;
છત્રપતિ તો ચાલ્યા ગયા, તેનાં નથી ઠેકાણાં ઠામરે—શા૦
ધાઈધુતી ધન ભેળું કીધું, દાટયાં રહેશે દામરે;
બાપદાદા જેના વહી ગયા, એના ખોળી કાઢોને નામરે—શા૦
પાપની તો પાળો બાંધી, ધરમ નહીં લગારરે;
કહે ભવાનભાઇ સાંભળો, તમે ભજી લીયો ભગવાનરે—શા૦

૭૫

ઉઠો ખડા કોઇ ચેતોને પ્યારા, સાન સમજો સદ્‌ગુરૂ કેરી;
જેમ દીપકપર પવન ઝપેટે, કાળ ખડોરે તેરો શિરવેરી—ઉ૦
છોટી ઉમરમેં બડા મનસુબા, જયું ઉઠત સાયર લહેરી;
ધિક ધિક ઉમર ખોઇ અકારજ, કાળ લેશે તેરો તનહેરી—ઉ૦
બાલપણામાં હસી ખેલ ગમાયો, જોબન જુવતી તનહેરી;
વૃદ્ધ ભયો અંગ આળસ આયો, ભ્રષ્ટ ભઇ બુદ્ધિ તેરી—ઉ૦
આજકાલ કરતાં આવ્યો તારો વાયદો, કાળ લેશે તેરો તનઘેરી;
એક પલકમેં પકડ પછાડે, કયાં રહેગો તેરો જીવ ઠેરી—ઉ૦

સદ્‌ગુરૂજી ઉપદેશ બતાવે, માનો શીખામણ અબ મેરી;
હરિદાસ કહે રામ રટન કરો, તીન લોકમેં નહીં વેરી–ઉ૦

૭૬

જોબનકા મગરૂરી મત કરના, દિના ચારકા હય ચટકા;
રૂપ દેખકે ક્યું મન રાચો, રામ ભજનસેં ક્યો લટકા–જો૦
જાયા સોઇ આખર મરનેકા, રેનદિન મનમેં ખટકા;
જાગેગા કોઇ વીરલા જોગી, નેન નીંદસે નહીં મટકા–જો૦
ગોરખ જાગ્યા કબીરા જાગ્યા, કાળ મારી કીનો કટકા;
સિદ્ધ ચોરાશીસો પણ જાગ્યા, જીનકામનછીનમેં અટકા-જો૦
સાધુ સંતકી સેવા કરલો, શબ્દ શાખ દિલમેં અટકા;
નુરતસુરતકા દોર ન ચુંકો, ખરા ખેલ જ્યું હય નટકા–જો૦
સમજે વાકું સુખદ સહજ હય, અણસમજુ કું હય ભટકા;
માર પડે તોય પાર ન પહોંચે, મન ઘોડા તીથે અટકા–જો૦
આપકા આતમ તત્વ વિચારો, સાહેબ સાક્ષી સબ ઘટકા;
પારપોંચા ઓ હરિદાસ પલકમેં, મીટ ચોરાશીકા ભટકા-જો૦

૭૭

સર્વ તજીને ભજીયે શ્રી ગોવિંદને,
જે નારાયણ નોધારાના આધાર જો;
ભાગે સંકટ કુડાંરે સંસારના,
જેના નામે ઉતરીયે ભવપાર જો–સર્વ

અપર માને વચને ધ્રુવજી વન ગયા,
નારદજીએ દીધો છે ઉપદેશ જો;
જ્ઞાનભક્તિ વૈરાગ્ય તે મનમાં આણીયાં;
પ્રભુ ભજયા કાંઈ ત્યાં જઈ બાળે વેશ જો—સર્વ
દૈત્ય પુત્ર પ્રલ્હાદજી તે આગે થયા,
લાગ્યો છે કાંઇ પિતા પુત્રનો વાદ જો;
સ્તંભ થકી પ્રગટ્યા રે નરસિંહરૂપ ધરી,
શ્રી મહા પ્રભુજીએ દીધો તેને સાદ જો—સર્વ
લાખા ગૃહમાં પાંડવને આવી મળ્યા,
ભક્ત જનોને દીધી છે ઘણી ધીર જો;
સમરણ પહેલાં આવ્યા છો રે તમે સદા,
ભક્તરે જન ઉગાર્યા પાંચે વીર જો—સર્વ
સુદામાનું દરિદ્રપણું તો જાણીયું,
મુષ્ટિક તાંદુલ આરોગ્યા મહારાજ જો;
દાસ દયાના પ્રભુજી, કરૂણા કીજીયે,
ભક્તરે જનના કીધાં કોટિક કાજ જો—સર્વ

૭૮

ભજ મન ગોવિંદા, ગોવિંદા, હાંરે તું છોડ જગતકા ફંદા.
નિરાકાર નિર્લેપ નિરંજન સતચિત્ આનંદા (૨)
જોકો બ્રહ્માદિક મુની ગાવે, પાવે સુખકંદા—ભજ૦

રામકૃષ્ણ પરબ્રહ્મ સનાતન, ગાવત મુની વૃંદા (૨)
તાકો જો અવતાર કહત હૈ, સો નર મતિ મંદા—ભજ૦
સદ્ગુરૂ કરૂણા કરહી મીટાયો, મમ ભવ દુઃખ ફંદા (૨)
દેવકૃષ્ણ પદ પુરણ પાયો, એહી પરમાનંદા—ભજ૦

૭૯

સમર સમર મન શ્યામ સુંદરકું,
કયા મુખ બક બક કરતા હૈ—ટેક.
જેહી દીયા નર દેહ અમુલખ,
તાકુ નહિ સમરતા હૈ—સમર૦
કામ ક્રોધ મદ લોભ અગ્નિમેં,
અહોનિશ અંતર જરતા હૈ—સમર૦
નિશદિન કાળ ખડા શીર ઉપર,
....તાતે કયું નહિ ડરતા હૈ—સમર૦
પરધન પરત્રીય કારણ તત્પર,
ફાટી નેને ફરતા હૈ—સમર૦
કુન ગતી મેરી હોયગી એસી,
ધડક ન મનમેં ધરતા હૈ—સમર૦

૮૦

ભજોને ભગવાનને પછી, દિલમાં થાશે ઓરતો;
કરશો કુડાં કામ, વાલીડાની વસ્તુ નથી હોરતોરેજી—ભ૦

જીભલડી જુઠા બોલશે, તેને વશ કરીને વારજો;
જેનારે પડે કામ, તેને સવાયાં સંભારજોરેજી—ભ૦
જ્યારે બુઢાપણ આવશે, ત્યારે સારાં ભોજન ભાવશે;
કાળાં મટી કેશ, માથે ધોળાં ફરી આવશેરેજી—ભ૦
જાવું રે એકાએકને, સાથે લેજો સદાશિવને;
સ્મરણ કરો શ્યામનું, ધોખો નહીં થાય તારા જીવનેરેજી-ભ.
સ્મરણ કરો શ્યામનું, ટાઢું થાય જો તારા તનમાં;
મૂળદાસ કહે મહારાજ, મોહન રહેજો મારા મનમાંરેજી—ભ.

૮૧

હરિદાસા હરિદાસા, બન જા, હરિદાસા હરિદાસા,
સુધા સિંધુકી સમીપ બસકે, મુંઢ રહત ક્યોં પ્યાસા;
દીન હોત ક્યોં દુઃખ પાવતરે, બસત પરસકે પાસા—બન.
કામધેનુ સુરદ્રુમ ચિંતામનિ, ઇશ્વર અખીલ નીવાસા;
તીનકું છોડ ઓરકું ધ્યાવે, સો તો વૃથા પ્રયાસા—બન જા.
મનસા દેહ દુર્લભ છિનુભંગુર, જ્યું જળ બીચ બતાસા;
અચળ સત્ત એક સેવા હરીકી, સબકુછ તનખ તમાસા—બન.
શરણાગત વત્સલ બીઠલેશ, ક્યું મન રહત ઉદાસા;
દયારામ સત્ ગુરૂ બતાયા, હે મનસુબા ખાસા—બન જા.

ભક્તિ જલદી કરવા વિષે.

૮૨

હરિ ભજ્યાનું ટાણું, આ છે રામ ભજ્યાનું ટાણું;
આ છે કૃષ્ણ ભજ્યાનુ ટાણું;
ભૂલ્યા શિદ ભમો છોરે, આ છે હરિ ભજ્યાનું ટાણું.
હરતાં ને ફરતાં હરિ ન સમર્યા, શું બેસે છે નાણું;
વહાલા શું બેસે છે નાણું;
સમી સાંજના સુઇ રહ્યા છો, હમણા વહાશે વાણું—ભૂલ્યા.
ડાલે રે ડાલે ભરીયે ભરીયે, માયા મોટું માણું;
વહાલા માયા મોટું માણું;
અચિંતો આવીને પકડશે, પડયું રહેશે કરિયાણું—ભૂલ્યા.
માથે આવ્યું નહીં મટે, વહાલા ઘુંઘટમાં ઘેરાણું;
વહાલા ઘુંઘટમાં ઘેરાણું;
બળ કરીને બોલાશે નહીં, જ્યારે બેઠું જમનું થાણું—ભૂલ્યા.
દીધા વિના ક્યાંથી પામો, વહાલા એ વાતો હું જાણું;
વહાલા એ વાતો હું જાણું;
ગોવિંદરામ કહે અહીંયા ન સમર્યા, ઉવાં નથી ઠેકાણું—ભૂલ્યા.

૮૩

કાયા છે ત્યાંસુધી કર સમરણ કીરતારનું રે (ટેક)
જતન કર્યું જઠરામાં જેણે, તારો દેહ રચ્યો છે તેણે;
તેણે કામ કર્યું છે, અતિ ઉપકારનું રે—કાયા૦
પ્રસવ થયા પહેલું પય કીધું, માતાના સ્તનમાં રચી દીધું;
તેણે કારજ સીધ્યું, તારા આહારનું રે—કાયા૦
કાન નેત્ર દીધા છે કેવાં, સર્વે અંગ અમુલખ એવાં;
અંતઃકરણ કીધાં છે, વિવિધ વિચારનાં રે—કાયા૦
દાંત દીધા તુંને ચાવણું ચાવવા, અન્ન સરજીયું ઉદર ભરવા;
કર દીધા કારજ કરવા વહેવારના રે—કાયા૦
સુર દુર્લભ મનુષ્યાદેહ પામી, લંપટ ન થવું લુણહરામી;
છોટમ શરણ ગ્રહી લે, સરજનહારનું રે—કાયા૦

૮૪

જ્યાં લગી આત્મા અંગમાં છે, ત્યાં લગી હરિ હરિ તું કહે (ટેક)
હાલતાં હરિ ને ચાલતાં હરિ, ને બેસતાં હરિ તુ કહે (૨)
સુતાં પહેલાં જે સ્મર્ણ કરે ભાઈ, તેની બોલો જય જય—જ્યાં.
લીધા સરીખું નામ હરિનું, લઇ શકે તો લે (૨)
દીધા સરીખું દાન છે અન્નનું, દઇ શકે તો દે—જ્યાં.
આ રે સંસારીયો સર્વે ખોટો, ને સાચી વસ્તુ બે (૨)
એક તો પુણ્ય બીજું હરિભજન ભાઇ, જીવડા સમજીલે—જ્યાં.

દ્રષ્ટ પદારથ સર્વે ખોટા, ને આત્મા અખંડ છે (૨)
કીડી થકી તે કુંજર લગણુ ભાઇ, કાળ ચક્રરનો ભય—જ્યાં.
એકદિન આંગણે દીવા વિવાહ,નેવળી ઢોલશરણાઇ વાગે(૨)
કહે જીવણુ એવો એક દિન આવશે, સમશાનો ધગશે—જ્યાં.

૮૫

તારી કાયા નગરમાંરે, ચોર ચોરી કરે નર જ્ઞાની (ટેક)
ચાર ચોર તો ચોરી કરે એના ધન ધુતારા લેશે (૨)
એરે કાયાના કહ્યા ન માનો (૨) દિનના ખાતર દેશે;
નગરી નવતેરીમાંરે ચોર ચોરી૦—તારી કાયા૦
પાંચ ચોર તો પ્રગટ થયા—તેને પકડી ન શકે કોઇરે (૨)
તત્વ હુતો તે તારવી ન જાણ્યો, હાથે હીરલો ખોયો—નગરી.
આશાતૃષ્ણા નહીં બુઝાયા-વાલા મનકા મેલ ન ધોયારે (૨)
ગુરૂ પ્રતાપે ભણે ભવાનીદાસ, સબ જન્મારા ખોયા—નગરી.

નવા ભજનો.

૮૬

વારે વારે મનખો નહીં આવેરે, રે, તમે ભજન સવાયાં કરજો—
અવસર નહીં આવેરે, રે, તમે ભજન સવાયાં કરજો.

સંસાર સાગર મોહજળ ભરીયો,
તરી શકો તો કોઇ તરજો રે (૨)
જગજીવનના ઝાઝ લઇને (૨)
ઓલે પાર ઉતરજો—અવસર૦

હોનું દીવા તારી આગળ ઝળકતે,
નાભી કમળ બીચ ધરજો રે (૨)
હૃદય કમળમાં હેત કરીને (૨)
અમર વરને વરજો—અવસર૦

માણેક ચોકમાં નાણું ભરજો,
ભરી શકો તો કોઈ ભરજો રે (૨)
હીરા માણેક લાલ ઝવેરી (૨)
પારખ થઈ પરખજો—અવસર૦

સદ્‌ગુરૂ મળીઆ ને સંશય ટળીઆ,
સદ્‌ગુરૂને શીશ ધરજો રે (૨)
મેધા પ્રતાપે ભણે ભવાનીદાસ (૨)
અ મ રા પુ ર માં ભ ળ જો—અવસર૦

મોત વિષે.

૮૭

કઠણ ચોટ છે કાળનીરે, મરણ મોટેરો માર.
કઇક રાજા ને કઇક રાજીઆ, હાંરે મેલી ચાલ્યા સંસાર;
—હેતે હરિ રસ પીજીએ.
સંસાર ધુમાડાના બાચકારે, સાથે આવે ન કોઈ;
રંગ પતંગનો ઉડી જશે, હાંરે જેમ આકડાંનો થોર–હેતે૦
કેના છોરૂ ને કેના વાછરૂરે, કેના માય ને બાપ;
અંતકાળે જાવું એકલું, હાંરે સાથે પુણ્ય ને પાપ–હેતે૦
માળી વીણે રૂડાં ફુલડાંરે, કળીયો કરે છે વિચાર;
આજનો દિન રળીયામણો, હાંરે કાલે આપણે શિરઘાત–હેતે૦
જાયા તેતો સર્વે જશેરે, નથી કાયા રહેનાર;
મરનારાને તમે શું રૂઓ! હાંરે રોનાર નથી રહેનારરે–હેતે૦
દાસ ધીરો રમે રંગમાં રે, રમે દિવસ ને રાત;
હું મારૂં મીથ્યા કરો, હાંરે રમો પ્રભુ સંગાથ રે–હેતે૦

૮૮

તારા મનમાં જાણે છે મરવું નથીરે,
એવો નિશ્ચય કર્યો નિરધાર;
તેમાં ભુલી ગયો ભગવાનનેરે—(ટેક)
ધન દોલત નારી ને ઘણા દીકરારે (૨)
ખેતિવાડી ઘોડી ને દરબાર—તેમાં૦

મેડી મંદિર ઝરૂખા ને માળિયાંરે (૨)
સુખ દાયક સુંદર સેજ—તેમાં૦
ગાદિ તકિયા ને ગાલ મશુરિયારે (૨)
અતિ આડ કરે છે એજ—તેમાં૦
નીચી ખાંધ કરીને નમતો નથીરે (૨)
એવું સાધુ સંગાથે અભિમાન—તેમાં૦
મરમાળી મોહનજીની મુરતિરે (૨)
તેની સાથે ન લાગેલ તાન—તેમાં૦
પાપ અનેક જનમનાં આવી મળ્યાંરે (૨)
તારી મતિ મલિન થઇ મંદ—તેમાં૦
દેવાનંદના વહાલાને વિસરી ગયોરે (૨)
તારે પડ્યો ગળે જેમ ફંદ—તેમાં૦

૮૯

તારે માથે નગારાં વાગે મોતનાંરે,
નથી એક ઘડીનો નિરધાર;
તોય જાણ્યા નહીં જગદીશનેરે—(ટેક)
મોટા મેલીને રાજ મરી ગયારે (૨)
જોને જતાં ન લાગી વાર—તોય૦
તારૂં જોબન ગયું જખ મારતુંરે (૨)
માથે કાળા મટી ગયા કેશ—તોય૦

અંતકાળે લેવાને જમ આવિયારે (૨)
તેનો ભાળી ભયંકર વેશ—તોય૦
રોમ કોટિ વિંછુ તણી વેદનારે (૨)
દુઃખ પામ્યો તું દૈવના ચોર—તોય૦
સગા સ્વારથી મળ્યા સૌ લુટવારે (૨)
તારૂં જરાએ ન ચાલે જોર—તોય૦
જીભ ટુંકી પડીને તુટી નાડીયોરે (૨)
થયું દેહ તજ્યાનું તત્કાલ—તોય૦
દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથરે (૨)
મળ્યો મનુષ્યનો દેહ વિશાળ—તોય૦

૯૦

જો વિચારીને જીવ હૃદેમાં, મરવું એ તો સહી (ટેક)
મેડી મંદીર ને માળીઆં તારાં, પડયાં રહેશે અહીં (૨)
પ્રભુને અર્થે પૈસો ન વાવર્યો, ઠાઠડી ઠાલી ગઇ—જો૦
કંચન જેવી કાયા તારી, અડવા દેતા નહીં (૨)
ઘર છોડી સમશાને ચાલ્યા, ગોદરે રાખો થઇ—જો૦
માત પિતા તારા બેન બનેવી, ને ઘરની નારી રહી (૨)
છોકરાં તારાં અળગાં રહેશે, એકલો જાશે વહી—જો૦
હરિ ભજો તમે હક હાલો, એમ વેદમાં વાણી કહી (૨)
હીરજી કહે જેણે હરિભજ્યા, એની જગમાં યશો રહી—જો૦

૯૧

મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું;
જુનું તો થયું રે પાંજર પડયું તો રહ્યું રે—મારો૦
કુડી કુડી કાયા રામા, જુઠી જુઠી માયા રે (૨)
કુડા તો દિલાસા અમને દઇ તો ગયોરે—મારો૦
આરે કાયાની સાથે પ્રીતો બંધાણી રામા (૨)
પડી ગયા દાંત રેખું પડયું તો રહ્યું રે—મારો૦
કાયાનો ગઢ હંસા ડોલવાને લાગ્યો રે (૨)
ઉડી ગયો હંસ પાંજર પડયું તો રહ્યું રે—મારો૦
બાઈ મીરાં કહે પ્રભુ, ગિરધરના ગુણ વાલા (૨)
ભજન વિના તો આયુષ્ય એળે તો ગયું રે—મારો૦

જગત્ મિથ્યા વિષે.

૯૨

સબી જાન જગત વહેવાર, રેનકા સપના (૨)
તુમ કાયકું કહત હો હાર, ભૂલ કર અપના (૨) (ટેક)
નીજ માત તાત દારા, સુત ભગિની ભ્રાતા (૨)
એ સબી સવારથ જાન, પરસ્પર નાતા (૨)—સબી૦
એક રામભજન બીન, ઓર નહી નિસ્તારા (૨)
ગુરૂજ્ઞાન ગ્રહો તુમ ઉતરો, ભવજલ પારા (૨)—સબી૦

શીર કાલ અચાનક, ખબર નહીં એક પલકી (૨)
ક્યા કરતે હો અભીમાન, આશ નહીં કલકી (૨)—સબી૦

૯૩

ચેત! પ્રાણીઆ નરકની વાટે જાવું (ટેક)
નરકની વાટે જાવું, ઘણું રહેશે તારે પસ્તાવું રે—ચેત!
રૂડી દેહ મનુષ્યની તું પામ્યો, ખુબ પૈસે ટકેથી જામ્યો;
ઘડી સત્સંગમાં ન વિરામ્યો રે—ચેત!
સંતસાધુને પ્રેમથી ન પોખ્યા, અન્ન વસ્ત્ર આપી ન સંતોખ્યા;
શેર લોટ ન કોઈના જોખ્યા રે—ચેત!
શરમ મુકી અધર્મમાં ચાલ્યો, શુદ્ધ વેદ વિહિત ધર્મને ન ઝાલ્યો;
અહોનિશ અહંકારમાં માલ્યો રે—ચેત!
બોધ સદ્‌ગુરૂસંતનો ન લાગ્યો, મૂર્ખ,માયાના મોહથી ન જાગ્યો;
ધક્કો ઓચિંતો કાળનો લાગ્યો રે—ચેત!
હામ મનની રહી ગઇ મનમાં, કાળ આવી પુગ્યો જોબનમાં;
સોડ તાણી સુતો જઇ વનમાં રે—ચેત!
દ્રવ્ય માલ છોડી ગયો ખાલી, કામ નાવી તે ઠકરાઈ ઠાલી;
જમ આગળ જુગતી ન ચાલી રે—ચેત!
દારા,સુત,વિત્ત,કામકોઇ ન આવ્યાં,તને વળાવીસૌ ઘેરઆવ્યાં;
તારા નામનાં જમણ મચાવ્યાં રે—ચેત!

ધર્મરાય તને પુછશે ત્યાંઈ, જન્મ ધારી કરી શું કમાઇ;
ત્યારે ઉત્તર આપીશ શો ભાઇ રે—ચેત !
નરક દુઃખ તે સહ્યું નવ જાયે, મારે જમ તે માર ન ખમાયે;
રોમ રોમ અતિ વેદના થાએ રે—ચેત !
બ્રહ્મરૂપ ભગવાનને ન જાણ્યા, પોતે બ્રહ્મ આનંદમાં ન માણ્યા;
પૂર વહેતામાં જાય તે તણાણાં રે—ચેત !

લયલીનતા વિષે.

૯૪

મુંને વધાયું વહાલાજીની સાથ,
મુંને વહાલો વિસાર્યા નવ વીસરે રે (ટેક).
આઠે પહોર ઉલ્લામણ મારા ઉરમાંરે (૨)
બીજી વહાલી ન લાગે વાત—મુંને વહાલો૦
જેમ રત્ન જડયું હોય રંકને રે (૨)
તેમ સત્ય થયું છે સાક્ષાત—મુંને વહાલો૦
જેને કાજે દમે છે અતિ દેહને રે (૨)
તે તો આવ્યું છે મારેરે હાથ—મુંને વહાલો૦
વારે વારે જાઉં ગુરૂજીને વારણે રે (૨)
જેણે નીરખાવ્યા નૌતમ નાથ—મુંને વહાલો૦

તેને તોલે ન આવે ત્રણ લોકમાં રે (૨)
જેની વિશ્વ વિચિત્ર છે ભાત-મુંને વહાલો૦
ધન્ય ધન્ય દયારે ગુરૂદેવની રે (૨)
નાથ નીરાંત નરખાય અજાત-મુંને વહાલો૦

૯૫

ધન્ય ઘડી ધન્ય દહાડો આજનોરે (૨)
મારા હૈયામાં હરખ ન માય,
વહાલોજી પધાર્યા મંદિર માહરેરે;
અલબેલોજી આવ્યા મારે આંગણેરે (૨)
પૂર્ણ કરી છે ગુરૂએ કૃપાય—વહાલાજી૦
નિર્મળ થઇ છું નીરખી હરિના નામનેરે (૨)
અડસઠ તીરથ આવ્યાં મારે ઘેર—વહાલાજી૦
આનંદ બની ભાંગી મનની ભ્રમણારે (૨)
અંતરમાંહી ઓળખ્યા આતમરામ—વહાલાજી૦
મારા ભિતર નરખાવ્યા નૌતમ નાથનેરે (૨)
મારા પ્રાણ તણા આધાર—વહાલાજી૦
આનંદ વૃત્તિ આઠે પહોર ન ઉતરેરે (૨)
કૈવલ્ય સુખ કહ્યું નવ જાય—વહાલાજી૦
ભાવટ ભાંગી ભૂધરવરને ભેટતાંરે (૨)
સબળ મળી છે સ્વામીની સહાય—વહાલાજી૦

૯૬

રામ બાણ લાગ્યાં હોય તે જાણે,
ઓલ્યા મુરખ મનમાં શું આણે. (ટેક)
ધ્રુવને લાગ્યાં પ્રહ્લાદને લાગ્યાં, તો ઠરીને બેઠા ઠેકાણે (૨)
ગર્ભવાસમાં શૂકદેવને લાગ્યાં(૨)એતો વેદવચનપરમાણે-રામ૦
મોરધ્વજ રાજાનું મન હરી લેવા, હરિ આવ્યા જે ટાણે (૨)
લઇ કરવત મસ્તક પર મેલ્યું (૨) પત્ની પુત્ર બેઉ તાણે-રામ૦
મીરાંબાઇ પર ક્રોધ કરીને, રાણોજી ખડ્ગજ તાણે (૨)
વિખના પ્યાલા ગીરધરલાલેઆરોગ્યા(૨)એતોઅમૃતને ઠેકાણે-
નરસિંહ મેતાની હુંડી સ્વીકારી, ખેપ ભરી ખરે ટાણે (૨)
આગળસંતઅનેકઓધાર્યા(૨)એવુંધનોભગતઉરઆણે-રામ૦

૯૭

રે સગપણ હરિવરનું સાચું (૨)
બીજું તો સર્વે ક્ષણભંગુર કાચું—રે સગપણ૦
હરિ વિના બીજાને વરવું (૨)
તજી ગજ ખરપર ચઢી ફરવું (૨)
એ જીવ્યાથી રૂડું છે મરવું—રે સગપણ૦
કે ફોકટ ફેરા શીદ ફરીયે (૨)
કે પરઘેર પાણી કાં ભરીયે (૨)
કે વરીયે તો નટવર વર વરીયે—રે સગપણ૦

કે ના ડરૂં લોક તણી લાજે (૨)
મારે શિર ગિરિધર વર ગાજે (૨)
આ દેહ ધર્યો નટવર કાજે—રે સગપણ૦
હવે મેં તો પ્રીતલડી ટાળી (૨)
ભાંગ્યું મન મિથ્યા સૌ ભાળી (૨)
કે વરવા જેવા મળ્યા વનમાળી—રે સગપણ૦
એવું જાણી મેં સગપણ કીધું (૨)
મોણું મેં તો જગનું શિર લીધું (૨)
જેથી રે મારૂં કારજડું સીધ્યું—રે સગપણ૦

૯૮

વરીએ તો શામળીયો વરીએ રે ચતુરવર,
વરીએ તો શામળીયો વરીએ (૨)
સંસારી સગપણ કાચું (૨) પરણી રંડાવું પાછું (૨)
હાંહાંરે એને ઘેર તે પાણી શીદ ભરીએરે—ચતુર વર૦
સંસાર તો સર્વે જુઠો (૨) શું થાશે રૂઠો કે તુઠો (૨)
હાંહાંરે એને તુચ્છ તે જાણીને ફરીએરે—ચતુર વર૦
જેને પરણે દુઃખ જાય (૨) અંખડ હેવાતણ થાય (૨)
હાંહાંરે તેની સાથે તે પ્રીત કરી રહીએરે—ચતુર વર૦
સંસાર તો સરવે ખોટો (૨) પાણી માંહેનો પરપોટો(૨)
હાંહાંરે એ તો ફુટી જાશે નાનો મોટોરે—ચતુર વર૦

દયા પ્રીતમ કેરો વહાલો (૨) નાગર નંદલાલો,
હાંહાંરે તેહનો સાથો કરીને મહાલોરે—ચતુર વર૦

૯૯

વરીએ શામળીયા વરની સાથે—હાં હાં વરીયે૦—
ના ના નેડલો કરીએ કોઇ સાચાની સંગાથે—
હંસલો ને બગલો બેઉ જનમ સંગાથીરે, બેઉ ચાલ્યા એક વાટે;
હંસલાને જોઇએ રૂડા મોતીડાનો ચારો (૨)
આલ્યો બગલો મોહ્યો તેની સાથે—ના ના૦—વરીયે.
ચોર ને શાહુકાર બેઉ જનમ સંગાથીરે, બેઉ ચાલ્યા એક સાથે;
સાંજ પડીને શાહુકાર સુઇ રહ્યો (૨)
એના ધનડાં ચોરાણાં તેની સાથે—ના ના૦—વરીયે.
સત્સંગવિના ધ્યાન સુધરે નહીંનેરે, તાળી પડે નહીં એક હાથે;
બોલ્યા રવિદાસ ગુરૂ ભાણ પ્રતાપેરે (૨)
એ તો સદ્‌વચન આવે સાથે—ના ના૦—વરીયે.

૧૦૦

મારે વર તો વિઠલને વરવું છે રે, હાંહાંરે મારે વર તો૦—
બીજાને મારે શું કરવું છે—વર તો૦—
નંદના કુંવર સાથે નેડલો બંધાણોરે હાં (૨)
મારે ધ્યાન ધણીનું ધરવું છે રે, હાંહાંરે મારે ધ્યાન૦—બીજાને.

અવર પુરૂષની મારે આશ ન કરવી રે હાં (૨)
મારે છેડલો ઝાલીને ફરવું છેરે, હાંહાંરે મારે છેડલો૦—બીજાને.
સંસાર સાગરમાં મોહજળ ભરીઓરે હાં (૨)
મારે તારે ભરોંસે તરવું છે રે, હાંહાંરે મારે તારે૦—બીજાને.
બાઇ મીરાં કહે છે પ્રભુ, ગીરધરના ગુણ હાં (૨)
મારે રાસ મંડળમાં રમવું છેરે, હાંહાંરે મારે રાસ૦—બીજાને.

૧૦૧

ઘેલા અમે ભલે થયારે, બાઇ મારે ઘેલામાં ગુણ લાધ્યું.
આટલા દિવસ હરિ જાણ્યા વિનાનું, મન માયામાં બાંધ્યું;
ભવસાગરમાં ભૂલ્યા પડયા ત્યારે મારગ મળીયા માધુ—ઘે૦
ઘેલા તો અમે હરિના ઘેલા નિર્ગુણ કીધા નાથે:
પુરવ જનમની પ્રીત હતી ત્યારે હરિયે ઝાલ્યા હાથે—ઘે૦
ઘેલાની વાતો ઘેલા જાણે, ને દુર્જનીયા શું જાણે;
જે રસ તો દેવતાને દુર્લભ, તે રસ ઘેલા માણે—ઘે૦
ઘેલા મટીને અમે ડાહ્યા ન થઇએ, ને સંતના શરણાં લીધાં;
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, કારજ સઘળાં સીધાં—ઘે૦

૧૦૨

વહાલા લાગો છો વિશ્વાધારરે, સગપણ તમ સાથે;
મેં તો સર્વે મેલ્યો સંસારરે, સગપણ તમ સાથે.
મારા મનમાં વસ્યા છો આવી શ્યામરે, સગપણ તમ સાથે;

તમ સારૂ તજ્યું ધન ધામરે, સગપણ તમ સાથે.
મારૂં મનડું લોભાણું તમ પાસરે, સગપણ તમ સાથે;
મુંને નથી બીજાની આશરે, સગપણ તમ સાથે.
મારે માથે ધણી છો તમે એકરે, સગપણ તમ સાથે;
મારી અખંડ નીભાવજો ટેકરે, સગપણ તમ સાથે.
મેં તો દેહ ધર્યો છે તમ કાજરે, સગપણ તમ સાથે;
તમને જોઇ મોહી છું વ્રજરાજરે, સગપણ તમ સાથે.
હું તો હેતે વેચાણી તમ હાથરે, સગપણ તમ સાથે;
બ્રહ્માનંદના વહાલા વ્રજનાથરે, સગપણ તમ સાથે.

૧૦૩

મારે આવ્યો અલૌકિક દાવરે, કોઇ મને શું કરશે;
માથા સાટે વર્યા મેંતો માવરે, કોઇ મને શું કરશે.
હવે બળે છે જગમાં બલાયરે, કોઈ મને શું કરશે;
મેં તો ભેટ્યા છે ભૂધર રાયરે, કોઇ મને શું કરશે.
અતિ આનંદ થયો છે મારે અંગરે, કોઇ મને શું કરશે;
લાગ્યો રસીયાજીનો રંગરે, કોઇ મને શું કરશે.
થઇ જગમાં અલૌકિક જીતરે, કોઈ મને શું કરશે;
લાગી પૂરણ સલુણા સાથે પ્રીતરે, કોઇ મને શું કરશે.
મારે વહાલે દીધું છે મને માનરે, કોઇ મને શું કરશે;
મને કીધી સૌભાગણ કહાનરે, કોઇ મને શું કરશે.

હવે થયો સંસારીડો ઝેરરે, કોઇ મને શું કરશે;
બ્રહ્માનંદને વહાલે કીધી મહેરરે, કોઇ મને શું કરશે.

૧૦૪

બાળી કાઢી જગતની બીકરે, વરી હું તો વનમાળી.
મેં તો સમજી વિચારી કીધું ઠીકરે—વરી૦
તુચ્છ જાણીને સર્વે કીધું ત્યાગરે—વરી૦
મોહી રસીક સલુણાની રાગરે—વરી૦
મને ચટકી લાગી છે ચિત્ત માંયરે—વરી૦
બીજું વાલા વિના ન સોહાયરે—વરી૦
મને કાંઇ ન સુઝે કામરે—વરી૦
થયું હરિ વિના સરવે હરામરે—વરી૦
હવે નિશંક થઇ છું નચિંતરે—વરી૦
થઇ જગમાં અલૌકીક જીતરે—વરી૦
સમજી કીધું છે તન કુરબાનરે—વરી૦
બ્રહ્માનંદના વાલાથી બાંધ્યા પ્રાણરે—વરી૦

૧૦૫

લેહ લાગી મને લેહ લાગી, રામ સીતાપતિ તમારી લેહ લાગી;
પ્રભુ તમને ભજ્યાથી મારી ભીડ ભાંગી—રામ સીતા૦
ધ્રુવને લાગી પ્રહ્લાદને લાગી (૨)
મહેતા નરસિંહાની ભીડ ભાંગી—રામ સીતા૦

અજ્ઞાનની કોટડીમાં ઉંઘ ઘણી આવે (૨)
જ્ઞાનીને શબ્દે હું જાગી-રામ સીતા૦
રમણ રેતીમાં વહાલે રાસ રચ્યો છે (૨)
ગોપીઓની સંગે હું મ્હાલી-રામ સીતા૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર (૨)
સત્ સંગતની લેહ લાગી-રામ સીતા૦

૧૦૬

લેહ લાગી મુંને તારી, મોહનજી, લેહ લાગી મુને તારી.
કામજ મુક્યું ને ધામજ મુક્યું (૨)
મનનાં ચાહું છું મુરારિ—મોહનજી૦
ખભે છે કામળી ને હાથમાં છે વાંસળી (૨)
ગોકુળમાં ગાયો ચારી—મોહનજી૦
સોળસહસ્ત્ર ગોપીઓને તમેજ વરીયા (૨)
તોય તમે બાળ બ્રહ્મચારી—મોહનજી૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધાર નાગર (૨)
ચરણ કમળ બલિહારી—મોહનજી૦

૧૦૭

રસ અગમ અપાર, સુરનર;
પાર ન પામે મન વાણી વડે.
મારા વહાલાજી, જોગેશ્વર જોતાં તે કોઇને નહીં જડે.

રસ પ્રેમીજન હોય તે પામે,
જેમ જળ આવે નીચે ઠામે;
આ જગત્ ચઢ્યું છે અવળે વામે—રસ૦
રસ દેવકીને ઉદરે ઉદય થયો,
રસ રેડ્યો તે ગોકુળમાં ગયો;
રસ વ્રજમાં જયજયકાર થયો—રસ૦
રસ વ્યાસજીના કુંવરે ભાખ્યો,
રસ ઉત્તરાસુત પરિક્ષતે ચાખ્યો;
રસ બ્રહ્મસુતાએ ઉરપર રાખ્યો—રસ૦
રસ પ્રલ્હાદે પ્રેમે પીધો,
રસ પીને ધ્રુવ અવિચળ કીધો;
રસ વ્રજ વનિતાએ વહેંચી લીધો—રસ૦
રસ પીને મીરાં મુક્ત થઈ,
રસ પીધો ગૌતમની નારી;
રસ કર્મ સંજોગે કુબજા પામી—રસ૦
રસ નરસિંહ મહેતાએ નિશ્ચય લીધો,
રસ કમળાને કાજે કીધો;
રસ જનકસુતાએ પાઇને પીધો—રસ૦

રસ જયદેવ શુકદેવે જાણ્યો,
રસ પદ્માવતીએ પરમાણ્યો;
રસ દ્રુપદસુતાએ સભામાં આણ્યો—રસ૦
રસ અજર અમરરે એવો છે,
રસ માનવીઓને મેવો છે;
રસ સૌને પીવા જેવો છે—રસ૦
રસ પીજો પીધાને ટાણે,
પછી નહીં મળે ખરચે નાણે;
રસ દુરિજન હોય તે શું જાણે—રસ૦
રસ રસીયા રસ રાખો જારી,
રસ પીજો રસના અધિકારી;
પ્રીતમના સ્વામીની પ્રીત ન્યારી—રસ૦

૧૦૮

રોમે રોમે ચડે, રામરસ રોમે રોમે ચડે (ટેક)
પીતાં પૂરણ અનુભવ પ્રગટે, અનંત નેત્ર ઉઘડે (૨)
દ્વાદશ અંગુલ ભરી પીએ, તો નવી સૃષ્ટિને ઘડે—રામ૦
સુંઘે તેને સ્વરૂપ દરશે, પાછો ભવ ના પડે (૨)
આપે નિર્ભય સઘળે વર્તે, જો જીહ્વાએ અડે—રામ૦
અજર ખુમારી અદ્દભુત ભારી, બ્રહ્મ વિષે જઇ ભડે (૨)
પિંડ બ્રહ્માંડની પાર રહ્યા, તે હંસ થઇ નીવડે—રામ૦

મરજીવા તે મહારસ માણે, તેથી નહીં કોઇ બડે (૨)
જન છોટમ એવા જન મળતાં, ભાગ્ય ભલા ઉઘડે—રામ૦

૧૦૯

ગુરૂ મારે અગમ તિરથપર જાના, હોજી;
સત્ય નામ ચડવેકી સીડી (૨)
નહીં પોથી નહીં પાના, ભાઇ નહીં પોથી૦—ગુરૂ મારે૦
નેન કમલમેં નીરખી લ્યોને,
સુરત નુરત નીશાના, ભાઇ સુરત નુરત૦—હોજી;
આ ઘટમાં ઘડીઆળા વાગે (૨)
જુવો પુરૂષ આ ક્યાંના? ભાઇ જુવો પુરૂષ૦—ગુરૂ મારે૦
મન મેરા નહીં માલા ફેરે,
નહીં ધૂપ નહીં ધ્યાના, ભાઇ નહીં ધૂપ૦—હોજી;
એસા હય કોઇ ખેલ અગમકા (૨)
ભટકીને ભરમાણા, ભાઇ ભટકીને૦—ગુરૂ મારે૦
સાવ સફેદી વસ્તર પેહેરે,
એસા ઉનકા વાના, ભાઇ એસા ઉનકા૦—હોજી;
દાસ અરજણ જીવનકે શરણે (૨)
જોગી પુરૂષ છે ત્યાંના, ભાઈ જોગી પુરૂષ૦—ગુરૂ મારે૦

૧૧૦

ગુરૂ મારે નજરે મોતી આયા હોજી (૨)
મેં તો ભેદ ભરમકા પાયા—ગુરૂ મારે૦
દોઉ વચનકા જાપ અજપા,
ત્રિકુટ તકીયા ઠેરાયા, ભાઇ ત્રિકુટી તકીયા૦—હોજી;
ચઢી સુરતા સમાગમ કીધો ત્યારે (૨)
સુખમય સેજ બીછાયા, ભાઇ સુખમય૦—ગુરૂ મારે૦
મોતી મણિમેં મણિ મોતીમેં,
જ્યોતમેં જ્યોત મીલાયા, ભાઇ જ્યોતમેં૦—હોજી;
એસા હય કોઇ ખેલ અગમકા (૨)
દિલ ખોજે દરશાયા, ભાઇ દિલ ખોજે૦—ગુરૂ મારે૦
અધર તખતથી મોતી ઉતર્યા,
શુન્ય ધર આય ઠરાયા, ભાઇ શુન્ય ધર૦—હોજી;
વાકા ભેદ કોઇ વીરલા જાણે (૨)
ગુરૂગમસે બતલાયા, ભાઇ ગુરૂગમસે૦—ગુરૂ મારે૦
ઉંચ નીચ અંતર નહીં ઉનકું,
હરખ નિરખ ગુન ગાયા, ભાઇ હરખ નિરખ૦—હોજી;
દાસ અરજણ જીવનકે ચરણે (૨)
નિરાધાર દરશાયા, ભાઇ નિરાધાર૦—ગુરૂ મારે૦

૧૧૧

એ કહેતાં જાજો, એ મારા મહીયરની વાત,
સદ્‌ગુરૂ કહેતાં જાજો. (ટેક)
મારા મહીયરના સાધુડાને
જોઇએ તુળસીની માળા (૨)
તિલક છાપ તુળસીની માળા (૨)
સોહીએ અમરા પુરવાળા—સદ્‌ગુરૂ૦
ભવ સાગરમાં ભય ઘણેરો
નથી ઉતર્યાનો આરો (૨)
મારા ગુરૂને એમ જઇ કહેજો (૨)
આણાં મોકલજો ને વહેલાં—સદ્‌ગુરૂ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ
હરિ ચરણે ચિત્ત રાખો (૨)
સંત શબ્દને ઓળખીને (૨)
પ્રેમ તો રસ તમે ચાખો—સદ્‌ગુરૂ૦

૧૧૨

અનુભવીને એકલું, આનંદમાં રહેવું રે;
ભજવા પરિબ્રહ્મને, બીજું કાંઇ ન કહેવું રે. (ટેક)
એકજ જાણી આત્મા, કોઇને દુઃખ ન દેવું રે (૨)
સુખ દુઃખ આવે સહેજમાં, તે તો સહીને રહેવું રે—અનુ૦

ઉર્મી ને બીજી તીક્ષણાથી, અળગુ રહેવું રે (૨)
સમદૃષ્ટિ સમતાને ગ્રહી, આપ ખોવું રે–અનુ૦
આદિ અંત મધ્ય, એકાદ્વૈત ભાસ્યું રે (૨)
આતમના ઉદય થકી અજ્ઞાન નાસ્યું રે–અનુ૦
વેદ જોયા પુરાણ જોયા, સરવે તપાસી (૨)–અનુ૦
રામના નામથી કોઇ ન મોટું, સંત ઉપાસી–અનુ૦
સદ્‌ગુરૂને સેવતાં મારૂં, મનડું મોહ્યું રે (૨)
કૃષ્ણ કહે મહાપદમાં, એક ચિત્ત પ્રોયું રે–અનુ૦

૧૧૩

સુરતા લાગીરે જેની, ભ્રમણાઓ ભાંગી જેને, સુરતારે લાગી.
સુરતા લાગીરે એક, સંત પ્રલ્હાદને (૨)
તાતનો ત્રાસ જેણે, હૃદયે નવ ધરીયો–જેને૦
નટેરે ખેલ રચ્યોરે, ચોગાનમાં (૨)
દોર વિનાનું બીજું, અવર નવ દેખે–જેને૦
પતંગને દીપક સાથે, સ્નેહ બંધાણો (૨)
તન મન અરપી જેણે, દેહ દમી છે–જેને૦
મચ્છને જળની સાથે, પ્રીત બંધાણી (૨)
મરતાં લગીરે તેની, ઇચ્છા નવ ત્યાગી–જેને૦
મરજીવા સંત જેણે, મન વશ કીધાં (૨)
પેસી સાગરમાં મોતી, વીણીને લીધાં–જેને૦

ભક્તિનો મારગ એવોરે કહીયે (૨)
પ્રીતમનો સ્વામી તેના, હૃદયામાં રહે છે—જેને૦

૧૧૪

હરિ મહિમા મોટાજન જાણે, સનકાદિક શુકદેવ જોને;
અજતનયા ઉમાપતિ વદે, કરે કમળા પદ સેવ જોને.
વેદ વિરંચિ વ્યાસ વખાણે, અપાર લીલા એની જોને;
નાથવિના બીજો નહીંબળિયો, જોયું ચિત્તમાં ચેતી જોને.
માટે મારૂં મનડું મોહ્યું, રસીક વરને રંગે જોને;
સદા સરવદા સુખમાં ઝીલું, સુંદર વરને સંગે જોને.
અમૃત કેરા સાગર માંહે, મગ્ન થયું મન મીન જોને;
એક નિમિષ ન્યારૂં નવ થાયે, રહ્યું તે રસમાં લીન જોને.
અગરચંદનના વનમાં જઇને, ભોગી ભમરો બેઠો જોને;
ઉઠી એ અળગો નવ થાયે, સ્વાદ સુખમાં પેઠો જોને.
કમળનેનની સુંદર શોભા, નિરખું નિત્યે નિત્ય જોને;
પ્રીતમના સ્વામીની સાથે, બાંધી પૂરણ પ્રીત જોને.

૧૧૫

ઓધવ ક્યારે આવશે વનમાળીરે;
થઇએ સુખીયા મોહન મુખ ભાળી—ઓધવ૦
ક્યારે મુજને સંભારેછે કહાનરે, નિજ માતાને કરૂણાનિધાનરે;
અમને આઠે પહોર એનું ધ્યાન—ઓધવ૦

ક્યારે કહેછે ગોવાળની વાતરે, જ્યારે ભેળા બેસે બેઉ ભ્રાતરે;
અમને મળશે કેદી સાક્ષાત—ઓધવ૦
ગોપી ગોપને જમુનાનું વારિરે, ગાયો ગોવર્ધન સુખકારીરે;
કેદી રીઝે છે વ્રજને સંભારી—ઓધવ૦
મુક્તાનંદના શ્યામને કાજરે, પુછે ઓધવને વ્રજનારરે;
અતિ દુ:ખીઆ છે વ્રજનો સમાજ—ઓધવ૦

૧૧૬

જોનેઆપ્રાણઆધાર,આવેછે સખી,જોને આપ્રાણ આધાર,(૨)
ભવબ્રહ્માતમાજેનાદર્શનઇચ્છે(૨)આવેતેચાલીમમદ્વાર-આવેછે.
નેતિ નેતિ જેને નિગમ પોકારે(૨) ઉપનિષદ્‌નો સાર-આવેછે.
સર્વમાંવ્યાપકસર્વથીન્યારા (૨)અખિલભુવનઆધાર-આવેછે.
જેનાસારૂજોગીજોગનેસાધે (૨) કરીકેવળફળઆહાર-આવેછે.
કાળ માયા જેના પ્રેર્યા કરેછે(૨) સૃષ્ટિ પાલન સંહાર-આવેછે.
તપ તીરથ વ્રત કોટિ જગનથી (૨) દુર્લભ જેના દેદાર-આવેછે.
ધન્યધન્યભાગ્યજઆપણાસજની(૨)મળીયા સકળ શિરતાજ
સર્વોપરિ શુભ સ્વામી પામી(૨) ખામી ન રહી લગાર-આવેછે.
વાસકર્યોમમ મંદિર વહાલે (૨) આણીને પ્રેમઅપાર-આવેછે.

૧૧૭

રાસ સભામાં અમે, રમવાને ગ્યાતા (૨)
પસલી ભરીને રસ પીધો, હરિનો રસ પુરણ પાયો. (ટેક)

પહેલો પીયાલો મારા, સદ્‌ગુરૂએ પાયો (૨)
બીજે પીયાલે થઇ છું ઘેલી—હરીનો રસ૦
ત્રીજે પ્યાલો મારી, રોમે રોમે વ્યાપ્યો (૨)
ચોથે પીયાલે થઇ છું ઘેલી—હરિનો રસ૦
રસ બસ થઇ છું રંગ, રસીયાની સાથે (૨)
વાત ન સુઝે બીજી વાટે—હરિનો રસ૦
મોટા જોગેશ્વર જેને, સ્વપ્ને ન આવે (૨)
તે મારા મંદિરીયામાં મહાલે—હરિનો રસ૦
અખંડ હેવાતણ મારા, સદ્‌ગુરૂએ દીધાં (૨)
અખંડ સૌભાગી અમને કીધાં—હરિનો રસ૦
ભલે મળ્યારે મહેતા, નરસિંહના સ્વામી;
દાસી પરમ સુખ પામી—હરિનો રસ૦

૧૧૮

મારા નાથના નેણા ઉપરરે, હું તો ઘડીએ ગોરી જાઉં;
ઘડીએ ગોરી જાઉં, વાલીડા, હું ઘડીએ ગોરી જાઉં;
અરે હું તો ઘડીએ ગોરી જાઉં—મારા૦
પ્રભુજી મુંને કંઠે વળગ્યા, પળ કોરે ન થાઉં (૨)
શામળા સાથે સ્નેહ બંધાણો (૨)
હેતે હરિ ગુણ ગાઉં—અરે હું તો હેતે૦—મારા૦

કામકાજ મુંને કાંઇ ન સુઝે, ને ઘરમાં ઘેલી થાઉં (૨)
સંત સમાગમ જ્યાં હોય તીયાં (૨)
હરખે દોડી જાઉં—અરે હું તો હરખે૦—મારા૦
ગંગારે જમુના ઘરને આંગણે, તીરથ કયાં જાઉં (૨)
અડસઠ તીરથ સંતને ચરણે (૨)
નિત્ય ત્રિવેણીમાં ન્હાઉં—અરે હું તો નિત્ય૦—મારા૦
એકાદશીવ્રત કોણ કરે, હું તો ત્રણે ટાણાં ખાઉં (૨)
બાઇ મીરાં કહે, પ્રભુ ગિરધરના ગુણ (૨)
હેતે હરિરસ પાઉં, અરે હું તો હેતે૦—મારા૦

૧૧૯

ભજન ધુન ખુબ લગી હોજીરે,
પરમ ગુરૂ હરિ મારા હૃદયા માંહીરેજી;
બોલો ગોવિંદા ધુન ખુબ લગી હોજીરે,
પરમ ગુરૂ હરિ મારા હૃદયા માંહીરેજી;
લગી લગી સબ કોઇ કહેવે, લગી કીસીકું નાહીંરેજી;
સંતપુરૂષકું એસી લગીરે ભાઈ (૨)
તનકી શુદ્ધ બીસરાઇ—પરમ ગુરૂ હરિ મારા૦
ધ્રુવકું લાગી, પ્રલ્હાદકું લાગી, લગી અધમ ગુણકાઇરેજી;
બાઇ મીરાંકું એસી લગીરે ભાઈ (૨)
છોડયા રાજપાટ સુખદાઇ—પરમ ગુરૂ હરિ મારા૦

રામકું લાગી લક્ષ્મણકું લાગી, લાગી સીતા માઇરેજી;
હનુમાન જતિકું એસી લગીરે ભાઇ (૨)
કુદ પડે જલમાંહી—પરમ ગુરૂ હરિ મારા૦
જતિકું લાગી, સતીકું લાગી, લાગી સહસ્ત્ર અઠયાસીરેજી;
વ્રજવનિતાકું એસી લગીરે ભાઇ (૨)
તનકી શુદ્ધ બુદ્ધ નાંહી—પરમ ગુરૂ હરિ મારા૦
ભૂપ ભરથરીકું, એસી લગી, છોડયા રાજપાટ સુખદાઇરેજી;
સોળસે તજી રાજા ગોપીચંદેરે ભાઇ (૨)
વૈરાગ્યને જાઉં વારી—પરમ ગુરૂ હરિ મારા૦
ધનો પીપો, રોહીદાસ કુબો, લગી સેનવા નાઇરેજી;
દાસ જીવણ સંતો ભીમકે ચરણે (૨)
આપ મલ્યા ગોસાંઇ—પરમ ગુરૂ હરિ મારા૦

૧૨૦

અખંડ વરને વરી, સાહેલી, હું તો, અખંડ વરને વરી. (ટેક)
ભવસાગરમાં મહા દુઃખ પામી, લક્ષચોરાશી ફરી—સાહેલી.
સંસાર સર્વ ભયંકર કાળો, તે દેખી થરથરી—સાહેલી.
કુટુંબ સહોદર સ્વાર્થી સરવે, પ્રપંચથી પરહરી—સાહેલી.

જનમ ધરીને મહા દુઃખ પામી,ઘરનો તે ધંધો કરી–સાહેલી.
સતસંગતમાં મહાસુખ પામી, બેઠી ઠેકાણે ઠરી–સાહેલી.
સદ્‌ગુરુની પુરણ કૃપાથી, ભવસાગર હું તરી–સાહેલી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,સંતોનાચરણમાંપડી–સા.

૧૨૧

એવોઅખંડ અમરવર હું વરી,ફરી પડવો નહીં ભવફંદ–અ.
જેનું રૂપ સ્વરૂપ સોહામણું,ઘણો અખિલ લોકનો આનંદ–અ.
જેને વરવા તીરથ તપ આચરે, ધરે ધ્યાન તે જોગ વૈરાગ્ય–અ.
કરે કાશી કેદાર હિમાળે ગળે, તજે રાજ સર્વે સુખ ત્યાગ–અ.
વરતી ત્રણ લોકમાં કોઇક આચરે, એવા શૂરવીર દ્રઢધીર–અ.
ભુમી ગૌપદ ગગન ગુંજામણી,સાત સાગર અંજલિનું નીર–અ.
બેલી ખેલ બનાવે બહુ ભાતના,કાઠીશકેનહીંસતીકેરોવેશ–અ.
સતી સ્વાંગ ધરે તે નિશ્ચે બળે, કરે પાવક માંહી પ્રવેશ–અ.
પ્રેમે પામી પતિ પરમાત્મા, રહી રૂપમાં એક રસ લીન–અ.
સ્વામી પ્રીતમનોરે શોભા ભર્યો, સિંધુ અમૃતમાં મનમીન–અ.

૧૨૨

રામ અમલ રંગ રાતે સાધુ, રામ અમલ રંગ રાતેરે;
અનંત કલ્પ બીતે એહી પીતે, અજહુનાહીં ધરાતેરે–રામ.

પ્રથમ બીજ બદ્રિપતિ બોયો, નારદકે ઉર માંહીરે;
નારદ લે દશ દિશ હી વેર્યો, ચૌદ લોકકે માંહીરે—રામ.
નારદ પાસ વ્યાસ મુનિ લેકે, શુક જોગીકું પાયોરે;
સો શુક અનંત કોટિ વૈષ્ણવકું, સબકું રંગ ચઢાયોરે—રામ.
સો શુક તેં લે સુત પુરાણી, પીના ખુબ અધ્યાસીરે;
નિશદિન એહી અમલકે છાકે,ધ્રુમત સહસ્ત્ર અઠયાસીરે—રામ.
શેષ સહસ્ત્રમુખ શિવસનકાદિક, પીવતપાત ન થાકેરે;
બ્રહ્માનંદ કહે વ્રજવાસી, એહી અમલમેં છાકેરે—રામ.

૧૨૩

કયા બોલે ? અબ કયા બોલે ?
મન મગન ભયા અબ કયા બોલે ? (૨)
તેરા સાહેબ હૈ તુજ ભીતર (૨)
બાહેર નેના કયા ખોલે—મન૦
સુક્ષ્મણા નાડી અમીરસ લાવે (૨)
પ્યાલા ભર ભર અણતોલે—મન૦
હંસે પાયા માન સરોવર (૨)
દુજી જગ્યા પર બગ ડોલે—મન૦
કહત કબીરા સુનો ભાઇ સાધુ (૨)
સતગુરૂ પાયા અણમોલે—મન૦

૧૨૪

જે કોઇ પીયે પ્રેમકા પ્યાલા,
સોઇ નર મગ્ન ભયા મતવાલા (૨)
છકયા બકે નહિ અલપલ વાણી,
અંતર ભયા ઉજીયાલારે (૨)
એ મસ્તાના દરશ દીવાના (૨)
રામ નામ ખુશીયાલા— જે કોઈ.

દાના ઓત દરદ નહીં દીલમેં,
હરદમ રહે હોંશીયાલારે (૨)
રોમ રોમ સાહેબસે રાજી (૨)
જ્ઞાની કે ધરવાલા— જે કોઇ.

મનકુ મારી ચઢી ખુમારી,
ખૂબ ખોજીયા ખ્યાલારે (૨)
સુન ધુન સુરત નુરતસે ચઢીયા (૨)
નીરખ્યા દીન દયાળા— જે કોઇ.

આશક ઇશક ઉસીસુ રહેવે,
છુટયા જંગ જંજાળારે (૨)
ઓઈ હરિદાસ અજરાયલ જરીઆ (૨)
નીરખે હુવા નીહાલા— જે કોઈ.

૧૨૫

મુખડાની માયા લાગીરે, મોહન તારા—ટેક.
મુખડું મેં જોયું તારૂં, સરવે જુગ થયું ખારૂં (૨)
મન મારૂં રહ્યું ન્યારૂં રે—મોહન તારા૦
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું (૨)
તેને તુચ્છ કરી ફરીએરે—મોહન તારા૦
સંસારીનું સુખ કાચું, પરણી રંડાવું પાછું (૨)
તેને ઘર શીદ જઇએરે—મોહન તારા૦
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો (૨)
રાંડવાનો ભય ભાંગ્યોરે—મોહન તારા૦
વ્હાલા મારા વ્રજવાસી, દર્શન દોને અવિનાશી (૨)
પ્યાસી છું હું તારી દાસીરે—મોહન તારા૦
બાઇ મીરાં બલીહારી, આશા મુને એક તારી (૨)
હવે હું તો બડ ભાગીરે—મોહન તારા૦

૧૨૬

આજ ગગન મંડળમાં, લહેર લાગી,
ઝરરરરર અમી ઝરે (૨)
ઝીણે ઝીણે મોતીડે અમૃત વરસે (૨)
ધ્યાન અખંડીત ઇયાં ધરેરે—આજ૦

દ્વાદશ અગ્નિ ફેરવી આપી,
બીજ રૂપી નહિ બળે (૨)
લાગી લુમ ગગનસે ગરજે (૨)
સોઇ સાધુડાં સુફળ ફળેરે—આજ૦
પુર્વી ગંગા પશ્ચિમ પ્રકાશા,
ચંદા સુરજ હોઇ દીપક ઝરે (૨)
તપીયો બેઠો તપ કરવાને (૨)
ભ્રમર ગુફામાં ભજન કરેરે—આજ૦
ત્રિકુટી મહેલપર કરલે તકીયા,
સુક્ષમાણા સાધે તારો અર્થ સરે (૨)
પારશમણીનું એહી પારખું (૨)
લોઢાને લઇને કંચન કરેરે—આજ૦
મરજીવા કોઈ ચડે મેદાને,
વીણી વીણી મોતીડાં સોઇવરે (૨)
કહેત કબીરા અંતર ધુન લાગી (૨)
સોઇ સાધુડાં સુફળ ફળેરે—આજ૦

૧૨૭

એવી મહાપદ કેરી વાતરે, સંત કોઇ જાણેરે;
જેને મળ્યા સદ્ગુરૂરે સુજાણ, સોઈ પીછાણેરે—એવી૦

દિન ઉગે ભૂલ્યો ભવનરે, પછી કેમ જડશેરે;
આડી રેન અંધારીરે રાત, ઘણા રડવશેરે–એવી૦
એવા તન મન ને વળી ધનરે, ગુરૂજીને ધરીયેરે;
એવો અવર દુજો નહીં કોઇ, ફોગટ ફેરો ફરીયેરે–એવી૦
આવ્યો ભજન કરવાનો સમવાદરે, ભજન કરી તરવુંરે;
એવા કરજો સંતોના રૂડા સંગ, અસત્ય પરહરવુંરે–એવી૦
એવા સંત સ્વરૂપી ઝાઝરે, તેમાં કોઇ બેસેરે;
એવા તરી ઉતરે ભવપાર, ગેમલ એમ કહેછેરે–એવી૦

૧૨૮

મુંને લહેરરે લાગી હરિના નામનીરે (૨)
હું તો ટળીરે સંસારીઆના કામનીરે–મુંને લહેરરે૦
ચોટ લાગી ટાળીરે કોઇની નહીં ટળેરે (૨)
મર કોટી ભૂવાને ભેળા કરોરે–મુંને લહેરરે૦
હું તો બાવરી ફરૂં છું મારા મદમાંરે (૨)
મારી સુરતી ગુરૂજીના પદમાંરે–મુંને લહેરરે૦
માહામંત્ર સુણાવ્યો મારા કાનમાંરે (૨)
હું તો સમજી ગુરૂજીની સાનમાંરે–મુંને લહેરરે૦
મીરાં બાઈને ગુરૂરે મળ્યા વાટમાંરે (૨)
એણે છોડી દીધેલ રાજ પાટનારે–મુંને લહેરરે૦

૧૨૯

ધન્ય આજની ઘડી રળીઆમણીરે (૨)
મારો વહાલો પધાર્યાની વધામણી હોજીરે—આજની૦
હું તો મોતીડાંના ચોક પુરાવતીરે (૨)
મારા વહાલીડાની આરતી ઉતારતી હોજીરે—આજની૦
અમે ગ્યાતા વાલમજીને વારણેરે (૨)
મહેતા નરસિંહનો સ્વામી ઉભો બારણે હોજીરે—આજની૦

૧૩૦

સખી આજ અમારે આંગણે રમે,
ચૌદ ભુવનનો સ્વામીરે (૨)
જેણે ગોકુળમાં લીલા કરી,
હું તો પુરણ પદવી પામીરે (૨)—સખી આજ.
જેને જોગી મુની જોતા ફરે,
નાવે તપસી મુનીને ધ્યાનેરે (૨)
તેતો ઘટ ઘટ પરગટ રમી રહ્યો,
મહા વાકય કેરી સાનેરે (૨)—સખી આજ.
મેં તો ગોદાવરીમાં મંજન કર્યું,
ને ત્રીવેણીમાં નાહીરે (૨)
સખી દાન ને પુન્ય અતિ કર્યાં,
ત્યારે નીરખ્યા ત્રીભુવન રાયરે (૨)—સખી આજ.

સખી ગોકુળ જોયું ને દ્વારકાં જોયાં,
જગન્નાથ ને કાશીરે (૨)
સખી અજાણે બહુ આથડી,
પ્રીતમ વસે મારી પાસેરે (૨)—સખી આજ૦
સખી કંઠે હીરો ને હાલું ગોતતી,
મારાં મનના મેરા મણ મળીયારે(૨)
સખી ભાણ ચરણ રવી બોલીયા,
મારા ભવના ફેરા ટળીઆરે (૨)—સખી આજ.

૧૩૧

આજ ઓપી રહ્યું છે મારૂ આંગણું (૨)
વળી વૈકુંઠ થકી વિશેષ—પ્રગટ થયા નાથજી
સર્વે ધામના ધામી પધારીયા (૨)
મારા સર્યાં છે અર્થ અનેક—પ્રગટ થયા નાથજી
મારા વેરી હતા તે વહાલા થયા (૨)
વળી અભર ભરીઆ છે આજ—પ્રગટ થયા નાથજી
મારો જન્મ સફળ કરી જાણીયો (૨)
વળી રહી છે લાખેણી મારી લાજ—પ્રગટ થયા નાથજી
આજ ઉતાર્યું મેહેણું અનાથનું (૨)
કરી સનાથ મટાડયો મારો શંક—પ્રગટ થયા નાથજી

મારા દુ:ખડાના દિવસ હવે દૂર પળીયા (૨)
મળ્યા નાથ થઇ છું નીશંક—પ્રગટ થયા નાથજી
હું તો મગન થઇ મળી માવને (૨)
વળી ટળ્યા છે તનડાના તાપ—પ્રગટ થયા નાથજી
ભેટયા નીશકુળા નંદના નાથજી (૨)
તેણે સમીયા છે સરવે તાપ—પ્રગટ થયા નાથજી

૧૩૨

હું તો પરણી મારા પ્રીતમની સંઘાત, વહાલમજી હું તો પરણી;
બીજાના મીંઢળ નહિં રે બાંધુરે—હું તો પરણી.
ચારે ચારે જુગની રાણા, ચોરીયો ચિત્રાવીરે હાં (૨)
વહાલમજી હું તો મંગળ વરતીછું એ ને ચાર (૨)—બીજાનાં.
ઘઉંરે ચોખલીયા રાણા, જમવા નથીરે હાં (૨)
વહાલમજી અમે પ્રેમના ટુકડા માગી ખાઇશું રે(૨)—બીજાનાં.
મોતીનીરે માળા રાણા, કામ ન આવેરે હાં (૨)
વહાલમજી અમે તુળશીની માળા પહેરી રહીશું રે(૨)-બીજાનાં.
હીરનીરે સાડી રાણા, કામ ન આવેરે હાં (૨)
વહાલમજી અમે ભગવા પહેરીને નીત્ય ફરશું રે (૨)—બીજાનાં.
બાઇ મીરાં કહે છે પ્રભુ, ગીરધરનાં ગુણ હાં (૨)
વહાલમજી હું તો તમને ભજીને થઇ છું ન્યાલ (૨)—બીજાનાં.

૧૩૩

જોઈ વિચારી હું વરી છું, હવે ડગે નહીં મન જોને;
શામળીયાજી સરવસ સોંપ્યું, તમને તન મન ધન જોને.
ત્રિભોવન વ્યાપક તેજ તમારૂં, નેહ નિરંતર કીધો જોને;
અંતરનો અહમેવ તજીને, પ્રેમ સુધારસ પીધો જોને.
રસનો ચટકો રૂદીએ લાગ્યો, તે ટાળ્યો કેમ ટળશે જોને;
જે સરીતા ચાલી સાગરમાં, તે પાછી કેમ ફરશે જોને.
એક પલક અળગા નવ મુકું, હરિ હૈયાનો હાર જોને;
પ્રીતમનો સ્વામી શામળીઓ, પ્રાણ તણો આધાર જોને.

૧૩૪

આનંદકારી અખંડ વીહારી, આદ્ય પુરૂષ અવિનાશી જોને;
એક પલક અળગા નવ રહીએ, હમે તમારી દાસી જોને.
મારૂં મન માન્યું તમ સાથે, કોઇ કહીને શું કરશે જોને;
સીદ્ધ સતીને શુરવીર નર, તે પાછા કેમ ફરશે જોને.
થાક્યાના વિસામા પ્રભુજી, નાઠાના મેવાસી જોને;
શીવવીરંચી સરખા સેવે, કમળા જેની દાસી જોને.
ત્રિવીધી તાપે તપી રહ્યા તેને, ઠરવાનું ઠેકાણું જોને;
કામનીઓના કલ્પદ્રુમ છો, નિરધનીઆ ધન જાણું જોને.
શું કરશે સંસારી કહીને, તમ સંગાથે સાચું જોને;
પ્રીતમનો સ્વામી શામળીઓ, કામ નથી કાંઇ કાચું જોને.

૧૩૫

સુતા બેઠા શામળીઆજી, તાન તમારી સાથે જોને;
બોલ્યું ન ગમે બીજા કોઇનું, નેહ વધાર્યો નાથે જોને.
દાતણ કરતાં દર્શન પામું, નાહતા નજરે ન્યાળું જોને;
ભોજન વેળા ભેળા ભાળું, આનંદ ઉર ઉપજાવે જોને.
વસુધા ઉપર વ્યાપક દેખું, ગગને જોઉં તો ગાજે જોને;
દસે દીશા દીસે છે રમતા, સઘળે શ્યામ બીરાજે જોને.
સર્વ નિરંતર અંતરજામી, કોઇક ઉરમાં આણે જોને;
પ્રીતમના સ્વામીની સાથે, કોઈક માનુની માણે જોને.

૧૩૬

પાણીમેં મીન પીયાસી,
મોય દેખત આવે હાંસી (૨)
આત્મજ્ઞાન વિના નર ભટકે,
કોઇ મથુરાં કોઇ કાશી (૨)
જોગી હોકર બસે જંગલમેં (૨)
બન બન ફરે ઉદાસી—પાણીમેં૦
કસ્તુરી મૃગનાભી બસતહે,
ઢુંઢત હે બન ધાસી (૨)
પોથી પઢ પઢ પંડીત મુવે (૨)
તોયે ન મીલે અવીનાશી—પાણીમેં૦

મસીદ ચઢકર મુલ્લાં પોકારે,
તોયે ન મીટે જમ ફાંસીરે (૨)
કહત કબીરા સુનો ભાઇ સાધુ (૨)
ગુરૂ બીના ન ટળે ચોરાશી-પાણીમેં૦

૧૩૭

અમે આવ્યા તમારે આસરે અલબેલાજી (૨)
હવે શું કરીએ જઇ સાસરે, અલબેલાજી (૨)-અમે આવ્યા.
મને ફેરાનું ફળ અહીં મળ્યું, અલબેલાજી (૨)
મારૂં મનગમતું મુજને મળ્યું અલબેલાજી (૨) અમે આવ્યા.
આ હીરલો લાધ્યો હાથમાં અલબેલાજી (૨)
તમે સદાએ રહેજો સાથમાં અલબેલાજી (૨) અમે આવ્યા.
વલ્લભનાં સ્વામી છો ધણી અલબેલાજી (૨)
હું તો દાસી છું રે તમતણી અલબેલાજી (૨) અમે આવ્યા.

શ્રીકૃષ્ણ જન્મ વિષે.

૧૩૮

કાહે ન મંગલ ગાવે યશોદા મૈયા,
કાહે ન મંગલ ગાવે. (ટેક)
પુરણબ્રહ્મ સકલ અવિનાશી (૨)
સો તેરી ધેનુ ચરાવે—યશોદા૦

કોટિ કોટિ બ્રહ્માંડ કે ભર્તા (૨)
જપ તપ ધ્યાને ન આવે,
ન જાનું યહ કોન પુન્ય હય (૨)
જશોમતિ ગોદ ખેલાવે—યશોદા૦
શિવ સનકાદિક આદિ બ્રહ્માદિક(૨)
નિગમ નેતિ યશ ગાવે,
શેષ સહસ્ત્ર મુખ રટત નિરંતર (૨)
સો જાકો પાર ન પાવે—યશોદા૦
સુંદર બદન કમલ દલ લોચન (૨)
ગો ધેનુ કે સંગ આવે,
માતા યશોદા કરત આરતી (૨)
કબીરા દરશન પાવે—યશોદા૦

૧૩૯

શ્રાવણ વદી આઠમ બુધવારી, નક્ષત્ર રોહીણી આયોરે (૨)
અધરાત જાતાં અવિનાશી, પુત્ર જસોદા જાયોરે-શ્રાવણ૦
જય જયકાર થયો ત્રીલોકમાં, દેવત્રીયાં મળી નાચેરે (૨)
આંગણીયે બ્રહ્માદીક આવીને, વેદતણી ધુન વાંચેરે-શ્રાવણ૦
નંદરાય ઘેર ઓત્સવ ભારી, ઉલટયો ગોકુળ સારોરે; (૨)
ગોપી આય કહે જસોદાને, જીવો લાલ તમારોરે-શ્રાવણ૦

જન્મ સુણી આવ્યા સિદ્ધચારણ, ગંધર્વ ઉભા ગાવેરે (૨)
બ્રહ્માનંદના નાથને હેતે, વ્રજની નાર વધાવેરે–શ્રાવણ૦

૧૪૦

નંદ જસોદાના ભાગ્યનો મહીમા, મુખ વર્ણવ્યો નવ જાવેરે;
પુરૂષોત્તમ જેના પુત્ર થયા, નિત્ય ખોલામાં લઇ ખેલાવેરે–નંદ.
ધન્ય ધન્ય વ્રજની ભોમ સખી જેની, રજવંદે ત્રિપુરારીરે; (૨)
અનંત બ્રહ્માંડપતી ત્યાં આવી(૨)પ્રગટયા તે દેવમુરારીરે-નંદ.
બ્રહ્માદીક સીદ્ધરાજ મુનિ જેનું, ધ્યાન ધરી ધરી હાર્યારે; (૨)
તે વહાલો ગોવાળાના ઘરમાં (૨) પ્રીત કરીને પધાર્યારે–નંદ.
અક્ષર ધામથી અધિક થયું આજ, નંદરાયનું ફળીયુંરે; (૨)
બ્રહ્માનંદના નાથને નીરખી(૨) નેણ તણું ફળ મળીયુંરે–નંદ.

૧૪૧

ભાગ્ય બડા વ્રજની ભોમીના, જન્મ્યા અંતરજામીરે;
અખીલ ભુવનના કરતા હરતા, બ્રહ્માદિકના સ્વામીરે–ભાગ્ય.
ગુણીજન મંગળગીત ઉચ્ચારે, નંદરાયની ડેલીરે (૨)
મન ફુલ્યા વ્રજની વનિતાના(૨)ફુલીછે વનની વેલીરે–ભાગ્ય.
જાગૃત માન થયા દ્વિજ અગ્નિ, હેતેમંગળ થઇ ડોલેરે(૨)
ચિરંજીવી રહો લાલનંદનો(૨)જય જય વાણી બોલેરે-ભાગ્ય.
નન્દ ભુવન આવી વ્રજનારી, સર્વે બુદ્ધી બાળીરે (૨)
બ્રહ્માનંદ વારણીયા લેવે (૨) ભુધરનું મુખ ભાળીરે–ભાગ્ય.

૧૪૨

આજ સખી હું તો આનંદ પામી (૨)
પ્રગટ્યા શ્રી અંતર જામીરે—ચાલો જોવાને જઇએ.
ચીરના ચંદરવાને હીરની છે દોરી (૨)
એ સુખ માણે રાધા ગોરીરે—ચાલો જોવાને જઇએ.
સોનાનું પારણું ને રેશમની દોરી (૨)
ઝુલાવે જશોદા ગોરીરે—ચાલો જોવાને જઇએ.
ફુલની છે જાળી ને ફુલની છે વાડી (૨)
ફુલી ફરે છે વ્રજનારી રે—ચાલો જોવાને જઇએ.
કેડે કંદોરો ને દુગદુગી દોરો (૨)
કડાં શોભે હરિને હાથેરે—ચાલો જોવાને જઇએ.
અબીલ ગુલાલ ઉડાડે છે ગોપી (૨)
કંઠડામાં ફુલ માળા રોપીરે—ચાલો જોવાને જઇએ.
મોર મુગટ શીર છત્ર બીરાજે (૨)
હરિ મુખ મોરલી બજાવેરે—ચાલો જોવાને જઇએ.
નરસિંહ મહેતાનોરે સ્વામી શામળીઓ (૨)
ગોકુળમાં છેલ છબીલોરે—ચાલો જોવાને જઇએ.

૧૪૩

આજે આનંદ નંદજીને ઘેરરે, વ્રજમાં થાય છે લીલાલહેરરે.
ગોપીઅતીરે ઉલટભર્યા આવેરે, થાળ મોતીના ભરીભરીલાવેરે.
મારા વહાલાને વિવેક વધાવેરે, વાલો ત્રિભોવનનાથ કહેવાયેરે.
એવાં હેત ગોપીપર કીધાંરે, દહી માંખણ ચોરીને પીધાંરે.
વહાલા મથુરામાં શું દીઠું રે, એવું કુબજામાં શું દીઠું રે.
વાલો કુબ્જાની સંગે મોહ્યારે, વાલો ગોપીઓની સાથે સોહ્યારે.
ગોકુળમાં આવોને વ્રજના વહાલારે, તમે નંદજશોદાના લાલારે.
ગોકુળ આવોને વ્રજના વાસીરે, હું તો તમ માટે છઉં પ્યાસીરે.
ગોકુળ આવોને ગિરિવરધારીરે, તમારી વાટ જુવે વ્રજનારીરે.
વહાલા જમુનાજીને ઘાટેરે, તમે વસ્ત્ર હર્યા શા માટેરે.
વહાલે ગિરિગોર્ધન તોળ્યોરે, એવો મદ ઇંદ્રનો ઉતાર્યો રે.
વહાલા વૃંદાવનની વાટેરે, તમે મહી લુંટયા શા માટે રે.
વહાલા જમુનાજીને તીરેરે, વહાલે મોરલી વગાડી ધીરેધીરે રે.
ધન્ય ધન્ય જુમનાજીનો આરોરે, મારો સફળ થયો જન્મારોરે.
ધન્ય ધન્ય જુમનાજીની રેતીરે, હું તો નિત્ય ચરણામૃત લેતીરે.
વહાલો વૃંદાવન રમીયા રાસરે, વહાલે પુરી સર્વે ગોપીનીઆશરે.
બલીહારી જાય માધવદાસરે, માગે ચરણ કમળની આશરે.

૧૪૪

ઉતારો આરતી શ્રી કૃષ્ણ ઘરે આવ્યા (૨).
માતા જશોદા કુંવર કાન ઘરે આવ્યા (૨)
હરખને ઉલ્લાસમણે શામળીઓ ઘેરે આવ્યા (૨)
ઝીણે ઝીણે ચોખલીએ ને મોતીડે વધાવ્યારે—ઉતારો૦
ધ્રુઇને ધનવંતો કીધો (૨) વેગ કરીને શરણે લીધો (૨)
સાગર ઉપર પાલજ બાંધી (૨)દશમસ્તકનોરાવણમાર્યો (૨)
વીભીષણને લંકા આપી (૨) સીતા વળી લાવ્યારે-ઉતારો૦

શ્રીકૃષ્ણ લીલા વિષે.

૧૪૫

જય જય કૃષ્ણ, કમલદલ લોચન,
કલિમલ મોચન કંસ અરિરે, (ટેક)
જય જગવંદન દેવકી નંદન (૨)
પરમાનંદ મુકુંદ હરિરે—જય જય૦
જય વરદાયક યદુકુળ નાયક (૨)
દાનવ નાશક સબળ હરિરે—જય જય૦
જય કમલાવર જયમંગલ કર (૨)
તમ ચરણે નમું પ્રેમ ધરીરે—જય જય૦

૧૪૬

વ્રજ વહાલુંરે વૈકુંઠ નહીં આવું રે (૨)
ત્યાં નંદ કુંવર ક્યાંથી લાવું રે—વ્રજ વહાલું૦
ત્યાં લલિત ત્રિભંગી નથી ગિરધારી (૨)
સંઘે સોહીયે રાધા પ્યારી (૨)
એમને નિરખતાં આંખ ઠરે મારીરે—વ્રજ વહાલું૦
ત્યાં જમુના શ્રી ગિરિવર છેજ નહીં રે (૨)
મારૂં મનજ સત્ય ઠરેજ નહીં રે (૨)
મારા પ્રાણ પ્રસન્ન ત્યાં રહેજ નહીં રે—વ્રજ વહાલું૦
ત્યાં શ્રી વંદ્રાવન રાસ નહીં રે (૨)
વ્રજવનિતાની સંગે વિલાસ નહીં રે (૨)
વિષ્ણુવેણું વાયાનો અભ્યાસ નહીં રે—વ્રજ વહાલું૦
વ્રજ વશવામાં સીવ સખી રૂપે થયા (૨)
એ લીલા હરીજન જોઇ રહ્યા (૨)
એવા ઓધવ સરીખા એક સખા રે થયા—વ્રજ વહાલું૦
સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું રે (૨)
મને ન ગમે બ્રહ્મ સદન અડવું રે (૨)
ધિકધિક એ સુખ પામીને પડવું રે—વ્રજ વહાલું૦

१४७

હાંરે રથ ફેરો ગોકુલ રથવાલા (२)
તમે નંદ જશોદાના લાલા રે—રથફેરો૦
ગંગારે તલપે જમુનારે તલપે (२)
તલપે છે નદીઓ નાળા રે—રથફેરો૦
ગાયોરે તલપે, વાછરૂ તલપે (२)
તલપે છે ગોપ બીચારા રે—રથફેરો૦
ચંદ્રમા તલપે, સુરજ તલપે (२)
તલપે છે નવ લખ તારા રે—રથફેરો૦
વલ્લભ વિના, ગોપીઓ તલપે (२)
તલપે છે પ્રાણ હમારા રે—રથફેરો૦

१४८

મારી બાળપણાની પ્રીતુંરે, કાંઈ નાનપણાનો નેડોરે;
મારે પ્રભુ ભજયાનો હેડોરે, ઓધા મંદીરીયે આવજોરે.
જોઇ જોઇને હોરીએ જાતું, બીબા વિનાની ન પડે ભાતું;
ભાર ઝાલે ભીંતું રે-કાંઇ ભાર ઝાલે ભીંતુ રે-ઓધા૦
દાસી ઉપર નવ કરીએ દાવો, મારે મહોલે નવ આવે માવો;
આવડો અભાવો રે-કાંઇ આવડો અભાવોરે-ઓધા૦

આવોને વાલમ કરીએ વાતું, તમ વિના હવે નથી રહેવાતું;
આવડી એકાંતુ રે–વહાલા આવડી એકાંતુ રે–ઓધા૦
જીવણદાસની ભાંગીયું ભ્રાન્તું, ચરણદાસની પુરીયું શાખું;
વરસીયું શું વાતું રે–વહાલા વરસીયું શું વાતું રે–ઓધા૦

૧૪૯

ગોપીજનનારે પ્રાણ તે તો, પ્રભુજીની પાસે,
આ તો રહ્યાં છે તે તો, સુનાં શરીર—ગોપીજનના૦
કર્મે અમારો ક્યાંથી, અક્રુર આવ્યો (૨)
છળ કરી લઇ ગયો, બળભદ્ર વીર—ગોપીજનના૦
રથને રોકીને જ્યારે, રહ્યાંરે રાધાજી (૨)
તેમને તે આપી બહુ, ધારણ ધીર—ગોપીજનના૦
આવ્યાની આશે અમે, રહ્યાંરે વિશ્વાસે (૨)
આવડું ન જાણ્યું હરિ, હૈડાંનું હીર—ગોપીજનના૦
વચન તમારા ઉદ્ધવ, રૂદીયામાં વાગ્યાં (૨)
એ તો લગાડયા જેમ, તાણીને તીર—ગોપીજનના૦
જંલ વિના જીવે તે તો, જાણો દાદુરડાં (૨)
મીન મરે જ્યારે, ન મળે નીર—ગોપીજનના૦
પ્રેમની વાતો તે તો, પ્રેમી જન જાણે (૨)
વંઝ્યા ન જાણે કાંઇ, પ્રસવની પીડ—ગોપીજનના૦

શ્યામ સ્વરૂપ વિના, શું થાય સાધન (૨)
અંબ તજીને કોણ, સેવે કરીર—ગોપીજનના૦
ગીરધર લાલ વિના, અવર ન ગોઠે (૨)
નેણામાં વસી રહ્યો, નંદકુમાર—ગોપીજનના૦
કેસરી ભૂખ્યો ક્યારે, ઘાસ ન ખાયે (૨)
ચડયો ન ઉતરે કાંઇ, સતીનો શણગાર—ગોપીજનના૦
એક પલક અમને, કહો કેમ વીસરે (૨)
પ્રીતમનો સ્વામી અમારો, પ્રાણ આધાર—ગોપીજનના૦

૧૫૦

વૃંદાવનનોરે ચંદ્ર મારે, રૂદીયે વસ્યો છે (૨)
ઓધવજી ભલે આવ્યા, તમે રે આજ—વૃંદાવન૦
ગોવીંદજીની રે ગોઠડી કીજે (૨)
મૂકી દેઇ સર્વે, મનની રે લાજ—વૃંદાવન૦
ગયા પછી ફરી, ગોકુલ નાવ્યા (૨)
એવો અમારો શો, દીઠોરે દોષ—વૃંદાવન૦
વસુદેવ દેવકીને, સંતાપ્યા જેણે (૨)
તેની ઉપર શો, કરવો રે રોશ—વૃંદાવન૦
લોકની લાજ અમે, સર્વે નીવારી (૨)
બાલાપણાથી કીધી, પૂરણ પ્રીત—વૃંદાવન૦

કુબ્જાના ભોગ જોગ, ભાળવો અમને (૨)
એવી તમારી છે, ઉલટીરે રીત—વૃંદાવન૦
મથુરાનિવાસી એ તો, કંસની દાસી (૨)
હાંસી કરે છે અમને, સઘળો સંસાર—વૃંદાવન૦
મધુપુર મેલી હવે, કંઇએ ન જાશો (૨)
કુબ્જા સરીખી તમને, નહીં મળે નાર—વૃંદાવન૦
ભાગ્ય ખરો ત્યારે, મળી એ ભામની (૨)
પુણ્ય કર્યો તે કેમ, પાછાંરે થાય—વૃંદાવન૦
કુબ્જા રે એવી જેવા, ઠાકોર તમારા (૨)
તેવા પ્રીતમ તેમના, ગુણ ગાય—વૃંદાવન૦

૧૫૧

ગોકુલ વહેલા પધારજોરે (૨)
મથુરા જાઓ તો મારા સમ હો લાલ—ગોકુલ વહેલા૦
રથ જોડીને અક્રૂર આવીઆરે (૨)
એ તો મને દુઃખડાંના દેનાર હો લાલ—ગોકુલ વહેલા૦
ઓ જાય ઓ જાય રથ મારા નાથનો રે (૨)
માંહિ બેઠા હળધર વીર હો લાલ—ગોકુલ વહેલા૦
આગળ રાધાજી ઉભાં રહ્યારે (૨)
મારા રૂદીઆ પર રથ ખેડો હો લાલ—ગોકુલ વહેલા૦

મહેતા નરસીંહનો સ્વામી શામળોરે (૨)
વહાલે મારે રમાડયા છે રાસ હો લાલ—ગોકુલ વહેલા૦

૧૫૨

નિત્ય નિત્ય ભજીએ તારૂં નામ, તારૂં નામ, તારૂં નામરે,
પ્રેમ થકી, અમોને પ્રભુજી મળ્યા હોજી (ટેક)
આણી તીરે ગંગા વહાલા, ઓલી તીરે જમુના વહાલા (૨)
વચમાં ગોકળીયું રૂડું ગામ, રૂડું ગામ, રૂડું ગામરે—પ્રેમ૦
વંદ્રા તે વનમાં વહાલે, રાસ રચ્યો છે સખી (૨)
સોળસે ગોપીમાં, ઘેલો કાન, ઘેલો કાન, ઘેલો કાનરે—પ્રે૦
અન્ન ન ભાવે નયણે, નિંદ્રા ન આવે વહાલા (૨)
સેજે પધારો, મારા શ્યામ, મારા શ્યામ, મારા શ્યામરે—પ્રે૦
બાઇ મીરાં કહે પ્રભુ, ગીરધરના ગુણ વહાલા (૨)
છેલ્લી બાકીના, રામો રામ, રામો રામ, રામો રામરે—પ્રે૦

૧૫૩

સખી આજરે, બાજે વંદ્રાવન વાંસળી (૨)
શ્રી ગોકુળીએ સંભળાય—સખી૦
હાંરે સખી બનસી તે કેરા નાદમાં (૨)
હાંરે મારૂં ચીત્તલડું ચોરાય—સખી૦
હાંરે સખી શુદ્ધ બુદ્ધ ભુલી સુંદરી (૨)
હાંરે સખી સર્વે તજીને વન જાય—સખી૦

હાંરે સખી ભુલ્યા તેં માત તાત ભ્રાતને (૨)
હાંરે સખી ભુલ્યા કુટુંબ પરીવાર—સખી૦
હાંરે સખી ગાયોના દોવણા ભુલી ગયાં (૨)
હાંરે સખી બદલીમાં બાંધ્યા બાળ—સખી૦
હાંરે સખી દાસ વલભની વિનતી (૨)
હાંરે સખી દેજો તે વ્રજમાં વાસ—સખી૦

૧૫૪

શરદ રેન ઝુક રહી બનમે પ્યારે (૨)
સો મોરલી અધર ધરી, હાં—હાંજી પ્યારે મોરલી અધર ધરીરે
નેપુર કંકણ કંકણી બાજે, ગળે મોતીયનકી માળારે (૨)
બાજુબંધ સુરજ કેરી જોત ૨) કુંડળ મુગટ ધરે,
હાં--હાંજી પ્યારે કુંડળ મુગુટ ધરેરે—શરદ રેન૦
શ્રવણ સુનત વિરહ તાપ ભયો હય, સુતપતિ છાંડ ચલીરે(૨)
હરી દરશનકી ભઇ પ્યાસી સો, પ્રભુ દરશનકી ભઈ પ્યાસીસો,
ચરનમેં આઇ પડીરે—હાં—હાંજી પ્યારે ચરનમેં, આઇ પડીરે
—શરદ રેન૦
દેખી સુંદર રૂપ મનોહર, તનકી દિશા ગઇરે (૨)
સુરદાસ પ્રભુ મન્મથ કોટીક, હરની રાસ રચી-(૨)
હાં હાંજી પ્યારે હરની રાસ રચીરે—શરદ રેન૦

૧૫૫

બેની વ્રજમાં વાતો એવી થાય છે રે (૨)
મારો વહાલો મથુરામાં જાય છેરે—બેની વ્રજમાં૦
સર્વે વ્રજની સુંદરી ભેળી થઇ રે (૨)
રથ રોકીને આડી ઉભી રહીરે—બેની વ્રજમાં૦
રથ જોડીને અક્રૂર આવીયારે (૨)
તમે શા શા સમાચાર લાવીઆરે—બેની વ્રજમાં૦
અમે મહેતા નરસૈયાના સાથમાંરે (૨)
અમે છઇએ હરિ તમારા હાથમાંરે—બેની વ્રજમાં૦

૧૫૬

મથુરામાં હરિને જવા નહીં દઉંરે (૨)
અબળાનું મોહનજી માનો કહ્યું રે—મથુરામાં૦
જે કહેશો તે સ્થિર કરી સ્થાપશું રે (૨)
કુબ્જાથી અધિક સુખ આપશું રે—મથુરામાં૦
એમ કહેતાં અમારાં કહ્યાં નહીં કરો રે (૨)
અમને મારીને પછે ડગલાં ભરો રે—મથુરામાં૦
સર્વે સુંદરીને સાથે તેડશું રે (૨)
કહે ગેમલજી પછે રથ ખેડશું રે—મથુરામાં૦

૧૫૭

રે ઓધા શું રે થયું વ્રજનારને રે (૨)
મહી સાટે વેચે છે મોરારને રે (૨)—ઓધા૦
ગોપી પ્રેમે મંદીરમાંથી નીસર્યા રે (૨)
એના શરીરની શુદ્ધ બુદ્ધ વીસર્યા રે (૨)—ઓધા૦
એવી આતુરતા લાગી એના અંગમાં રે (૨)
મારો વહાલો બીરાજે એના સંગમાં રે (૨)—ઓધા૦
કાંઇક કારણ થયું છે એને વાટમાં રે (૨)
રે બહુ નામી બીરાજે એના માટમાં રે (૨)—ઓધા૦
રે નરભેરામના સ્વામીની રીત છે રે (૨)
રે મારે પૂર્વ જન્મની પ્રીત છે રે (૨)—ઓધા૦

૧૫૮

વહાલા જીવડો મારો તલપે તમ દર્શન વિનારે,
છબીલા મહેર કરી દીયો દાસીને દરશન,
ગોકુલ આવોને શ્રીનાથજી નંદાનંદનારે.
નટવર સ્નેહ ધરી વૃજ વનિતા સામું નીહાળજોરે,
કૃશ તન થાય પ્રફુલીત મળતાં વારી મીન—ગોકુલ આવોને૦

સાખી.

મથુરા ગયા મોરારજી, છળ કરી સુંદર શ્યામ;
તે દીનથી અંન પરહર્યો, નિશાએ નિંદ હરામ.

વહાલા વિરહ દશાનું દહન કરે, દીલ માહરૂં રે,
દૃષ્ટી વૃષ્ટીએ કરો તો શાન્તી થાય—ગોકુલ આવોને૦

સાખી.

મુર્તિ મનોહર માવજી, છાઇ રહી ચીત માંય;
અરૂચી ઉપજે અવરમાં, જંખુ શ્રી જાદવરાય.
જંખીયે સ્વપના આવે, નાથ તમારા નામનારે,
ઝબકી જાગું તો ઉપજે છે દારૂણ દુ:ખ—ગોકુલ આવોને૦

સાખી.

વૃન્દાવન સખી શરદનો, મનહર મોરલી નાદ;
રાસ રમ્યા રસીલા પ્રભુ, એ સૌ આવે યાદ.
કાળજું હાહા થાય સંભારૂ કેલી વૃજનીરે,
વહાલા કેમ વીસરીયે વીહારની જે વાત—ગોકુલ આવોને૦

સાખી.

કુબ્જા પાસે કૃષ્ણજી, શું છે મોહન મંત્ર;
સ્વતંત્ર સુંદર શ્યામ છો, કેમ બન્યા પરતંત્ર.
વહાલા સકળ જગતના જન્મ મન પ્રેરક આપ છોરે,
ચોર્યું કંસ કીંકરીરે કેમ તમારૂં ચીત્ત—ગોકુલ આવોને૦

સાખી.

આશા દઇ અળગા રહ્યા, અવધ કરી અસુરાર;
જળ નયણે વહેતું કર્યું, કપટી કુંજ વીહાર.

મીથ્યા નામ ધરાવો, નિજજન પાલક નાથજીરે,
કરશે કોણ જગતમાં વનમાળી વીસવાસ—ગોકુલ આવોને૦

સાખી.

રીસ ચડેજો રાજવીર, તરત થજો તૈયાર;
વેગે વૃજમાં આવીને, શ્યામાની લેજો સંભાળ.
હિતકરી હરીદાસના પ્રભુ, નીજજન નેહ નીભાવજોરે,
પ્રીતમ પ્રેમથકી મેં, તનમન કીધાં તુજ—ગોકુલ આવોને૦

૧૫૯

ગોકળીયું છોટું ગામડીયું, શા માટે આવે શ્યામ (૨)
કુબજા છે નારી અતિ કામણ ગારી (૨)
તેણે તો વીસરાવી દીધા, નંદજીના ગામ—ગોકળીયું૦
મથુરાની અંદર, મણીજડ મંદીર (૨)
ધુળના ઢાંકેલા હવે શીદને ગમે ધામ—ગોકળીયું૦
કહે કવી પીંગળ, મુરતી છે મંગળ (૨)
મારા રૂદીઆમાં વસો તો મારે શું છે બીજું કામ—ગોકળીયું૦

૧૬૦

ઓધા શ્યામરે—ઓધા, શ્યામ વિના તે આવ્યા કેમ ?
મારો વહાલો તે રજ વિસરે નહીરે. (ટેક)
એના વિના સુનાં તે મંદીર માળીયાં રે (૨)
સુનાં પડીયારે; સુના પડીયા મેડી કેરા ગોખ—મારો૦

ઓધા, માતપિતા પુત્ર સર્વે તજ્યા રે (૨)
હવે તજશું રે, હવે તજશું તે કુળ કેરા ધર્મ–મારો૦
ઓધા, શ્યામ સુંદરના લઉં વારણા રે (૨)
એને માટેરે, એને માટે ફરૂં જમનાજીના ઘાટ–મારો૦
ઓધા, વૈકુંઠમાં જાવું નથી રે (૨)
મારે રહેવું રે, મારે રહેવું શ્રીનાથજીની પાસ–મારો૦
ઓધા માધવદાસની વિનતિ રે (૨)
મને રાખોરે, મને રાખો મારા વહાલાજીની પાસ–મારો૦

ભગવદ આશરા વિષે.

૧૬૧

મેં ભરોસે અપને રામકે, મેં ભરોસે અપને રામકે (ટેક)
ઓર ન હય કછુ કામકે, મેં ભરોસે અપને રામકે–મેં૦
જો માગે સો દેત પધારથ, વારી જાઉં ઇસ નામપેં–મેં૦
દોઉ અક્ષર હય સબકુલ તારક, અંતદેત સુખ ધામકે–મેં૦
તુલશીદાસ પ્રભુનામ દયાધન, ઓર દેવ સબ નામકે–મેં૦

૧૬૨

રામ સમરતારે કાંઇ ફીકર નહીં સબ દુઃખડા મીટજાવેરે(ટેક)
આરે કાયામાં પાંચ પુરૂષ, ત્રણ નજરે આવેરે (૨)
ગુરૂ મળે તો જ્ઞાન બતાવે (૨) ખોળે ખબરો પાવેરે–રામ૦

વિંધ્યા એટલા મોતીડાને, બીજા પથ્થર પાવેરે—રામ૦
સમજ્યા એટલા માનવી ભાઇ(૨)ગાફલ ગોથા ખાવેરે—રામ૦
સાત સમુદ્ર વચમાં બેટ, નિત્યે કીર્તન ગાવેરે (૨)
હરતાં ને ફરતાં રામ સમરલે, પલમેં પાર પહોંચાવેરે—રામ૦

૧૬૩

સૌથી સમરથ રાધાવરનો આશરો,
જેના જનને દુભવી શકે નહિં કોઇ જો;
જમનું જોર ન ચાલે દોષ કરે કદા,
ક્ષમા કરે કે હરિ ચહાય તો જોયજો—સૌથી.

બીજા સૌ મોટા પણ હરિના હુકમથી,
સુરબ્રહ્મા ગણપતિ શક્તિ શિવ શેષજો;
કેશવ કોપે કોઇનું બળ ચાલે નહિ,
એ સૌ રૂઠે હરિજન ડરે ન લેશજો—સૌથી.

જુઠો હરીનો ભગત જગતમાં થઇ ફરે,
એવાનું પણ માધવ રાખે માન જો;
બાનુ પોતાનું જોઇ પાળે બીરદને,
જેમ જડ પુરોહીતને પોખે જજમાન જો—સૌથી.

માયા કાળ તણો ભય કોઇથી નવ ટળે,
અભય અચળ કરવા સમરથ નહિ કોઇજો;
વિના એક શ્રી ગિરિવરધારી લાલજી,
કોણ શરણ જાતામાં સનમુખ જોયજો—સૌથી
શ્રીજીજનના અવગુણ તે પણ ગુણ ગણે,
સહજ કરે શરણાગત આપ સમાનજો;
સમોવડ કીધો શરણ જતાં મળમાસને,
આપી દીધું પુરૂષોત્તમ અભિધાનજો—સૌથી
એવા કરૂણાનિધિ સમરથ શ્રીનાથજી,
દાસ દયાના પ્રીતમ પ્રાણ આધારજો;
એને મુકી અન્ય તણો આશ્રય કરે,
તે નિર્ભાગી મુરખનો સરદાર જો—સૌથી.

૧૬૪

હરિને ભજતાં હજુ કોઈની લાજ, જાતાં નથી જાણીરે;
જેની સુરતી શામળીયા સાથ, વદે વેદ વાણીરે–(ટેક)
વહાલે ઉગાર્યો પ્રલ્હાદ, હિરણ્યકશ્યપુ માર્યો રે (૨)
વિભીષણને આપ્યું રાજ્ય, રાવણને સંહાર્યો રે–હરિને૦
વહાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યોરે(૨)
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યોરે–હરિને૦

વહાલે મીરાં તે બાઈનાં ઝેર, હળાહળ પીધાંરે (૨)
પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે—હરિને૦
આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશેરે(૨)
કર જોડી કહે પ્રેમળદાસ, ભકતોનાં દુઃખ હરશેરે—હરિને૦

૧૬૫

કોઈનો ભાર ન રાખે મોરારી,આપે વ્યાજ સીખેગર્થવાળી(ટેક)
સુદામાજીનાં તાંદુલ લીધા, તેના મોલ કનકનારે કીધા;
દ્રોપદીજીનું આવ્યું રે ટાણું, ચીર પુર્યા તે નવસે નવાણું—
પાટો બાંધ્યો તે પીડારે જાણી, ચીર પુર્યાની એ એંધાણી—
થોડું ચદન કુબજાનું લીધું, એને રૂપ અનુપમ દીધું.
ગોવાળીએ ઓછવ કીધો, વહાલે કર પર ગોવર્ધન લીધો.
જેનું લીધું હતું તેનું દીધું, તેમા પરમારથ શું કીધું.
ધન્ય ધન્ય નરસિંહા તારી વાણી,એમ બોલ્યા તે સારંગપાણી.

૧૬૬

જેજન ઓધા મોહે ન બિસારે,તાહે ન બિસારૂં છીન એકઘડીરે.
મોકું ભજે ભજું મેં વાકું, કલ ન પડત છિન એક ઘડીરે;
જન્મ મરણકા સંકટ કાટું, રાખું મેં આનંદ ભરીરે—જે.
સુમરન કીનો દ્રોપદી રાની, ચીર બઢાએ પ્રભુ આપ હરીરે;
મહાભારત ભરવીકે ઈંડા, રાખલીઓ ગજઘંટ ધરીરે—જે.

ધ્રુવ પ્રલ્હાદ રેન દિન ધ્યાવે, ગુપ્ત રૂપસો પ્રગટ કરીરે;
ખંભફાડહિરણ્યકશ્યપુ માર્યો, ભક્તપ્રલ્હાદકી રક્ષા કરીરે–જે.
અંબરીખ ઘર ગયે દુર્વાસા, ચક્ર પઠાયે પ્રભુ સહાય કરીરે;
ભજનહારભજું તજનહારતજું, એસીહમારી પરાપરીરે–જે.
પાંચ પાંડવકી રક્ષા કીની, લાખા ગ્રહમેં સહાય કરીરે;
સુર કહે ગજરાજ ઓધાર્યો, દયાસિંધુ જદુનાથ હરિરે–જે.

૧૬૭

ભક્તોની ભીડ ક્યાં ન આવ્યોરે–હું તો ભક્તોની૦
કહે છે શ્રી રણછોડ રાયો રે–હું તો ભક્તોની૦
કબીર સારૂ હું તો વણજારો થઇને (૨)
પોઠ ભરીને ઘેર લાવ્યો રે–હું તો ભક્તોની૦
ધના ભગતની મેં ખેતી નીપજાવી (૨)
ઘઉંનાં ગાડાં ભરી લાવ્યો રે–હું તો ભક્તોની૦
સેના ભગત સારૂ સન્મુખ રહીને (૨)
હું સેનો નાવી કહેવાયો રે–હું તો ભક્તોની૦
પ્રલ્હાદની મેં તો પાળી પ્રતિજ્ઞા (૨)
સ્થંભમાં વાસ કરાવ્યો રે–હું તો ભક્તોની૦
નામદેવ સારૂ મેં મારેજ હાથે (૨)
ઘરનો છાપરો છાયો રે–હું તો ભક્તોની૦

દામાજી સારૂ સામો મહારાજ થઇને (૨)
ભરણું ભરીને પોંચ લાવ્યો રે–હું તો ભક્તોની૦
નરસિંહ મેતાને માંડલિક મારવાને આવ્યો (૨)
કેદારો મધ્ય રાતે લાવ્યો રે–હું તો ભક્તોની૦
કુંવર બાઇનું મેં પૂર્યું મામેરૂં (૨)
મેં સૌનો કર ચુકાવ્યો રે–હું તો ભક્તોની૦
દાસ નારાણસિંગ કહે કરૂણા કરીને (૨)
કૃષ્ણજીએ કર મારો સહાયો રે–હું તો ભક્તોની૦

૧૬૮

ઓધા જાણેરે એને તે અમે જાણીએરે, (૨)
વર રાધાજીનો તો વખાણીયેરે (૨) ઓધા.
કંઇક જાણ્યાતા નરસિંહ નાગરેરે (૨)
હુંડી લખીતી કોરેરે કાગળેરે (૨) ઓધા.
કંઇક જાણ્યા સગાળ શેઠ વાણીએરે, (૨)
કુંવર વેંધ્યો સગાવતી રાણીએરે (૨) ઓધા.
કંઇક જાણ્યાતા હરિશ્ચંદ રાજીએરે (૨)
સત્ય રાખ્યાં તારામતી રાણીએરે (૨) ઓધા.
મુરખ ખોટાં કરમની કહાણીએરે (૨)
પથ્થર નહીં ભીંજે ઉડે પાણીએરે (૨) ઓધા.

ગુરૂ ગાયરે ગેમલ રસ માણીએરે (૨)
ગોરસ પીધા કાનુડે વર દાણીએરે (૨) ઓધા.

૧૬૯

પોતાના જનને ઉધારે, જેમ તેમ પોતાના જનને ઉધારે (ટેક)
કામી ક્રોધી લોભી અધમ અતિ, તેના ત્રાસ નિવારે (૨)
અવગુણ મૂળ સમૂળો છેદે, ભાવેસું ભક્તિ વધારે—જેમ૦
ક્રોધી કંસને આપ્યું અભેપદ, બીલ્વમંગળને તારે (૨)
લોભી કદરજ અધમ અજામીલ, તેને બીજો કોણ તારે—જેમ૦
સંસાર સાગરની લહેર ન લાગે, પ્રેમે શું પાર ઉતારે (૨)
દાસનાં દુખડાં ટાળે દયાનિધિ, પ્રિતમને પ્રભુ કેમ વિસારે-જેમ૦

અર્પણ વિષે.

૧૭૦

સુખ છે તમારા શરણમાં—હો શામળીયાજી;
એ મારા ગુરૂએ કહ્યું કરણમાં-હો શામળીયાજી. (ટેક)
જપ તપ તીરથ ચારે પદારથ (૨)
એ મારા ગુરૂજીના ચરણમાં—હો શામળીયાજી—સુખ છે.
પ્રેમે કરીને મારે મંદિરે પધારો વહાલા (૨)
ન જોશો જાત કુળ વરણમાં—હો શામળીયાજી—સુખ છે.

આઇ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ વહાલા (૨)
આડે આવજો મારા મરણમાં—હો શામળીયાજી—સુખ છે.

૧૭૧

મારા પગ તે ઘડજો પંખીતણા, હું તો જાઇશ જમુના તીરજો;
તપ તીરથ વૃત જો કરૂં, મારા ગુડા સાબીત હોય જો.
મારા હાથ તે ઘડજો હેમના, પુણ્ય કરીશ અપરંપાર જો;
સોળે તે હાથે વાવરૂં, મારી કાયાના ઉદ્ધાર જો.
મારા કાન તે ઘડજો કસીતણા, હું તો સાંભળીશ સર્વા બોલજો;
કથા ને કીર્તન મારે, જ્ઞાનના ધમધોર જો.
મારીઆંખતેઘડજોઅમીતણી, હું તો નિરખીશ રાયરણછોડજો;
નયણે નિરખું દીનાનાથને, મારાં હૈડાં ટાઢાં થાય જો.
મારૂં હૈયું તે ઘડજો હેમનું, મારી જીભ અમૃતવાણ જો;
હાલતાં ને ચાલતાં જો જપું, મારા હૃદે રહેજો રામ જો.
મારી દેહ તે ઘડજો દયાતણી, માંય લખજો પ્રભુજીનાં નામજો;
અંતકાળ વહેલા આવજો, તમે સાચા છો ભગવાન જો.

૧૭૨

સ્વામી સીતારામ કૃપા કર, કોન ભક્તિ કરી,
હરિકો રીઝાવું, પ્રભુકો રીઝાવું—સ્વામી સીતારામ. (ટેક)

જાકે ચરનસેં નીકસી સુરસરિત (૨)
તાકો ક્યા મેં સ્નાન કરાવું-સ્નાન કરાવું;
કોટિ ભાનુ જાને નખકી શોભા (૨)
તાકો ક્યા મેં રૂપ દીખાવું-રૂપ દીખાવું-સ્વામી.
અનહદ બાજાં બાજ રહે હય (૨)
તાકો ક્યા મેં શંખ સુનાવું-શંખ સુનાવું;
ચાર વેદ જાકે કંઠ બીરાજે (૨)
તાકો ક્યા મેં ભાગવત સુનાવું-ભાગવત સુનાવું-સ્વામી.
કામધેનું જાકે કલ્પવૃક્ષ હય (૨)
તાકો ક્યા મેં ભોગ લગાવું-ભોગ લગાવું;
લક્ષ્મીજી જાકે ચરણ પલોટે (૨)
તાકો ક્યા મેં દ્રવ્ય દીખાવું-દ્રવ્ય દીખાવું-સ્વામી.
કમલ બદન જાકે શીશ ચંદ્રમા (૨)
તાકો ક્યા મેં પુષ્પ ચઢાવું-પુષ્પ ચઢાવું;
તુલસીદાસ બનત નાહિં એકા (૨)
દાસનકો મેં દાસ કહાવું-દાસ કહાવું-સ્વામી.

૧૭૩

રામ પીયારા, કૃષ્ણ હમારા, તુંહી તુંહી, પ્રભુ તુંહી તુંહી હય.
તુંહી તુંહી, રામા, તુંહી તુંહી હય (૨)
તુંહી તુંહી, પ્રભુ, તુંહી તુંહી હય-રામ૦

બલિહાર જાવાં, કુરબાન જાવાં (૨)
સદકેમેં જાવાં હરિ, તુંહી તુંહી હય–રામ૦
તુજ બીન મેરા, ઓર ન કોઇ (૨)
એકો અલખ સ્વામી, તુંહી તુંહી હય–રામ૦
કયે દર જાવાં, જાયે સુનાવાં (૨)
ક્યા દર નાહીં, એક, તુંહી તુંહી હય–રામ૦
કલ્યાણ હાર પડયો, શરણ તુમારે (૨)
રાખો હે લાજ, હરિ તુંહી તુંહી હય–રામ૦

ભગવદ્ ઇચ્છા વિષે.

૧૭૪

રામ રાખે તેમ રહીયે, ઓધવજી, રામ રાખે તેમ રહીયે;
આપણ ચીઠીના ચાકર છૈયે–ઓધવજી૦
કોઇ દિન પેરણ હીર ને ચીર (૨)
તો કોઇ દિન સાદા ફરીએ–ઓધવજી૦
કોઇ દિન ભોજન શીરો ને પુરી (૨)
તો કોઈ દિન ભૂખ્યા રહીયે–ઓધવજી૦
કોઇ દિન રહેવાને બાગ બગીચા (૨)
તો કોઇ દિન જંગલ રહીએ–ઓધવજી૦

કોઈ દિન સુવાને ગાદી ને તકીયા (૨)
તો કોઇ દિન ભોંયપર સુઇએ—ઓધવજી૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરનાગુણ (૨)
સુખ દુઃખ સર્વે સહીયે—ઓધવજી૦

૧૭૫

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથેરે ઘડીયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં—સુખ૦
નળ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યા, ન મળ્યું અન્ન ને પાણી—સુખ૦
પાંચ પાંડવ સરખા બંધવા, જેની દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યા, નયણે નિંદ્રા ન આણી—સુખ૦
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરિ ગયો, સતી મહા દુઃખ પામી—સુખ૦
રાવણ સરખો રાજીઓ, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લુટાણી—સુખ૦
હરિશ્ચંદ્ર રાય સતવાદીઓ, તારાલોચના રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યા નીચ ઘેર પાણી—સુખ૦
સર્વે દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસઇનો સ્વામી—સુખ૦

૧૭૬

હરિજન થઇને, હાણવરધ સુખ દુઃખ મનમાં નવ ધારીયેં;
ટાળ્યાં નહીંજ ટળે, ઘટ સાથે ઘડીયાં હીંમત નવ હારીયે.
જુઓ કદરજ મહા દુઃખીયા કહાવ્યારે (૨)
કદી સુખ દુઃખ મનમાં નવ લાવ્યારે (૨)
તોએ મોહનના મનમાં ભાવ્યારે—હરિજન૦
જુવો પાંડવ પ્રભુજીને અતિ પ્યારારે (૨)
પલ એક ઘડી નવ રહે ન્યારારે (૨)
તોય વન ભટક્યા સંગ લઇ દારારે—હરિજન૦
વસુદેવ દેવકીજી બેઉ બંધ રહ્યારે (૨)
બહુ કાળના બંધન દૂર થયારે (૨)
પ્રભુ પુત્ર થયા ને દુઃખ દુર થયારે—હરિજન૦
એવું સમજીને હરખ ને શોક તજીયેરે (૨)
એક તાર મન થઇ પ્રભુને ભજીયેરે (૨)
કહે મુક્તાનંદ હરિને ભજીયેરે—હરિજન૦

૧૭૭

પ્રભુજીએ ધાર્યું હોય તે થાય;
ડહાપણ કોઇનું કામ ન આવે (૨)
કરોને કોટી ઉપાય—હાંરે હાંરે કરોને:—પ્રભુ૦

ભીમ અર્જુન, સહદેવ, નિકુળ, પાંચમા ધર્મ કહેવાય;
એ પાંચેનાં દેખતાંજીરે, સતી તે કેમ લૂટાય—પ્રભુ૦
રામ જેવા સત પુરૂષ કહીએ, ને તે પણ વનમાં જાય;
સતી સીતાને કલંક ચઢાવ્યો, તો રાવણ શીર રોળાય—પ્રભુ૦
રાજાને જ્યારે રદ લાગી, ત્યારે મૃગયા રમવા જાય;
એરે રૂષિને કોઈ દુભશે, તેને તરત સર્પદંશ થાય—પ્રભુ૦
પરીક્ષિત રાજાના જન્મેજય કહાવે,ને તે પણ રાજા કહેવાય;
જગન કરતાં રંભાને વરતાં, અઢાર બ્રહ્મહત્યા થાય—પ્રભુ૦
શુભ મુહૂર્ત ને શુભ ચોઘડીયાં, શુભ ગ્રહે લેવાય;
સારા મુરત જોઇ લગન લખીયાં, રંગ ભરેલી રોળાય—પ્રભુ૦
હાણ વૃદ્ધિ છે હરિને હાથે, મુરખ મન મલકાય;
કરનારો તો કરી રહ્યો છે, અણસમજુ અથડાય—પ્રભુ૦

૧૭૮

જીવ તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે (ટેક)
તું અંતર ઉદ્વેગ કરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસુખો, હર બ્રહ્માથી નવ ફરે—કૃષ્ણને૦
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંતરી, તેવો સ્વર નીસરે—કૃષ્ણને૦

જેવું જેટલું જે જેમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહીં કોઇથી, શીદ કુટાઇને મરે—કૃષ્ણને૦
તારૂં ધાર્યું થાય એટલું, હરિ ઇચ્છા અનુસરે;
સદાકાળ એ રીતે નીભે નહીં, હું પણ શિદ તું ધરે—કૃષ્ણને૦
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનીષદ ઓચરે;
રાખ ભરોંસો રાધા વરનો, દયા તું શીદને ડરે—કૃષ્ણને૦

૧૭૯

પ્રભુને ગમે તે સમે સર્વ સહેવું,
સદા રાજી રાજી રૂદેમાંજ રહેવું;
કદી હેબકી હામ હૈયે ન હારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૧
સજ્યો ઇશ્વરે વિશ્વનો ખેલ એવો,
જુઓ માંડવો મેહનો હોય જેવો;
થનારો ઘડીમાં ઘડીમાં જનારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૨
મળે એક કાળે વિવાની વધાઈ,
મળે એક કાળે મહા ભોગ ભાઇ;
ન ચાલે સદા કાળ સારો નઠારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૩

જતી હોય જો આબરૂ એક કાળે,
થતી હોય કાયા કદી ભંગ ભાલે;
પ્રભુની પૂરી એવી ઇચ્છા વિચારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો ૪
જુઓ જાનકી રામ રાજાની રાણી,
ખભે તેડીને રાવણે રોતી આણી;
ધરી ધૈર્ય ને જોગ જેવો ગુજાર્યો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૫
સતી દ્રૌપદીને સભા મધ્ય આણ્યાં,
પતિ દેખતાં પાપીએ વસ્ત્ર તાણ્યાં;
તથાપિ ન તે તો તજ્યો પ્રાણ પ્યારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૬
પીડાં ભૂપ પામ્યો હરિશ્ચંદ્ર પૂરી,
જીવ્યો કષ્ટ કાળે કરીને મજુરી;
બડા હાથી હોદે હતો બેસનારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૭
કદી મિત્ર કેરૂં મહા કષ્ટ જોઇ,
ઘણાં ગાભરા થૈ રહેવું ન રોઇ;
ઉપાયો કરી આપદાથી ઉગારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૮

કૂવામાં પડેલો કદી એક કોઇ,
રહ્યો મિત્ર તેનો કૂટે માથું રોઇ;
કૂટયાથી કહો તે બચે શું બિચારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૯
કશી જુક્તિ ચાલે નહિ જ્યાં કદાપિ,
દિલે ધારી જોવું ન રોવું તદાપિ;
ભજે દેવ શાંતી સજે એજ સારો,
ઘણાં કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો. ૧૦

૧૮૦

ગમ ન પડે નરને ગોવીંદની ગતી ન્યારીરે—ગમ૦
અકળ કળા ઇશ્વરની એમાં શું સમજે સંસારી—ગમ૦
ઉજળો દિન દેખી જન જાણે, ન્યાલ થયો આ ટાણે;
કાલ દિવસ કેવો દેખાશે, એ તો ઇશ્વર જાણેરે—ગમ૦
પુત્ર જનમ પામ્યાથી પ્રાણી, જીવમાં હરખે જોઇ;
પળકવાર પછી શું નિપજશે, કળી શકે નહીં કોઇ—ગમ૦
રૂડી રસોઇ તૈયાર કરીને, ભોજન પીરસ્યા ભાણે;
ભાગ્ય વિના ભોજન કરવાની, આશા ફોકટ આણેરે—ગમ૦
ચૂનાબંધ હવેલી ચણાવે, જોવા લાયક જેવી;
વાસ્તુ દિન વૈકુઠ સીધાવે, ઇશ્વરકૃત ગતી એવીરે—ગમ૦

મોટા મોટા મનસુબા કરી, મોટા પગરણ માંડે;
જાણે નહીં જે જમના કીંકર, કાળ પકડશે કાંડેરે—ગમ૦
ખારા રણનાં ખુબ ઝાંઝવાં, ભાળી નહીં ભરમાવું;
દુનીઆનાં સુખ એવાં દેખી, ફોકટ શું ફુલાવુંરે—ગમ૦
સંસારી સુખ સ્વપ્ના જેવાં, નહીં ભરૂસો ઝાઓ;
સુખ પામી મગરૂર થવું નહીં, દુખ દેખી નવ દાઝોરે—ગમ૦
મુઠીમાં જે હવા ભરી તે, વહી જતાં શી વારે;
અવશ્ય જાણો એહ તરેહનો, સઘળો છે સંસારરે—ગમ૦
પળમાં છાયો પળમાં તડકો, જગમાં જેમ જણાય;
રાજા પળમાં રાંક બને છે, રાંક બને છે રાયરે—ગમ૦
એક ઘડી આનંદ વધે, અને એક ઘડીમાં શોક;
એકની સ્થીરતા નથી અંતે, ફળ તેના છે ફોકરે—ગમ૦
કરી શકીએ તે ઉપાય કરવા, અંતે સઘળું સહેવું;
ઇશ્વરની ઇચ્છા પરમાણે, જેમ રાખે તેમ રહેવું—ગમ૦

(ક. દ. ડા.)

૧૮૧

શ્રીજી કરેસો ભલી કરેંગે, કયું મનમેં, ગભરાતા હય. (ટેક)
ચિંતા તજો ભજો નંદનંદન, ઈતઉત તું કયું ધાતા હય—શ્રી૦

જેને પિંડ પ્રકાશ કીયો હય, સોઇ અન્ન પહોંચાતા હય—શ્રી૦
ભાગ લિખ્યા સો નાહીં મીટેગા, હાલના વહીં જાતા હય—શ્રી૦
આયો હય સુકૃત કરનકું, પાપ પંથ કયું ધાતા હય—શ્રી૦
આયો હય વેપાર કરનકું, ઉલટા મૂલ ગુમાતા હય—શ્રી૦
યાતે મત ભૂલો તુમ પ્રાણી, એ સબ તનક તમાશા હય—શ્રી૦
ભાઇબંધ સબકુટુંબ કબીલા, એ સબ જુઠા નાતા હય—શ્રી૦
યાતે ભજી લેને પુરૂષોત્તમ, જમકે દંડ છોડાતા હય—શ્રી૦

દુઃખ વિષે.

૧૮૨

*નાથ વિના સંકટ કોણ નિવારે (૨)
સંકટ કોણ નિવારે, નાથ વિના સંકટ કોણ નિવારે (ટેક)
ધર્મ કર્મ અમે નથી કીધાં, આવ્યા શરણ તમારે;
દીનાનાથ વિના પ્રભુ, અમને દુઃખથી કોણ ઉગારે—નાથ૦
દયા ક્ષમાના ગુણ પ્રભુ ધારે, એ વિશ્વાસ અમારે;
મંગળમય પ્રભુ પરમકૃપાથી, પાપ સકળ સંહારે—નાથ૦
દુષ્ટ વાસના દૂર કરીને, જ્ઞાન વિવેક વધારે;
વિશ્વપિતા વિશ્વેશ્વર અમને, ભવથી પાર ઉતારે—નાથ૦

---

* આ નિશાનીવાળા પદો અમદાવાદના પ્રાર્થના સમાજની "ઈશ્વર પ્રાર્થના માળા" માંથી રજા લઈને છપાવ્યા છે.

૧૮૩

*સંકટ સર્વે હરો, ભવપતિ સંકટ સર્વે હરો (ટેક)
અપરાધો અતિશય મેં કીધાં (૨)
અનુગ્રહ પૂર્ણ કરો–એહાં અનુગ્રહ૦–ભવપતિ૦
અનન્ય ભાવથી રાખું તમારો (૨)
આશ્રય એક ખરો–એહાં આશ્રય૦–ભવપતિ૦
કર જોડી હું વિનતિ કરૂં છું (૨)
તે પ્રભુ ચીત્ત ધરો–એહાં તે પ્રભુ૦–ભવપતિ૦
કરૂણા દૃષ્ટિથી મુજ હૃદયે (૨)
પ્રેમળ ભક્તિ ભરો–એહાં પ્રેમળ૦–ભવપતિ૦

૧૮૪

દામોદર દુખડાં કાપોરે—બળવંતા બેલી;
નંદલાલ નિજાનંદ આપોરે—બળવંતા બેલી.
વહાલાજી હું તો પળ પળનો અપરાધી (૨)
ભરેલો આધિ વ્યાધિરે—બળવંતા બેલી.
વહાલાજી હું તો તમારા બળથી ગાજું (૨)
જાણોછો કહું શું ઝાઝું રે?—બળવંતા બેલી.
વહાલાજી જેવો તેવો છું તોએ તમારો (૨)
આધાર અવર નહિં મારોરે—બળવંતા બેલી.

વહાલાજી મારૂં જોર નથી જો તરછોડો (૨)
શું રૂઠી કરે મંકોડારે ?—બળવંતા બેલી.
વહાલાજી શ્રીમુખ પોતાનો કહોછો માટે લાડું (૨)
બીજું બળ ક્યાંથી કાઢું રે?—બળવંતા બેલી.
દયાના પ્રીતમ પાણિ ગ્રહ્યો છે તો નિભાવો (૨)
મારે દાસપણાનો દાવોરે—બળવંતા બેલી.

૧૮૫

મુને ઘડી નથી વિસરતાં રામ, હરિવર સંકટ હર્તા. (ટેક)
વહાલાજી મારા, કરપર ગોવર્ધન ધાર્યો (૨)
વહાલે વૃજનો દેશ ઉગાર્યો રામ—હરિવર૦
વહાલાજી મારા, કાળીનાગે તે ફંદ કીધો (૨)
લટકાળે નાથી દીધો રામ—હરિવર૦
વહાલાજી મારા, કંસ હતો બહુ અહંકારી (૨)
મોહનજીએ નાખ્યો મારી રામ—હરિવર૦
વહાલાજી મારા, મુષ્ટિક તાંદુલ સુદામાના લીધા(૨)
એના મહેલ કનકના કીધા રામ—હરિવર૦
વહાલાજી મારા, કુબ્જાનું ચંદન લીધું (૨)
એને રૂપ અનુપમ દીધું રામ—હરિવર૦
વહાલાજી મારા, પાંચાળી સભામાં પોકારે (૨)
ચીર પૂર્યાં પૂર્ણ મુરારિ રામ—હરિવર૦

વ્હાલાજી મારા, ભવરે સાગરના છો ત્રાતા (૨)
પીંગળના પ્રાણજ પ્યારા રામ—હરિવર૦

૧૮૬

દુસરો કોન સુખદાઇ, શ્યામ બિના,
દુસરો કોન સુખદાઇ રે (ટેક).
ધીરજતા ધ્રુવકી ઉર લાઇ, અવિચળ પદ દિયો આઇરે;
ઝુડે જબહી પકડયો ગજકું, છિનમેં લિયો છોડાઇરે—દુ૦
પ્રલ્હાદકી અતિ પીડા પિતાની,પ્રગટ ભયે સ્થંભ માંહીરે;
હિરણ્યકશ્યપુ માર્યો હરિયે, નરસિંહ રૂપ બનાઇ રે—દુ૦
પાંડવકુ લાખા ગૃહમેંસે, જોકે લીયો બચાઇરે;
પાંચાળીકે ચીર પુરનકું, ધીર તજી આયે ધાઇરે—દુ૦
જહાં જહાં ભીડ પડત ભક્તનકું, તહાંતહાં હોત સહાઇરે;
દયાનંદકો નાથ દયાળુ, ભજો ભાવ ઉર લાઈરે—દુ૦

પ્રાર્થના વિષે.

૧૮૭

વિઠ્ઠલ વિશ્વાધાર પ્રભુ તું, વિઠ્ઠલ વિશ્વાધાર;
આ જગનો સ્રજનાર પ્રભુ તું, વિઠ્ઠલ વિશ્વાધાર. (ટેક)
બ્રહ્મ ઇંદ્રાદિક દેવતા, જેને નમે છે આજ;
તે પરમેશ્વર સર્વનાં, પૂરો મનનાં કાજ—પ્રભુ તું૦

લક્ષ્મીજી પણ જેહનાં, ચરણ સેવે છે નીત;
તે પ્રભુજીનાં પદ વિષે, ચોડી રાખજો ચિત્ત—પ્રભુ તું૦
ગૌતમ અત્રિ વશિષ્ટથી, જેનાં પદ સેવાય;
એવા દેવ ભજ્યા થકી, પાપ આપણાં જાય—પ્રભુ તું૦
ધ્રુવ પ્રલ્હાદિક ભક્તથી, ભજન જેહનું થાય;
પુરૂષોત્તમ સેવ્યા થકી, કોટિ યજ્ઞ ફળ થાય—પ્રભુ તું૦

૧૮૮

*દીનનો દયાળ છોડી, કોને શરણ જાવું;
કોને શરણ જાવું પ્રભુ, કોને શરણ જાવું. (ટેક)
માત તાત જાણી પ્રભુ, ચરણ પ્રત્યે ધાવું (૨)
પામીને પ્રસાદ પૂર્ણ (૨) કૃતકૃતાર્થ થાવું;
પ્રભુ, કૃતકૃતાર્થ થાવું—દીનનો૦
નીતિ ભક્તિ રૂપી પુણ્ય, તીર્થમાં હું નહાવું (૨)
પરમ ઇષ્ટ બ્રહ્મની હું (૨) સ્તુતી ગુણ ગાવું;
પ્રભુ, સ્તુતિ ગુણ ગાવું—દીનનો૦
પ્રભુ કૃપાનિધાનની હું પૂર્ણ કૃપા ચહાવું (૨)
સંકટ સમયે નાથ (૨) પલ્લવ હું સહાવું;
પ્રભુ, પલ્લવ હું સહાવું—દીનનો૦
નમી નમી, પરાત્પરા, હું શરણ તારે આવું (૨)

પ્રેમ પુષ્પ અંજલી હું (૨) પ્રભુ પદે વધાવું;
પ્રભુ, પ્રભુ પદે વધાવું—દીનનો૦

૧૮૯

*અભિવંદન બ્રહ્મ પદે હું કરૂં (૨)
પ્રભુ શરણ, રહી, શુભ ધ્યાન ધરૂં—અભિવંદન૦
પરમાત્મા પરમેશ તમારૂં (૨)
મંગળ નામ સદા હું સ્મરૂં—અભિવંદન૦
હૃદય વિષે વિશ્વેશ તમારી (૨)
પ્રેમળ ભક્તિ હું પૂર્ણ ભરૂં—અભિવંદન૦
દુસ્તર ભવ સિંધુથી પ્રભુની (૨)
પરમ કૃપાથી હું સત્ય તરૂં—અભિવંદન૦

૧૯૦

*શરણ ખરૂં છે તમારૂં, પ્રભુજી, મારે શરણ ખરૂં છે તમારૂં,
અનુગ્રહ નાથ અપાર કીધા છે (૨)
હૃદય થકી ન વિસારૂં—હાંહાંરે પ્રભુ, હૃદય૦—પ્રભુજી—
પ્રતિપાલન પ્રભુ ધર્મ તમારો (૨)
સર્વ તણું કરો સારૂં—હાંહાંરે પ્રભુ, સર્વ૦—પ્રભુજી૦
નિષ્કૃતિ પાપ તણી કેમ થાશે (૨)
નિંદકૃતિ જો વિચારૂં—હાંહાંરે પ્રભુ, નિંદ૦—પ્રભુજી૦

ભજન કરી ભગવંત અંતરમાં (૨)
મંગળ ધ્યાન હું ધારૂં—હાંહારે પ્રભુ, મંગળ૰—પ્રભુજી૰

૧૯૧

હરિજેવો તેવો હું દાસ તમારો, કરૂણાસિંધુ ગ્રહોકર મારો (ટેક)
સાંકડયાના સાથી શામળીઆ, છો બગડયાના બેલી (૨)
શરણ પડયો ખળઅમિત કુકર્મિ, તદપિ ન મુકો ઠેલી—હરિ.
નીજજન જુઠાની જાતી લજ્જા, રાખો છો શ્રીરણછોડ (૨)
શૂન્ય ભાગ્યને સફળ કરોછો, પુરો બીરૂદ બળકોડ—હરિ.
અવળનું સવળ કરો સુંદરવર, જયારે જન જાય હારી(૨)
અયોગ્યયોગ્ય પતિત કરો પાવન, પ્રભુ દુઃખ દુષ્કૃતહારી—હરિ.
વિનંતિ વિના રક્ષક નીજ જનના, દોષતણા ગુણ માનો (૨)
સમરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો—હરિ.
વિકળ પરાધીન પીડા પ્રજાળો, અંતરનું દુઃખ જાણો (૨)
આરતબંધુ સહિષ્ણુ અભયકર અવગુણ ઉર નવઆણો—હરિ.
સર્વેશ્વર સર્વાત્મા સ્વતંતર, દયા પ્રીતમ ગીરધારી (૨)
શરણાગત વત્સલ શ્રીજી મારે, મોટી છે ઓથ તમારી—હરિ.

૧૯૨

*અન્ય નહીં પ્રભુ ત્રાતા,
તુજ વિના, અન્ય નહીં પ્રભુ ત્રતા. (ટેક.)

વિનય થકી હું, વિનતિ કરૂં છું (૨)
વિશ્વ તણા વિભુ ધાતા એહાં (૨)—તુજ૦
સર્વ ઋષિ મુનિ, શુક સનકાદિક (૨)
તુજ મહિમા ગુણ ગાતા એહાં (૨)—તુજ૦
દીન દયાળ, તુજ કરૂણા વિના (૨)
કોણ કરે સુખ શાતા એહાં (૨)—તુજ૦
આશ્રય એક, તમારો ધારૂ (૨)
સુખ દુઃખના પ્રભુ જ્ઞાતા એહાં (૨)—તુજ૦
સાષ્ટાંગે હું, વંદુ વિભુને (૨)
પર પદ મંગળ દાતા એહાં (૨)—તુજ૦

દીનતા વિષે.

૧૯૩

અપરંપાર પ્રભુ અવગુણ મોરા, માફ કરોને મુરારિરે. (ટેક)
દયા ધરમની વાત ન જાણું, અધરમનો અધિકારીરે;
પાપી પૂરો જુઠો બોલો, બહુ નિરખું પરનારીરે—અપ૦
સાધુ દૂભ્યા બ્રાહ્મણ દૂભ્યા, ભક્ત દૂભ્યા બહુ ભારીરે;
માત પિતા બંનેને દૂભ્યા, ગરીબનકું દીયો ગારીરે—અપ૦
ભજન થાય ત્યાં નિંદ્રા આવે, પરનિંદા લાગે પ્યારીરે;
મિથ્યા સુખમાં આનંદ વરતું, બહુ રહું હુશીઆરીરે—અપ૦

સંસારસાગરમાં મોહજળ ભરીયો, સઘળે ભરીયો ભારીરે;
તુલસીદાસ ગરીબનકી વિનતિ, અબતો લીયોને ઉગારીરે-અ૦

૧૯૪

*અપરાધો અમારા પ્રભુ મહા ઘણા રે (૨)
કૃપાસિંધુ તમે, ક્ષમા કરો અપરાધ—અપરાધો૦
દોષ જોઇ નહીં રોષ કરો છો (૨)
દયાનિધિ દયામાં, નથી કાંઇ મણારે—અપરાધો૦
અભિલાષા રાખીયે તમારી (૨)
અન્ય આશ્રય નથી, પ્રભુ તુજ વિનારે—અપરાધો૦
અનુગ્રહ સ્મરી અભિવંદન કરિયે (૨)
તુજ ચરણ પ્રત્યે, સત ચિદ્‌ઘનારે—અપરાધો૦

૧૯૫

*અપરાધ ક્ષમા કરો મારો, પ્રભુ, અપરાધ ક્ષમા કરો મારો.
નિંદિત કર્મો જે મેં કીધાં (૨) તે પ્રભુ સર્વે નિવારો—પ્ર૦
શરણે રહી પ્રભુ ચરણે વંદું (૨) ભવજલ પાર ઉતારો—પ્ર૦
દાસ તણું રક્ષણ કરવાનો (૨) છે પ્રભુ ધર્મ તમારો—પ્ર૦
કર જોડીને વિનતિ કરૂં છું (૨) સંકટ સર્વે નિવારો—પ્ર૦

૧૯૬

મારી ગતિ કેમ કરશો જદુનાથ (૨)
કેમ કરશો જદુનાથ—મારી ગતિ૦

માયા મદના કેફમાંરે, ભૂલ્યો તમારૂં નામ (૨)
માતાજીના ઉદરમાંરે કાંઇ, વચન દીધું તમ હાથ—મારી૦
હું જુઠો મારી કાયા જુઠી, તન મન જુઠું જાણ (૨)
તમારી કૃપાથકી રે કાંઇ, તૃણમાં મેરૂ થાય—મારી૦
એક આશરો તમ તણો, બીજાની નહીં આશ (૨)
ગરીબ હરિના દાસનીરે પ્રભુ, લાજ તમારે હાથ—મારી૦

૧૯૭

શ્રી વલ્લભ વિઠ્ઠલ શ્રીજી સ્વામી, શામળીઆ વાલા;
સઘળું સમજો છો અંતરજામી, નંદલાલા.
ભય તો લાગે છે મુજને ભારી, શામળીઆ વાલા;
અંતકાળે શી વલે થાશે મારી, નંદલાલા.
સેવા સ્મરણ ના ભાવે કીધું, શામળીઆ વાલા;
રંક સાધુને દુઃખ દીધું, નંદલાલા.
હીણો શાસ્ત્રીય સહુ ધર્મે, શામળીઆ વાલા;
પરિપૂરણ છું હું કર્મે, નંદલાલા.
સહુ જાણે છે ભક્ત સાચો, શામળીઆ વાલા;
પાખંડી પુરાતનથી કાચો, નંદલાલા.
બાંહ્ય ગ્રાહ્યની લાજ ધરજો, શામળીઆ વાલા;
પીડા ન પામું એવું કરજો, નંદલાલા.

સન્મુખ લોચનમાં આવી રહેજો, શામળીઆ વાલા;
દોષ ન જોશો દરશન દેજો, નંદલાલા.
શ્રીમુખ બોલ્યા તે સાચું કરજો, શામળીઆ વાલા;
દુઃખ દયાનાં સર્વે હરજો, નંદલાલા.

૧૯૮

કૌન કુટિલ ખલકામી, મો સમ, કૌન કુટિલ ખલકામી—મો૦
તુમસે કહાછીપા કરૂનાનિધી, તુમ ઉર અંતરજામી—મો૦
ભરી ભરી ઉદર વિષય રસ પીવત, જૈસે શૂકર ગ્રામી (૨)
જો તન દીયો તાહી વિસરાયો, એસો નીમકહરામી—મો૦
જહાંસતસંગતહાંઅતિઆળસ, વિષયનસંગવિસરામી (૨)
શ્રી હરિ ચરન છાંડી ઓરનકું, નિશદિન કરત ગુલામી—મો૦
પાપી પતિત અધમ પરનિંદક, સબ પતિતનમેં નામી (૨)
કીજે કૃપા દાસ તુલસીપર, સુનીયેં શ્રીપતિ સ્વામી—મો૦

૧૯૯

સકળ વિશ્વના, નાથ શ્રીહરિ, મલિન વાસના, ટાળ માહરી;
અધિક બુદ્ધિ તું, શુદ્ધ આપજે, પ્રભુ કૃપા કરી, કષ્ટ કાપજે.
નવ કદી કરી, ભક્તિ ભાવથી, નવ કથા સુણી, નીજ કાનથી.
ભજન ના કર્યું, તેમ તાહરૂં, હરિ ભલું થશે, કેમ માહરૂં.

બહુ બહુ કુંડાં, કર્મ મેં કીધાં, ધન ધુતી કરી, પારકાં લીધાં;
ગરીબ રંકને, દુઃખ આપીઆં, તરૂ સુધર્મનાં, તેહ કાપીઆ.
અધિક લોભની, લાલચે ફસી, ફિકર ના ધરી, ચિત્તમાં કશી;
કથન કંઈ કુંડાં મેં મુખે કર્યાં, વચન નીતિનાં, સર્વે વીસર્યાં.
કર વડે કદી, ધર્મ ના કર્યા, પણ અધર્મના, કોથળા ભર્યા;
જગનનાથ હું, ના ડર્યો જરી, લુણહરામી મેં, તુજસું કરી.
ચરણથી કદી, ચાલી ન ગયો, પ્રભુ સુપંથમાં, દૂર તો રહ્યો;
ચરણ પાપને, પંથ તો ધર્યો, દિલ વિષે નહિ, તે થકી ડર્યો.
છલ પ્રપંચ ને, ધૂર્ત કામમાં, નવ કદી મુકી. ઓછી હામમાં;
અધમ જાતનો, પ્રાણી હું ખરો, પ્રભુ તું થી રહ્યો, સર્વદા પરો.
કર ગમે તને, તે હરિ હવે, અહીં બળું છું હું, શોકને દવે;
દુઃખથી છુટકો, નાથજી કરો, અરજ દાસની, દીલમાં ધરો.

૨૦૦

ચાકર રાખોજીરે, અમને ચાકર રાખોજી,
શામળીયા ગિરધારી લાલ, ચાકર રાખોજી.
હજુરી ચાકર રહેશુંજી (૨)
મોહન મોરલીવાળા બાપ ચાકર રહેશુંજી,
ચાકરીમાં સમરન માગું, દર્શન માગું ખરચી;
ભાવ ભક્તિ ઝાઝેરી માગું, ચાર વાતો સરખી—અમને૦

જપ કરવાને બ્રાહ્મણ સરજ્યા, તપ કરવા સન્યાસી;
ભજન કરવા સંત સરજ્યા, વૃંદાવનના વાસી—અમને૦
રાઠોડા ઘેર દીકરી, ને રાણાજી ઘેર નાર;
શામળીયા તારે કારણે, મેં તો છોડ દીયો સંસાર—અમને૦
ચાકર રહેશું ને બાગ બનાવશું, ને નિત્ય નિત્ય સેવા કરશું;
બાઇ મીરાં કહે ગિરધારીલાલ, રાધે ગોવિંદ ગાશું—અમને૦

ઇશ્વરનાં વખાણ વિષે.

૨૦૧

જોને જગત કરતારને, નથી એ પ્રભુ અળગો;
વેલો જોતાં વિશ્વનો, જઇ મૂળને વળગો—જોને૦
ભાસ જેવો ભાનુતણો, ત્રણે લોકમાં પડીયો;
ચંદ્ર તારા ચળકી રહ્યા, દેખે સઉની આંખડીઓ—જોને૦
વ્યાપક સઘળા વિશ્વમાં, એ છે અંતરજામી;
જીવ સકળ રહે જીવતા, એની સત્તા પામી—જોને૦
ઇશ્વરની સત્તા વડે, વદે વિધ વિધ વાણી;
ૐકાર રૂપે એ હરિ, જપે જીવ તે જાણી—જોને૦
જળ જંતુ જળમાં ઘણા, ઉપજે જળ જોગે;
તે જીવે તેનાં વડે, મરે તરત વિયોગે—જોને૦

એમ પ્રભુને આશરે, જીવે સહુ પ્રાણિ;
ઉપજાવે આપે વળી, પાળે પ્રીય જાણી—જોને૦
સુરતા સરજનહારની, સહુ ઠામે સરખી;
પરમ શક્તિ પ્રભુને વિષે, પ્રાણી જોને પરખી—જોને૦
ભૂલી પ્રભુને જે ભમે, તે અધમ અભાગી;
જન છોટમ જગદીશને, ભજરે ભ્રમ ત્યાગી—જોને૦

૨૦૨

નથીરે અજાણ્યું મારા નાથનું, જે છે અંતરજામી;
તું નથી લેહતો તેહને, એતો તુજમાં ખામી—નથી૦
વ્યાપક સઘળા વિશ્વમાં, જોને શક્તિ છે જેની;
અણુએ અજાણ્યું નવ રહે, અદ્ભુત ગતિ એની—નથી૦
વીજળી કેરા તારમાં, વાત જાય છે વહેલી;
જાણ શક્તિ જગદીશની, જણવે તે કરતાં પહેલી—નથી૦
જીવન દોરી જીવની, જગદીશને હાથે;
પ્રાણી માત્રના પિંડની, જાણ્ય સઘળી સાથે—નથી૦
આપણે અંગે જે અડે, મન ઝટપટ જાણે;
સૌનાં મનનું શ્રીહરિ, પરખે એજ પ્રમાણે—નથી૦
જ્ઞાન ઇંદ્રિય ને મન વડે, કૃત્ય જે જે કરવું;
માઠું કરતાં મન વિષે, ઇશ્વરથી ડરવું—નથી૦

પ્રાણી તણાં પુણ્ય પાપનું, જેના હાથમાં પાનું;
સાક્ષી સર્વે કર્મનો, તેથી કયમ રહે છાનું—નથી૦

હુકમ હરિનો શીર ધરી, કામ સઘળાં કરીએ;
છોટમ તેની કૃપા થકી, ભવસાગર તરીએ—નથી૦

૨૦૩

તમે સર્વ સંસાર વિસ્તાર કીધો,
તમે સર્વને સુખનો સાજ દીધો;
તમે વિશ્વ વિશ્રામના ઠામ જેવા,
દયાળુ તમોને નમું દેવ દેવા.
તમે પૃથ્વી સાથે સ્રજ્યા સર્વ પ્રાણી,
તમે વેદ વિદ્યા વિશેષે વખાણી;
તમે માણસોને દીધા મીષ્ટ મેવા,
દયાળુ તમોને નમું દેવ દેવા.
તમારા ગુણો શેષ મહેશ ગાવે,
તમારા પુરા પાડનો પાર ન આવે;
તમે છો ત્રિલોકી તણા તાત જેવા,
દયાળુ તમોને નમું દેવ દેવા.

ભજે શેષને શારદા ચંદ્ર ઇંદ્ર,
ભજે આપને નિત્ય મોટા મુનીંદ્ર;
સદાશિવ જેવા સજે નિત્ય સેવા,
દયાળુ તમોને નમું દેવ દેવા.

૨૦૪

પ્રભુ છો મંગળકારીરે, મહેશ્વર ભવભય હારી. (ટેક)
બ્રહ્મ સચ્ચિદ્દ્ઘન મુક્તિ પ્રદાતા, સકળ સૃષ્ટિના ભૂપ;
એક અખંડ ચરાચર સ્વામી, અનુપમ શાંત સ્વરૂપ—પ્રભુ૦
જયજયજયજયજયજગદીશ્વર, જય પ્રભુ કરૂણાનિધાન;
જય પરબ્રહ્મ પરેશ્વર દાતા, જય શુદ્ધ શક્તિમાન—પ્રભુ૦
સૃષ્ટ વસ્તુથી ભિન્ન છતાં છો, અંતર્યામી ઇશ,
શુદ્ધ ભક્તિમાં લીન કરી લો, એજ માંગુ જગદીશ—પ્રભુ૦
શરણપણું તારૂં ગ્રહણ કીધું છે, રાખી મને વિશ્વાસ;
ચરણ પ્રત્યે પ્રભુ રાખો અમોને, જાણી પોતાનો દાસ—પ્રભુ૦

(પ્રભુ પ્રાર્થના સંગ્રહમાંથી.)

૨૦૫

સર્વે ગુણ સંપન્ન સ્વામીરે, સ્તવું તુંને અંતર્યામી. (ટેક)
જય જગત્રાતા વિશ્વવિધાતા, સદ્ગુણ દાતા મહેશ (૨)
મહા મુનીશ્વર તુજ ગુણ ગણતા, પાર ન પામ્યા લેશ—સ૦

એક અજાત અદ્વૈત તમે છો, પૂરણ બ્રહ્મ પરેશ (૨)
અદ્‌ભુત તારી કૃતિઓ જણાયે, વિશ્વ વિષે વિશ્વેશ-સ૦
ઓ પ્રભુ તારી પ્રભુતા મોટી, વાણીથી નવ વર્ણાય (૨)
પરમ કૃપાળુ પરમ પ્રેમાળુ, પરમ ન્યાયી છો સદાય-સ૦
નમી નમીને પ્રેમ થકી હું, વિનવું જોડી હાથ (૨)
મોક્ષગતિ મને આપો પ્રભુજી, શરણે આવ્યો છું નાથ-સ૦
(પ્રભુ પ્રાર્થના સંગ્રહમાંથી.)

૨૦૬

જય જગપાળ દયાળ હરિ તું (૨)
અમને સુમતિ દે કરૂણા કરી તું-જય૦
જેથી અમે તારૂં ચિંત્વન રોજે (૨)
કરીયે ઉલટથી મગન રહી મોજે-જય૦
સુરજ ચંદ્ર ગગનના તારા (૨)
અદ્‌ભુત એ છે ચમત્કાર તારા-જય૦
ભોગવીએ સુખ અહીં તુજ નામે (૨)
ઠરીએ નીરાંતે પછી સ્વર્ગ ઠામે-જય૦

૨૦૭

જય જય જગત્‌કર્તાર, ભવભર્તાર તું ભગવંત છે;
અત્યંત તું શ્રીમંત ને, ઐશ્વર્યવંત અનંત છે.

તું તારનાર ઉગારનાર, નિવારનાર અનીષ્ટનો;
તું સ્થાપનાર ઉથાપનાર, તું આપનાર અભીષ્ટનો.
તું સકળ સ્વામી અમલ નામી, ધામી અવિચળ ધામનો;
શશી સૂર્ય શૈલ સમુદ્ર સૌ, સ્રજનાર તુંજ તમામનો.
પ્રભુ તુજ ચરિત્ર વિચિત્ર ચિત્રજ, ચિત્ર જગત પવિત્ર છે;
ધુની વાયુ વારિ પ્રવાહિની, દશ દિશ તુજ વાજીંત્ર છે.
તું તૃણ તણો પર્વત કરે, પર્વત તણો તૃણ તું કરે;
સ્મરતાંજ સઘ સહાય થઇ, તું હદ વિના હરકત હરે.
તુજ અકળ માયા સકળ સ્થળ પ્રભુ, પ્રબળ બળ છે તુજતણું;
ઘટઘટ તણી ઘડી સુઘડ ઘટના, ઘટિત કાર્ય કર્યું ઘણું.
ભયભીતનો ભય ભાંગીને, ભવ સુખ ભરે ભગવાન તું;
ગુણગાન સુણીને કાનથી, દે છે અમરપદ દાન તું.
પ્રભુ ગરીબના પોકાર તું, સુણનાર સત્ય સમર્થ છે;
બકવાદ તુજ જશ બાદ, વાદ વિવાદ સઘળાં વ્યર્થ છે.
તું એક ઈશ હરેક જનનો, નામ ભિન્ન અનેક છે;
તું સર્વની અરજી સુણે છે, નિયમ તારો એક છે.

(ક. દ. ડા.)

૨૦૮

પ્રભુ દીનદયાળુ, પરમ કૃપાળુ, કરૂણાળુ કૃપાનાથ;
એ છે રાજાનો રાજા, મ્હોટો મહારાજા, સ્વર્ગના રાજાની માથ.

નથી અન્ય કોઇ એવો, બીજો આ જેવો, સેવો જેથી જાય દુખ;
તમે તેને તજીને, બીજો ભજીને, શું સજી લેશો સુખ.
એણે પશુને સરજ્યા, પક્ષિને સરજ્યા, વનફળ ને ફુલઝાડ;
એણેસુરજસરજ્યા,ચંદ્રને સરજ્યા,પાણીસરજ્યાંઅનેપહાડ.
એના શુક સનકાદિક, નારદને વળી, શારદ ગાય છે ગીત;
એને શેષ મહેશ, સુરેશ ગણેશ, દિન રટે છે નીત.
રૂષિ સહસ્રઅઠયાસી, સિદ્ધચોરાશી, શાસ્ત્ર તપાસીને જોય;
તોએ દાનવ દેવ કે, ગાંધર્વમાં એથી, ઉત્તમ દીઠો ન કોય.

૨૦૯

દયાળુ જગસર્જનહાર રે, દીનનાં દુઃખ હરનાર રે. (ટેક)
તું કારક પ્રતિપાલક તારક, નિર્મળ નિત્ય ઉદાર;
ક્ષમા કૃપારૂપ નેત્રે નિહાળીને, હીણ અધર્મીને ઉદ્ધારરે–દ.
ક્ષુદ્ર વિષયના ક્ષણિક સુખસારૂ, કીધાં છળ કપટો નિરધાર;
સ્વાર્થે સંતાપ્યા સાધુ સુશીલ જન, તે અપરાધ નિવારરે–દ.
અંતસમય મને અન્ય ન સુઝે પ્રભુ, તુજવિણ કોણ સુખકાર;
કુટીલ કુછંદીને સુમાર્ગ સુઝાડી, ભવસાગર પાર ઉતારરે–દ.

૨૧૦

*પ્રભુ સર્વ શક્તિમાન, કરૂણા કૃપાનિધાન,
ધરીએ તમારૂં ધ્યાન સન્નિધ પધારો;
ભગવંત તું સમાન, નથી કોઇ બળવાન,
સંકટ સેવક તણાં, સધળાં નિવારો–પ્રભુ સર્વ૦

અનુગ્રહ ઉપકાર, કરો તમે વારંવાર.
ચિત્તથી તમારા પ્રભુ, કદી ના વિસારો;
કીધા બહુ અપરાધ, ક્ષમા કરો વિશ્વનાથ,
વિભુ માત તાત તમે, કરૂણા વિસ્તારો–પ્રભુ સર્વં૦

૨૧૧

*મંગળ છે નામ તારૂં, મંગળ છે ધામ તારૂં,
મંગળ છે કામ તારૂં, ત્રિભોવન નાથ તું;
તુજ પદ છે વરદ, કૃત કર્મે ફળપ્રદ,
અવ્યક્ત અખંડ એક, અકળ અબાધ તું–મંગળ૦
એવો તું પ્રભુ મહાન, સઘળે વિરાજમાન,
જાણી લે બધી અમારી, અંતરની વાત તું;
અવગુણ છે અગાધ, ગણના ન થાય નાથ,
તરવું છે તારે હાથ, પ્રભુ માત તાત તું–મંગળ૦

૨૧૨

કૃપા સિંધુ ઇશ એક અવિકારી (૨), વિના વિશ્વ,
હાંહાંરે વિના વિશ્વ, બધું નાશકારી—કૃપા૦
થાપો ઉથાપો જગતની કૃતિને, અનહદ લીલા વધારી;
તર્કથી તત્વનો પાર ન પામે, તો શેષ મતિ જાય હારી–કૃપા૦
દીન દયાળ જગત પ્રતિપાળક, ટાળ વિપત્તિ હમારી;
ભક્તોનું રક્ષણ પોષણ કરીને, દાખવી છે બલિહારી–કૃપા૦

પ્રેમે પ્રણિપત નિત્યે કરીને, માગીએ એજ મુરારી;
કાન ચરણ શરણે નિત્ય રાખો, મનોવિકાર વિદારી–કૃપા૦

૨૧૩

જીરે સુંદર શ્યામ સોહામણા (૨) જેને નિગમ નિરંતર ગાય.
તેને ભજો ભાવસું (ટેક.)
જીરે શીવ વીરંચીને શારદા (૨)
રજ ચરણ કમળ ચિત્ત ચહાય–તેને૦
જેણે પાણીમાં પથ્થર તારીયા (૨)
એવો નામ તણો મહિમાય–તેને૦
જેણે તાર્યા અજામેલ પાતકી (૨)
ગજ ગુણકાની કીધી સહાય–તેને૦
જેણે દ્રુપદ સુતાનાં પટ પૂરીયા (૨)
એવા અગણિત ગુણ ન ગણાય–તેને૦
જીરે દાસ તણાં દુઃખ ટાળવા (૨)
એક શ્વાસે ઉઠીને ધાય–તેને૦
જીરે અવગુણ સામું જુએ નહિ (૨)
એવા ગુણવંતા ગોકુલ રાય–તેને૦
જેનો ઠોર નહિં ત્રિ લોકમાં (૨)
તે તો હરિને શરણે સમાય–તેને૦

જીરે અખીલ લોકનો આતમા (૨)
જેના સ્મરણથી સુખ થાય—તેને૦
જીરે પ્રીતમ પ્રભુને સંભારતાં (૨)
દુઃખ જનમ મરણ મટી જાય—તેને૦

૨૧૪

પરબ્રહ્મ અનંત અપારા, કેમ વર્ણવું હું ગુણ તારા (ટેક)
પ્રભુ શીશ ધરૂં તુજ ચરણે, મને રાખો સ્વામી શરણે;
છો આતમના આધારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
પ્રભુ પ્રાણીનાં દુઃખ કાપો, સદ્‌બુદ્ધિ સૌને આપો;
વાહ સૃષ્ટિના કરનારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
સહુ પ્રાણીના છો ત્રાતા, અને તાત માતા ને ભ્રાતા;
દીન દાસ છીએ સૌ તમારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
તમે સ્થાવર જંગમ ધાતા, છો શાંતિ તણારે પ્રદાતા;
છે પાડ અપાર તમારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
તમે નિર્વિકાર નિરંજન, કરો ભક્તતણાં દુઃખ ભંજન;
છો સૃષ્ટ વસ્તુથી ન્યારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
નથી વર્ણન શક્તિ મુજને, નથી વર્ણવી શકતો તુજને;
છો પુરણ બ્રહ્મ અપારા, કેમ વર્ણવું હું ગુણ તારા.
હું છું દીન સેવક તમારો, કરશો કરૂણાથી નિસ્તારો;
છો પ્રાણિ પાલન હારા, કેમ વર્ણવું હું ગુણ તારા.

તુજ સરખો સૃષ્ટિમાં ન કોયે, તો ઉત્તમ ક્યાંથી હોયે;
હે ત્રિલોક સરજનહારા, કેમ વર્ણવું હું ગુણ તારા.

૨૧૫

તમે પૂર્ણ પ્રભુ છો અપારા, કીધાં અદ્‌ભુત કાર્યો સારાં. (ટેક)
પ્રભુ ધ્યાન ધરૂં તુજ ચરણે, મને રાખો સ્વામી શરણે;
તમે વિશ્વતણા રચનારા, કીધાં અદ્‌ભુત કાર્યો સારાં.
કીધાં અખિલ ભુવન સંસારા, વળી સૂર્ય શશી ને તારા;
તે તો તેજ તણા અંબારા, કીધાં અદ્‌ભુત કાર્યો સારાં.
ગતિ ગહન પ્રભુજી તમારી, તેમાં મતિ ન પોંચે અમારી;
તમે શાંતિ અને સુખકારા, કીધાં અદ્‌ભુત કાર્યો સારાં.
પ્રભુ દાસ જાણી દુઃખ કાપો, શુદ્ધ ભક્તિ તમારી આપો;
નીતિ ભક્તિ દે સ્વામી અમારા, કીધાં અદ્‌ભુત કાર્યો સારાં.
તારે આધીન છે જગતંત્ર, તમે એકજ છો સ્વતંત્ર;
છે પ્રૌઢ પ્રતાપ તમારા, કીધાં અદ્‌ભુત કાર્યો સારાં.
પ્રભુ પાપ કીધાં મેં અમાપો, પ્રભુ કષ્ટ કૃપાથી કાપો;
ધન્ય ધન્ય છો જગ કરનારા, કીધાં અદ્‌ભુત કાર્યો સારાં.
પ્રભુ અગણિત છે ઉપકારો, માનુ સત્ય આધાર તમારો;
તમે પ્રાણીના હિતકારા, કીધાં અદ્‌ભુત કાર્યો સારાં.

(પ્રભુ પ્રાર્થના સંગ્રહમાંથી.)

૨૧૬

છો અજર અમર અવિકારા, પ્રભુ પ્રાણીના પ્રતિપાળા.(ટેક)
નિરાકાર નિરંજન સ્વામી, તુજ ચરણે રહું શીશ નામી;
છે પાડ અગાધ તમારા, પ્રભુ પ્રાણીના આધારા.
મને આજ સુધી સુખ આપ્યું, વળી દેવ તમે દુઃખ કાપ્યું;
જેથી રોજ સ્મરૂં ઉપકારા, પ્રભુ પ્રાણીના આધારા.
તમે શુદ્ધ સતો ગુણ ધાતા, છો પુરણ બ્રહ્મ સાક્ષાતા;
ગુણ સંપન્ન છો અવિકારા, પ્રભુ પ્રાણીના આધારા.
અહો દેવ અદ્વિતીય અજાતા, તમે વિશ્વતણા છો ત્રાતા;
છો પુરણ પુજ્ય અમારા, પ્રભુ પ્રાણીના આધારા.
નથી અન્ય આધાર અમારો, એવા ધાડ મને છે વિચારો;
તમે સર્વ તણા સુખકારા, પ્રભુ પ્રાણીના આધારા.
પરબ્રહ્મ સદા સુખશાતા, તુજ શુભ ગુણ મુનિજન ગાતા;
તો એ પાર ન પામ્યા અપારા, પ્રભુ પ્રાણીના આધારા.
પ્રભુ અલ્પ પ્રાણી છું બિચારો, મારી દીન વાણી આ સ્વીકારો;
શાંતિ જગમાં વ્યાપો જગધારા, પ્રભુ પ્રાણીના આધારા.

(પ્રભુ પ્રાર્થના સંગ્રહમાંથી)

૨૧૭

અહો વિશ્વપતિ પરમાત્મન્, જગદીશ્વર હે જગદાત્મન્;
સુણો નમ્ર વિનંતિ અમારી, પ્રભુ ચાહું કૃપા હું તમારી.

કૃપાવારિ વહેછે નિરંતર, જેમાં લેશ ન આવે અંતર;
જપે ભક્ત સકળ ગુણધારી, પ્રભુ ચાહુ કૃપા હું તમારી.
નિત્ય માનું બહુ ઉપકારો, અપરાધ ક્ષમા કરો મારો;
તમે આનંદઘન સુખકારી, પ્રભુ ચાહુ કૃપા હું તમારી.
સ્તુતિ પ્રાર્થના નિત્યે ગાઇએ, તવ ચર્ણ સમીપે ધાઇએ;
હે અમૃતના અધિકારી, પ્રભુ ચાહુ કૃપા હું તમારી.
આશીર્વાદ અમોને આપો, જેથી થાય નિકંદન પાપો;
કરો નિર્મળ વૃત્તિ અમારી, પ્રભુ ચાહુ કૃપા હું તમારી.

(પ્રભુ પ્રાર્થના સંગ્રહમાંથી)

૨૧૮

નમસ્તે નમસ્તે નમસ્તે પ્રભુજી,
નમસ્તે નમસ્તે અખંડા વિભૂજી;
નમસ્તે નમસ્તે સદા કષ્ટ હારી,
નમસ્તે નમસ્તે પ્રભુ નિર્વિકારી.
નમસ્તે નમસ્તે પ્રભુ દીનબંધુ,
નમસ્તે નમસ્તે મહા જ્ઞાનસિંધુ;
નમસ્તે નમસ્તે પ્રભુ દીનં દાતા,
નમસ્તે નમસ્તે ચિદાનંદ ધાતા.
નમસ્તે નમસ્તે વિભૂ વિશ્વકર્તા,
નમસ્તે નમસ્તે સદા સૃષ્ટિ ભર્તા;

નમસ્તે નમસ્તે વિભૂ વિશ્વ પાળા,
નમસ્તે નમસ્તે દયાળા કૃપાળા.
નમસ્તે નમસ્તે કૃપાનાથ ત્રાતા,
નમસ્તે નમસ્તે વિભુ હે અજાતા;
નમસ્તે નમસ્તે વિભુ વિશ્વ ભૂપા,
નમસ્તે નમસ્તે સદા શાંત રૂપા.
(પ્રભુ પ્રાર્થના સંગ્રહમાંથી.)

૨૧૯

શાર્દૂલ વિક્રીડીત છંદો.

*જે છે એક અખંડ મંગળનિધિ, જે છે જગત્કારણ;
જે છે પાલક સત્ય સર્વ જીવના, જે છે મહા પાવન.
જેનું ધ્યાન ધરી મહર્ષિ મુનિયો, નિત્યે કરે પ્રાર્થના;
તેને પૂજ્ય ઉપાસ્ય માની કરીયે, નિત્યે અમે વંદના.

૨૨૦

*વંદું હું પરમેશ વ્યાપ્ત વિભુને, વંદું જગાધીશને;
વંદું સર્વ શરણ્ય સત્ય પદને, વંદું સદા ઇશને.
વંદું દેવ દયાનિધે ચિદ્ધના, વંદું હું વિશ્વેશને;
વંદું હું પરમાત્મ પૂર્ણ પ્રભુને, વંદું પરિબ્રહ્મને.

સવૈયા.

૨૨૧

ઓ પ્રભુ તું કરૂણાકર કોમળ, કોટિ કળાતણું કારણ તું છે;
ઓ પ્રભુ તુંજ અધિપતિ એક, સુધારણધર્મ ઉદ્ધારણ તું છે.
ઓ પ્રભુ તું ભયભંજન ભૂધર, ભાવિકને ભવતારણ તું છે;
ઓ પ્રભુ તું જન સર્વતણો પતિ, દોષદારિદ્રય વિદારણ તું છે.

૨૨૨

હારીરહ્યા મનમાંહી મુનીશ્વર, વિશ્વપતિ તણી વાત વિચારી;
તર્ક કરી કરી તત્વ જડયું નહીં, દૃષ્ટિ ઘણી દિલ ઉંડી ઉતારી.
માનતજી અનુમાનકરી લખ્યું, કે મનવાણી ન પહોંચેઅમારી;
કેમ શકે કહી કોઈ કવીશ્વર, ઇશ્વરની ગતિ વિશ્વથી ન્યારી.

૨૨૩

જય સુખદાયક, જે દુઃખઘાયક, જે વરદાયક, વિશ્વવિધાતા;
જય જગકારણ, જે જગધારણ, જે જગતારણ, જે જગત્રાતા.
જય ગુણકારક, જે જગઠારક, દોષ નિવારક, ઇષ અજાતા;
જય વિશ્વેશ્વર, જે પરમેશ્વર, દેવ દીનેશ્વર, જે મતિદાતા.

(ક. દ. ડા.)

આરતિ.

૨૨૪

જય દેવ, જય દેવ;
જય જય જગકર્તા, પ્રભુ, જય જય જગકર્તા,
ભગવત તું ભવભર્તા (૨) હરકત સંહર્તા—જય૦
પૂરણ પરમ પરાક્રમી, પ્રભુ વિભુ પરમાત્મા—પ્રભુ વિભુ૦
સકળ કળાધર શ્રીમત (૨) ધીમત ધરમાત્મા—જય૦
તું સચરાચર સ્વામી, બળવંત બહુ નામી—પ્રભુ બળ૦
વિમળ મંડળ વિશ્રામી (૨) ધન્ય અચળ ધામી—જય૦
તત્વ સકળ ગુણ તારા, સર્વ થકી સારા—પ્રભુ સર્વ૦
અંતર્યામી હમારા (૨) પ્રાણથકી પ્યારા—જય૦
કરૂણા કર ઉપકારી, ધર્મ બિરદ ધારી—પ્રભુ ધર્મ૦
તેં ભવપાર ઉતારી (૨) અગણિત નરનારી—જય૦
તુજ મહિમા બહુ મોટો, શુભ તારી શક્તિ—પ્રભુ શુભ૦
સુરનર મુનિવર માગે (૨) ભલી તારી ભક્તિ—જય૦
હે હરિ! હરકત હરજો, કરૂણા ઘણી કરજો—પ્રભુ કરૂણા૦
અભય કરણ આદરજો (૨) ઉર અરજી ધરજો—જયદેવ૦

(ક. દ. ડા.)

૨૨૫

*તમે છો પ્રભુ અન્નદાતા અમારા,
તમે છો પ્રભુ સર્વથી શ્રેષ્ઠ સારા;
તમે છો અમારા પ્રભુ માઈ બાપ,
અમે દંડવત વંદિયે વિશ્વનાથ.
તમારી સ્તુતિ વેદશાસ્ત્રે વખાણી,
વિરામી મુનિયો તણી વૃત્તિ વાણી;
જગાધીશ તારા ગુણો છે અમાપ,
અમે દંડવત વંદિયે વિશ્વનાથ.

કૃપા વિષે.

૨૨૬

કૃપા વિના પ્રભુજી, કેમ કાર્ય સરેરે (૨)
કેમ કાર્ય સરેરે, કેમ કાર્ય સરેરે—કૃપા૦
અવલંબન આધાર તમારો (૨)
તમ વિના હુમારાં કષ્ટ કોણ હરેરે–કષ્ટ૦—કૃપા૦
જગત તણું રક્ષણ કરવાને (૨)
પ્રભુ પ્રતિજ્ઞા તમારી, કદી નવ ફરેરે–કદી૦—કૃપા૦
શરણ તમારૂં ગ્રહણ કીધું છે (૨)
ભવસિંધુ થકી તે તો સત્ય તરેરે–તે તો૦—કૃપા૦

૨૨૭

કૃપા કરો કીરતાર, અમોપર કૃપા કરો કીરતાર;
હે પ્રભુ જગદાધાર, અમોપર કૃપા કરો કીરતાર.
તારી કૃપા વિના પ્રભુ, અમથી કાંઇ ન થાય (૨)
પણ જો તું જ કૃપા કરે, તો રંક બની જાય રાય—અમો૦
સાચા સેવક તાહારા, કદી ન થાય નિરાશ (૨)
એમ અમો મન માનીએ, તુજ દાસોના દાસ—અમો૦
કર જોડી જન સૌ અમે, નમીએ તુજને શીશ (૨)
અમો માંગીએ એટલું, હે જુગના જગદીશ—અમો૦

પ્રેમ વિષે.

૨૨૮

પ્રેમની વાત છે ન્યારી,
ઓધવજી પ્રેમની વાત છે ન્યારી (૨)
પ્રેમની વાતોમાં ઓધા, તમે શું જાણો (૨)
બીજા શું જાણે સંસારી—ઓધવજી૦
પ્રેમની વાતોમાં ઓધા, બ્રહ્માજી ભુલ્યા (૨)
વેદ મેલ્યા છે વિસારી—ઓધવજી૦
તમારો રંગ ઓધા, રંગ છે પતંગનો (૨)
અમારો રંગ છે કરારી—ઓધવજી૦

વેદ શાસ્ત્રમાં ઓધા, સ્ત્રી નવ તારી (૨)
વ્રજવનિતાને કેમ તારી—ઓધવજી૦
વલ્લભના સ્વામી પ્રભુ, રસીક શિરોમણિ (૨)
નીસરવાની નથી બારી—ઓધવજી૦

૨૨૯

પ્રેમનો પંથ છે ન્યારો, સરવ થકી પ્રેમનો પંથ છે ન્યારો.(ટેક)
જે જાણશે તે શીર સાટે માણશે, એમાં નથી ઉધારો;
પ્રેમ અમલ આવ્યો જેની આંખમાં, ઉતરે નહીં ઉતારો-સ.
આઠે પહોર રહે આનંદમાં, પ્રેમ રસનો પીનારો;
વ્હાલા વિના તેને લુખું લાગે, સંસાર સાગર ખારો-સ.
પ્રેમ રસ કથ્યામાં ન આવે, જાણે જાણનહારો;
પ્રીતમ પ્રેમી જન મળે તો, આતમ રામ અમારો-સ.

૨૩૦

જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. (ટેક)
સિંહણ કેરૂં દુધ હોય તે, સિંહણ સુતને જરે (૨)
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે-પ્રેમરસ૦
સક્કર ખોરનું સાકર જીવન, ખરના પ્રાણજ હરે (૨)
ક્ષીર સિંધુનું માછલડું જયમ, મીઠા જળમાં મરે-પ્રેમરસ૦
સોમવલ્લી રસ પાન શુક્ર જે, બ્રાહ્મણ હોય તે કરે (૨)
વગર વંશીને વમન કરાવે, વેદ વાણી ઉચ્ચરે-પ્રેમરસ૦

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ન સરે (૨)
મચ્છભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ન ભરે-પ્રેમરસ૦
એમ કોટિ સાધને પ્રેમ વિના, પુરૂષોત્તમ પું઼ઠ ન ફરે (૨)
દયા પ્રીતમ શ્રી ગોવર્ધન ધર, પ્રેમ ભક્તિએ વરે-પ્રેમરસ૦

૨૩૧

વ્હાલો મારો સાચાનો સંગાથીરે, જેણે પ્રીત કીધી. (ટેક)
વ્હાલાજી મારા પ્રથમ ધ્રુવસું પ્રીત કીધી (૨)
તેને અવિચળ પદવી દીધીરે–જેણે પ્રીત કીધી–વ્હાલો૦
વ્હાલાજી મારા, બળિને બોલાવી વાચા લીધી (૨)
ત્રણ ડગલાં પૃથ્વી લીધીરે–જેણે પ્રીત કીધી–વ્હાલો૦
વ્હાલાજી મારા, ઉંડા તે જળમાં ગર્જના કીધી (૨)
તેની તરત ખબરો લીધીરે–જેણે પ્રીત કીધી–વ્હાલો૦
વ્હાલાજી મારા, હેતે વિદૂરની ભાજી ખાધી (૨)
એને વચને ગુનકા સાધીરે–જેણે પ્રીત કીધી–વ્હાલો૦
વ્હાલાજી મારા, વૃંદા તે વનના વાસી (૨)
એમ બોલ્યા જીવણ દાસીરે–જેણે પ્રીત કીધી–વ્હાલો૦

૨૩૨

વહાલો પ્રેમને વશ થયા રાજીરે;
એમાં શું કરે પંડીત ને કાજીરે—વહાલો૦

કરમાબાઇનો આરોગ્યો ખીચડો, ને વિદુરની ખાધી ભાજી;
જુઠા બોર શવરીનાં ખાધાં,
વહાલે છપ્પન ભોગ મેલ્યા ત્યાગીરે—વહાલો૦
વિદૂરને ઘેર શ્રી કૃષ્ણ પધાર્યા, ને કેળાં આણ્યાતા માગી;
ગર્ભ કાઢી નાંખીને છાલ ખવરાવી,
વહાલે તોએ ન જોયું જાગી રે—વહાલો૦
ગુણકા હતી તે પોપટને પઢાવતી, ને તેમાંથી લેહ લાગી;
ભગવાન હતા તે સહેજમાં મળ્યા,
એની સંસારની ભ્રમણા ભાંગીરે—વહાલો૦
ભક્તની લોક નિંદા કરે, ને જગત થયું છે પાજી;
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી,
માથે ગિરધર રહ્યો છે ગાજી રે—વહાલો૦

૨૩૩

મેં તો હરિગુણ ગાવત નાચુંગી (૨)
નાચુંગી મેં તો નાચુંગી, મેં તો હરિગુણ ગાવત નાચુંગી(ટેક)
અપને મહેલમેં બેઠ બેઠ કર, ગીતા ભાગવત વાચુંગી—મેં૦
જ્ઞાન ધ્યાનકી ગઠરી બાંધકર, હૃદયકમળમેં રાચુંગી—મેં૦
બાઇ મીરાં કહે પ્રભુગિરધરનાગર, સદા પ્રેમરસ ચાખુંગી—મેં૦

૨૩૪

દિલ લગાય રામ ફકીરીમેં (ટેક)
રામ ફકીરી અદલ ફકીરી (૨)
ચારો ખુટ જાગીરીમેં—દિલ૦
જો સુખ મિલતા રામ ભજનમેં (૨)
સો સુખ નાહીં અમીરીમેં—દિલ૦
કહત કબીરા સુનો ભાઇ સાધુ (૨)
સાહેબ મિલતા સબુરીમેં—દિલ૦

૨૩૫

મોરલી વાગી મને રામ નામ લેહ લાગી;
બંસી વાગી મને રામ નામ લેહ લાગી.
સદ્ગુરૂ શબ્દ તણી ચોંટ લાગી, માયામોહ નિદ્રાસું જાગી;
તેથી થઇછું સરસ સોહાગી;
નહિ જાઉં આધી–મને રામ નામ લેહ લાગી–મોરલી.
મનડું સદ્ગુરૂ સાથે મોહ્યું, ચિત્ત વિત્ત નીશ્ચે સુરતા પ્રોયું;
ઉલટું આપ તપાસી જોયું;
ભ્રમણા ભાંગી–મને રામ નામ લેહ લાગી–મોરલી.
સદ્ગુરૂ અખંડ એક અવિનાશી, સર્વાતીત સબ ઘટવાસી;
નહિ જાઉં ગંગા જમુના કાશી;
ભઇ અનુરાગી–મને રામ નામ લેહ લાગી–મોરલી.

મળીયા સુરતરામ સદ્‌ગુરૂજી, જીનકી પરમારથ પર મરજી;
ચરણે આવ્યો ધરમ ગઢ ધરજી;
મળી મોજ માગી–મને રામ નામ લેહ લાગી–મોરલી૦

૨૩૬

મળીયા પ્રેમ સ્નેહી નંદલાલ, અગમ બાંધી પ્રીતડી.
જીરે સાધુરે સંતના સંગમાં (૨)
વસ્તુ સદ્‌ગુરૂના હાથેથી જડીરે, અગમ બાંધી પ્રીતડી.
જીરે ઘાટ ઉઘાટના ઘાટમાં (૨)
તિયાં પ્રેમરૂપી ટંકશાળો પડી રે, અગમ બાંધી પ્રીતડી.
જીરે ગગન મંડળનારે ભૂરમાં (૨)
તિયાં અલખ પુરૂષની મઢીરે, અગમ બાંધી પ્રીતડી.
જીરે ધરમરે દાસની વિનતી (૨)
સુરતિ સદ્‌ગુરૂના ચરણોમાં ઢળીરે, અગમ બાંધી પ્રીતડી.

૨૩૭

લાગ્યો પ્રેમ પ્રીતમનોરે રંગ, ટાળ્યો હવે નહીં ટળે;
દેખી દેખી દુરીજન લોક, છોને રિસે બળે. (ટેક)
મારે માથે છબીલાની છાપ, ભવો ભવ રહેજોરે. (૨)
હરિના દાસના દાસના દાસ, હવે મને કહેજોરે–લાગ્યો.
જાયે રાજ કે જાયે લાજ, છોને ભલે જાતાંરે (૨)
તેની નથી જરાએ જરૂર, ગોવિંદ ગુણ ગાતાંરે–લાગ્યો.

નામ મહાત્મ્ય વિષે.

૨૩૮

નામકો મહિમા અગમ અપાર, તાકો કોઇ ન પામે પાર—ના૦
નેતિ નેતિ કર વેદ કહતહે, પાવત ન શકે પાર (૨)
ચતુરાનન ચારો જીભ્યાસે (૨) નિશદિન કરે પોકાર—ના૦
શૂન્ય સમાધિ લગાય ધ્યાન ધર, સનકાદિક ગયે હાર (૨)
શેષ સહસ્ત્ર મુખ નામ જપત હે (૨) લે પૃથ્વીકો ભાર—ના૦
ત્રેતા મધ્યે રામે એક તારી, ગૌતમ ઋષિકી નાર (૨)
નામ ભજનસેં જીવ અનેક (૨) નિશદિન હોત ઉદ્ધાર—ના૦
એહી નામ સકલ ઘટમાંહી, સંતન લીયો નીહાર (૨)
સાહેબ કબીરાકું ગરૂજીને દીનો (૨) સોઇનામ નીજસાર—ના૦

૨૩૯

નામ સુધારસ સાર સરવમાં, પરખી પ્રેમસું પીધોરે;
ભૂતળપતિપદ તેને ન ભાવે, લહાવો નૌતમ લીધોરે—ના૦
એ રસ મોંઘે મૂલે મળે નહી, વૈકુંઠનાથને વ્હાલોરે;
અજ ઉમયાપતિઇચ્છક એના, અદ્વૈતપદનો પ્યાલોરે—ના૦
પૂરણ બ્રહ્મ એ રસને પ્રીછો, નથી સમોવડ એવોરે;
જગતનું જીવન એનેરે કહીએ, મહાવીરલાનો મેવોરે—ના૦
કોટી જગન ને જપતપ તીરથ, તેઓ તુલ્ય ન આવેરે;
પૃથ્વીપાત્ર ને મુક્તા ભરીયું એથી અધિક પણ પાવેરે—ના૦

નામ સમોવડ કોઇ ન આવે, અમૂલ્ય વસ્તુ એવીરે;
સદ્ગુરૂ સ્વામી કૃપા કરે તો, ત્યાંથી મળે તેવીરે—ના૦
દુર્લભ દીઠો ને મહારસ મીઠો, સ્વાદ કહ્યો ન જાયેરે;
નીરાંત નામ સુધારસ પીતાં, હરિસરખો થઇ જાયેરે—ના૦

૨૪૦

કૃષ્ણ રામા રામા રામા, કૃષ્ણ રામા રામા રામા;
રામા રાયા રઘુબારે, રાયા રઘુબારે—કૃષ્ણ૦
નામ ગેઉન કરે ધંધા (૨)
ત્યાલા સમાધિ તો સદા, સમાધિ તો સદા—કૃષ્ણ૦
નામ ગેઉન પાયે ચાલે (૨)
ત્યાલા યજ્ઞ પાહુલે પાહુલે, પાહુલે પાહુલે—કૃષ્ણ૦
નામ રટત ગ્રાસો ગ્રાસી (૨)
તે તો જેવલા ઉપવાસી, જેવલા ઉપવાસી-કૃષ્ણ૦
જે કોઇ રામ નામ ગાવે (૨)
ત્યાલા તુકા વંદે પાયે, તુકા વંદે પાયે—કૃષ્ણ૦

૨૪૧

શ્રીનાથજીના નામ સમાન કોઇ નાવે,
મારા પ્રભુજીના નામ સમાન કોઇ નાવે.
દુષ્ટ દુર્યોધન બેઠા હતા ત્યાં,
સુંદરી સભામાં લાવે (૨)

અબળા તણી અરજ સુણી કરીને,
અણુવાણે પાય આવે—મારા૦
વિપ્ર સુદામાનાં ઘરમાં છે સંકોચ,
તાંડુલ લઇને ખાવે (૨)
ખટરસ ભોજન તજી કરીને,
ભાજી વિદુર ઘેર પાવે—મારા૦
કોઇ જાય ગંગા ને કોઇ જાય કાશી,
અશ્વમેધ જગન કરાવે, (૨)
અનેક ગાયોના દાન કરીને,
કોટી કોટી કન્યા પરણાવે—મારા૦

૨૪૨

મને વહાલું વહાલું વહાલું દાદા રામજીનું નામ (૨)
મ્હારે અવર વિદ્યા તણું, નથી કાંઇ કામ—મને૦
મારે માધવ કૃષ્ણ મુકુંદ મોરાર (૨)
ભજું મધુસુદન કેશવ કીરતાર (૨)—મને૦
મારે દામોદર અવિનાશીરે અનંત (૨)
મારે ભજવો છે ભક્ત વત્સલ ભગવંત (૨)—મને૦
હુંતો રૂદે માંહી લખી રાખું રામ ગોવીંદ (૨)
વળી તન મન ધન મારે સચ્ચીદાનંદ (૨)—મને૦

મારે શ્રવણે શ્રી રામજીનું રામજીનું જ્ઞાન (૨)
મારે રામજીનું સ્મરણ રામજીનું ધ્યાન (૨)–મને૦
મારે વિષ્ણુનું વંદન સેવન શ્રીરામ (૨)
મારે ધરમને કરમને સાચો સુંદર શ્યામ (૨)–મને૦
હુંતો સદા ને સરવદા શ્રીહરી કેરે શરણ (૨)
કીધું આપ સમરપણ પ્રભુજીને ચરણ (૨)–મને૦
મારે ધરણીધર પર દૃઢ વિશ્વાસ (૨)
હુંતો જનમ જનમ થકી દેવ કેરો દાસ (૨)–મને૦
મારે નીરધનનું ધન સારંગપાણ (૨)
મારા મંદીરીયામાં જોતે જડી મોતીડાની ખાણ (૨)–મને૦
હુંતો મુકું નહિ મુખ થકી વિષ્ણુના વખાણ (૨)
હું તો પુરે પ્રેમે ભજ્યા કરૂં પુરૂષ પુરાણ (૨)–મને૦
હુંતો વિદ્યા તણું તત્વ તપાસું રૂડી રીત (૨)
ચારે વેદ વલોણામાં વિષ્ણુ નવનીત (૨)–મને૦
એવા જુગજીવન ત્રીભુવન ત્રાણ (૨)
કોણ સીંધુમાંહી કુદી પડે મેલી મોટાં વહાણ (૨)–મને૦

૨૪૩

ભજ રામ રામ રામ રામ, રામ રામ રામા (ટેક)
રામ નામ વેદ મૂલ, તા સમ નહીં ઓર તૂલ. (૨)
ભજત મિટત ત્રિવિધ શૂલ, છુટતહી ભવચામ (૨) ભજ૦

રામ નામ વિમલ નીર, સંતન સંતસંગ તીર (૨)
ગાવત સુરનર મુનિવર, પાવત નિજ ધામા (૨) ભજ૦
રામનામ કમલ ફુલ, સંતન મન ભ્રમર ભુલ (૨)
ઝુમી ઝુમી પીવત, અમૃત કરી પાના (૨) ભજ૦
રામ નામ નિરંકાર, તુલસીદાસ નમસ્કાર (૨)
દીજે પ્રભુ ભક્તિદાન, પલ પલ હરિ નામા (૨) ભજ૦

સ્મરણ વિષે.

૨૪૪

સુમરન બિના સુખ નહીં પાવેગા; (૨)
નહીં પાવેગા, નહીં પાવેગા. (૨) (ટેક)
ભવ સાગરમેં ભટક મરેગા (૨)
જો ગુરૂ વાકય બિસારેગા—ભલા જો૦—સુમરન૦
કુંભી પાક આદિ નરકમેં (૨)
યમ કિંકર લે જાવેગા—ભલા યમ૦—સુમરન૦
અજપા જાપ નાવ ભવજલતેં (૨)
પલમાંહી પાર પહોંચાવેગા—ભલા પલ૦—સુમરન૦
ભાવ ધરી ભજ નિર્ગુન ચૈતન્ય (૨)
ફેર જન્મ નહીં પાવેગા—ભલા ફેર૦—સુમરન૦

વિમલવિષદ નિત્ય શ્રી સદ્‌ગુરૂકો (૨)
દેવકૃષ્ણ યશ ગાવેગા—ભલા દેવ કૃષ્ણ—સુમરન૦

૨૪૫

નારાયણનું નામ લેને તું પ્રાણી રે;
બદ્રિનાથ પ્રગટ જુગ જાણી—(ટેક)
ગર્ભવાસે રક્ષા કીધી તારી રે,
લીધો જઠરા અગ્નિથી ઉગારી રે;
તેને કેમ મેલ્યો છે વિસારી—નારાયણ૦
નર દેહ દીધો તને નાથે રે,
ધન હોય તો વાવર તારે હાથે રે;
પડયું રહેશે, કોડી નાવે સાથે—નારાયણ૦
વણ સમજે કહે મારૂં મારૂં રે,
ધન કાજ ફરે તન તારૂં;
તારા હાથે નથી ધન તારૂં—નારાયણ૦
મિથ્યા સુખમાં તે શું લપટાણો રે,
લોક લાજે ગળે દીધો ગાણો રે:
જાય છે તૃષ્ણાના પૂરમાં તણાણો—નારાયણ૦
કાયા માયા એ રીતે કાચી રે,
તેના રંગમાં તે શું રહ્યો રાચી રે;
બ્રહ્માનંદ કહે વાત સાચી—નારાયણ૦

૨૪૬

હરિનામ બિના નર એસાં હય (૨)
દીપક બિના મંદિર જેસા હય (૨)—હરી૦
જેસે શશી બિના રજની સોહી હય (૨)
જેસે બિના લુનકી રસોઇ હય (૨)
જેસે ગુરૂ બિનાકા ચેલા હય (૨)—હરિ૦
જેસે પુરૂષ બિનાકી નારી હય (૨)
જેસે પુત્ર બિનાકી માતારી હય (૨)
ગીનકા ધર પુત્રજ જેસા હય (૨)—હરિ૦
ઠુંઠર બિના વૃક્ષ બનાયા હય (૨)
જેસે સૂમ સંચરી માયા હય (૨)
જલ બિના સરોવર જેસા હય (૨)—હરિ૦

૨૪૭

શ્રીરામ કહેનેકી મઝા જીસકી જબાંપે આ ગયા (૨)
મુક્ત જીવન હો ગયા (૨)
ચારો પદારથ પા ગયા.— શ્રીરામ૦
લુંટી મઝા પ્રહલાદને, ઉસ નામકે પ્રતાપસે (૨)
નરસીંગ હો દર્શન દીયા, (૨)
ત્રીલોકમેં જશ છા ગયા.— શ્રીરામ૦

ઐસી ખટકની સેવરી, કીસ પ્રેમસે સુમરણ કીયા (૨)
પરમાત્મા ધર આયકે, (૨)
ઉસ હાથકે ફલ ખા લીયા— શ્રીરામ૦
સૌ કોટીકી તકસીમમેં, જબ શંભુને પાયા ઉસે (૨)
જાપે કૃપા ઉનકી ભઇ (૨)
સદ્દગુરૂસેં દર્શા દીયા— શ્રીરામ૦
સબસે બડા દરજા કીયા, ભક્તોંકે ઇસ કલીકાલમેં (૨)
નરસીંહકી હુંડી દ્વારીકામેં (૨)
સામરા સકરા ગીયા— શ્રીરામ૦
છા રહી કીરત બીમલ રૂતુ, રાજસી સંસારમેં, (૨)
અબ્ર કે માનીંદ તુલસી (૨)
પ્રેમરસ બર્સા દીયા— શ્રીરામ૦

૨૪૮

પીજારે બુટ્ટી, નામકી, પીજારે બુટ્ટી (૨)
તુમ સદા રહો અલમસ્ત નામકી,
પીજારે બુટ્ટી (૨) નામકી.
ઘેરી ઘેરી નદીયાં નાવ પુરાણે,
જદપી લે છુટી મોરે પ્યારે (૨)
હરીકા ભજન કબુ નહીં કીનો (૨)
હૈયેકી ફુટીરે, ભજન બીન, હૈયેકી ફુટી—તુમ સદા.

તન કર કુંડી મનકર સોટા,
ચીતકી રગડ બુટ્ટી, મોરે પ્યારે (૨)
કોઇ કોઇ સાધુજન પી ગયે ભાઇ (૨)
ચોરાશી છુટીરે, ભજનકર, ચોરાશી છુટીરે—તુમ સદા
સદ્‌ગુરૂ હમકું બહોત સમજાયા,
એક નહીં સુજી મોરે પ્યારે (૨)
દાસ બીહારી હરી ગુણ ગાઈ લે (૨)
ઓર બાતા જુઠીરે, ભજન બીન, ઓર બાતા જુઠીરે
તુમ સદા.

૨૪૯

રામ શબ્દની માળા જપો તો, છુટે જનમ જંજાળા,
સદ્‌ગુરૂ રામ શબ્દની માળા હોજી.
કરી લેને કુંચી જ્ઞાનો કેરી, ખુલે વજ્જરમય તાળાં હોજી,
ઇરે તાળાં તમે દુર કરો ભાઇ (૨)
તો ઘટ ભીતર અજવાળાં— સદ્‌ગુરૂ રામ૦
આ અંદર એક પરગટ ગંગા, કોણ ફરે પથરા પાળા હોજી,
ઇરે ગંગા તમે ન્હાવો અખંડા (૨)
મત ન્હાવો નદીઓ નાળાં— સદ્‌ગુરૂ રામ૦

આ અંદર એક બુદ્ધિ સમુદર, તેમાં તે નવ નેજારા હોજી,
ઇરે સાયરમાં હીરા માણેક (૨)
ખોજે ખોજનહારા— સદ્ગુરૂ રામ૦
હરિ સમરો તો પાતક પ્રજળે, સંતના કરીલે ચારા હોજી,
લાલદાસ કહે સદ્ગુરૂ વચને (૨)
નિર્ગુણ પંથ નિયારા— સદ્ગુરૂ રામ૦

પરમાર્થ વિષે.

૨૫૦

તું તીર્થમાં જ્યાં ત્યાં વિચરતો, ધર્મ જાણીને ધર્યો;
વૈરાગ્યથી વસ્તી તજીને, વન વિષે જઇને વસ્યો.
ભગવાં ધરીને ભટકતો રહી, પેટ ભીખીને ભર્યું;
શી રીતે ઇશ્વર રીઝશે, તેં સારૂં કોઇનું શું કર્યું?
તેં નિત્ય સ્નાન, ત્રિકાળ કીધું, ચાહી ગોમય ચોળીને;
તેં પંચ ગવ્ય વિશેષ પ્રાશન, કીધું ઘોળી ઘોળીને.
આહાર એકજવાર કરવો, એવું વૃત તેં આચર્યું;
શી રીતે ઇશ્વર રીઝશે, તેં સારૂં કોઇનું શું કર્યું?
તેં હોમ હવન ઘણાં કર્યાં, ઘી હવનમાં હોમ્યાં ઘણાં;
તેં ચાલતી નદીએ ચડાવ્યાં, દુધ દહીં ગાયો તણાં.

બહુ વર્ષ મુખ મુન્યવૃત ધર્યું, તે ઠીક તુજ મનમાં ઠર્યું;
શી રીતે ઇશ્વર રીઝશે, તેં સારૂં કોઇનું શું કર્યું?
તેં નવ નવા નૈવેદ કરીને, તે પ્રસાદી તું જમ્યો;
ઉપવાસને એકાસણાં કરી, દેહને બહુ તેં દમ્યો.
ખાડો ખણીને દાટીયું, જે અન્ન જમતાં ઉગર્યું;
શી રીતે ઇશ્વર રીઝશે, તેં સારૂં કોઇનું શું કર્યું?
તેં પ્રાર્થના પ્રભુની કરી, મુખ વિવિધ વચન ઉચ્ચારીને;
તેં સ્તોત્ર પાઠ ઘણાં કર્યાં, નિત્ય નિત્ય નિયમો ધારીને.
ગદગદ સ્વરે ગુણગાન કરતાં આંખથી આંસુ ઝર્યું;
શી રીતે ઇશ્વર રીઝશે, તેં સારૂં કોઇનું શું કર્યું?
ભગવાન લુખી ભક્તિથી, રીઝે નહિ તલ માત્ર તે;
પણ ભક્તિ પર ઉપકાર સાથે, થાય પ્રભુ પ્રિયપાત્ર તે.
તે વગર વાદ વિવાદ કીધા, કામ તેથી શું સર્યું;
શી રીતે ઇશ્વર રીઝશે, તેં સારૂં કોઇનું શું કર્યું?

૨૫૧

થિર ઠરીને કોઇ આ ઠામ, રે નથી રહેવાનું;
કરી લો કાંઇ રૂડાં કામ, રહેશે કહેવાનું (ટેક.)
વિક્રમ સરખા વીર ગયા, ને ભુપ ગયો વળી ભોજરે;
જોરાવર જયકારી જગતમાં, ફરતી જેની ફોજ–રે નથી.

મોતીશાહ મુંબઇમાં મોટા, સરસ હતો શાહુકાર રે;
નામ ગયું ને ઠામ ગયું, વળી ગયા ગરથ ભંડાર–રે નથી.
હેમાભાઇ હયાત હતા, ને શેઠ હતા હઠિસંગ રે;
તે પણ દુનિયા તજી ગયા, ને મનમાં રહ્યો ઉમંગ-રે નથી.
પડયું રહે નાણું પૃથ્વીમાં, અગણિત આડે આંકરે;
સમજી લેજો કાંઇપણ સાથે, નહીં આવે નવટાંક–રે નથી.
આરંભેલાં અધુરાં રહેશે, કંઇક જગતનાં કામરે;
તરત અજાણ્યું તેડું આવે, તજીને જાવું તમામ–રે નથી.
લાચારોની આશિષ લેજો, નિશ્ચળ કરજો નામરે;
સમજો તો સારી શીખામણ, દેછે દલપતરામ–રે નથી.

વ્યભિચાર વિષે.

૨૫૨

ધિક ધિક તારો જો અવતારરે,
તેં તો ન કર્યો નર જો વિચારરે.
ચૌદ લોકને ગઇ છે નારી ચાવીરે,
તુંને તેની પતીજ કેમ આવીરે.
બ્રહ્મા સરખાને જેણે જો ભોળાવ્યારે,
શિવ સરખાને જેણે જો ડોલાવ્યારે.

જેણે એકલશૃંગીને અંધ કીધોરે,
જેણે પરાશર પકડીને લીધોરે.
કીધુ નારદ તણું તે મુખ કાળું રે,
રૂષિ શૌભરી તણું તે તપ ટાળ્યું રે.
જેણે અંધ તે અસુર કુળ કીધું રે,
તેણે અમૃત તજાવી વિખ દીધું રે.
જેણે રાવણ તણું તે કુળ ખોયું રે,
ત્યાં તારૂં તે મન કેમ મોહ્યું રે.
લીધું દુઃખ તે અલ્પ સુખ સાટેરે,
કહે નિષ્કુલાનંદ તે માટેરે.

૨૫૩

તમે પાછાને વળાવોરે (૨) રાજા રાવણ જાનકીરે;
જાનકી છે, ગઢરે લંકાનોરે કાળ—માતાજી છે, ગઢરે—તમે૦
લંકા કેરા કાંગરારે, રામે તારા ઘેરિયારે (૨)
પથરા કાંઇ, તારીને બાંધી છે પાજ (૨)—તમે૦
લંકા ગઢ માંહીરે, હનુમાન જતિ આવીયારે (૨)
લીધી લીધી, સીતાજી કેરીરે શોધ (૨)—તમે૦
એમ કરી બોલ્યારે, નાર મંદોદરીરે (૨)
અવિચલ હોજો, રામ તમારૂંરે રાજ (૨)—તમે૦

અભિમાન વિષે.

૨૫૪

ગર્વ કીયો સોઇ નર હાર્યો, સીયારામજીસેં ગર્વ કીયો૦
ગર્વ કીયો રાજા હિરણ્યકશ્યપુએ, નોર વધારીને માર્યો;
હાંહાંરે પ્રભુએ નોર વધારીને માર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો લંકાપતિ રાવણે, ચુરચુરા કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ ચુરચુરા કરી ડાર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો શ્રી રત્નાગર સાગરે, નીર ખારો કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ નીર ખારો કરી ડાર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો ચકવા ચકવીએ, રેન વછુટ કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ રેન વછુટ કરી ડાર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો અંજની કેરે પુત્રે, પાંવ ખોડો કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ પાંવ ખોડો કરી ડાર્યો—સીયારામજીસેં૦
ગર્વ કીયો સિંહલદ્વિપકે સિંધીએ, બાલ વાંકો કરી ડાર્યો;
હાંહાંરે પ્રભુએ બાલ વાંકો કરી ડાર્યો—સીયારામજીસેં૦
કહે તુલસીદાસ આશ રઘુવરકી, શરણે આવ્યો તેને તાર્યો;
હાંહાંરે પ્રભુએ શરણે આવ્યો તેને તાર્યો—સીયારામજીસેં૦

૨૫૫

મત કર દિલ પતિયારો દિવાની કાયા મત કર૦
પુર્વ દિશાથી આવ્યો એક હંસલો, ને ઘરઘર ફરે કુંવારો
રેજી (૨)
હરે હંસાને મેં ભુખ્યો ન રાખ્યો ભાઇ (૨)
ઘર ખવરાવી દીયો સારો—દિવાની કાયા (૨) મત કર૦
અદકું રે લાવ્યો, ઉછીનું રે લાવ્યો, ને ઘરઘર કીયો ઉધારો
રેજી (૨)
હરે હંસાને મેં ઘણો સંતોષ્યો ભાઇ (૨)
ઘર ખવરાવી દીયો સારો—દિવાની કાયા (૨) મત કર૦
કાયા કહે મેં સદા સોહાગણ, એ છે પીયુજી હમારો
રેજી (૨)
તુજ સરિખી મેં ઘણી મીલાવી ભાઇ (૨)
ન જોઈ રાત કે દહાડો—દિવાની કાયા (૨) મત કર૦
કાયા કહે મેં ઠગજ પકડાયો ને, એ છે બડો ઠગારો
રેજી (૨)
તુજ સરીખી મેં સુતીજ મેલી ભાઇ (૨)
રમી ગયો પીયુજી પ્યારો—દિવાની કાયા (૨) મત કર૦

ઉઠ ગયો કાયાકા કારીગર, બંધ ભયો લલકારો રેજી (૨)
દાસ જીવણ સંતો ભીમકે ચરણે ભાઇ (૨)
હરિ ભજીને ગુણ ગાયો–દિવાની કાયા (૨) મત કર૦

ઢોંગી ભક્ત વિષે.

૨૫૬

જુઠા જુઠી ન ઝાલો માલા—હાંરે જુઠા૦
માલા માલા માલા રે—જુઠા૦
હાલતાં ને ચાલતાં મણકારે મુકે (૨)
એ જગ ધૂતવાના ચાળારે—જુઠા૦
જગતમાં ભક્તપણું રે દેખાડે (૨)
કરમ કરે છે કાળાં રે જુઠા૦
વ્યાસ વલ્લભ કહે જુઠા જનમના (૨)
ખાશો જમના ભાલારે—જુઠા૦

૨૫૭

વૈષ્ણવ નથી થયોરે, શીદ ગુમાનમાં તું ધૂમે (ટેક).
હરિજન જોઈને હૈડું ન હરખે, દ્રવે ન હરિગુણ ગાતા (૨)
કામ ધામ ચટકી નથી ફટકી (૨) ક્રોધે લોચન રાતાં–વૈ૦
તુજ સંગે કોઇ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો (૨)
તારા સંગનો રંગ ન લાગે (૨) ત્યાં લગી તું કાચો–વૈ૦

પરદુઃખ દેખી હૃદય ન દાઝે, પરનિંદા નથી ડરતો (૨)
વહાલ નથી વિઠલસું સાચું (૨) હઠે તું હું હું કરતો—વૈ૦
પરોપકારે પ્રીત ન તુજને, સ્વારથ છુટયો છે નહીં (૨)
કહેણી તેવી રહેણી ન મળે (૨) ક્યાં લખ્યું એમ કહેની—વૈ૦
મન તણો ગુરૂ મન કરીશ તો સાચી વસ્તુ જડશે (૨)
દયા દુઃખ કે સુખ માન પણ (૨) સાચું કહેવું પડશે--વૈ૦

૨૫૮

અરે શું સમજયો વૈષ્ણવ થઇ, અવિદ્યા જો અળગી નવ ગઇ.
જ્ઞાન વૈરાગ્ય ગમે નહીં ગાતાં, રાસ કથાના રસીયા;
કામ ક્રોધ મદ લોભ ગર્વ છળ, અંતરથી નવ ખસીયા—અરે૦
તન મન ધન દારા ઘર તારૂં, બ્રહ્મ સમર્પણ કીધું;
પાપ કર્મ તો પામર જીવડે, પોતે માથે લીધું—અરે૦
હીંગ તજે પણ હરામ ન તજે, નીરખે કોઇ પર નારી;
લસણ તજે પણ લાંચ ખાય છે, ન તજે ચોરી જારી—અરે૦
જરને લોભે જુઠા સોગંદ, ખાતાં પણ નથી બ્હીતા;
જુઠી સાક્ષી જાય પુરવા, ઝટ ઉપાડે ગીતા—અરે૦
છાપા તિલક તાણીને અંગે, મંડલીઓમાં મહાલે;
ગુપ્ત ઘાત અંતરમાં રાખી, ઘણાંકનાં ઘર ઘાલે—અરે૦
એકાદશીનું વ્રત આચરે, ફરાળ સારૂં ફાકે;
ઉપર ચોખા અંતર મેલા, પરધન હરવા તાકે—અરે૦

એક પ્રભુને ઉરમાં ધારી, પરમારથ આચરવું;
નીતિનો મારગ ઝાલીને, ભાળી ડગલું ભરવું-અરે૦
એમ વિચારી જે જન ચાલે, ધર્મ તેહનો સાચો;
કહે છોટમ પરપંચી મારગ, જાણો સર્વે કાચો-અરે૦

૨૫૯

પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય, તારા દિલનું કપટ ન જાય.
પ્રભુ કીરતન પ્રભુ નામ સ્મરણમાં, અતિશય આળસ તારે;
ડાચા કુટ લવ પરનિંદામાં, આખો દિવસ નવ હારે-પ્રભુ૦
પ્રભુનું પૂજન કરતી વેળા, કાયા તારી કંપે;
ગંજીફો સોગટાં કૂટતાં, આઠ પહોર નવ જંપે-પ્રભુ૦
હરીનું ચંદન ઘસતાં તારૂં, શ્રમથી શરીર બગડે;
કુંડી કુંદકું લઇ મરી મસાલો, ભાવે ભાંગજ રગડે-પ્રભુ૦
એકાદશી ઓછવના જાગરણ, અતિ કઠણ તને લાગે;
ભાંડ ભવૈયા જોવા સારૂ, સારી રાતજ જાગે-પ્રભુ૦
હરિના જનને લુખું સુકું, વેઠજ વળગી જાણે;
સગા સંબંધી પરૂણા આવે તેને, પીરસે મિષ્ટ પરાણે-પ્રભુ૦
બે પૈસાની ગુરૂ સેવા બતાવે, ત્યાં ગણગણતું બોલે;
ઘરની સ્ત્રી જ્યારે માગે ઘરેણું, ત્યારે હસી મગ્ન થઇ ડોલે-પ્રભુ૦
ખોટા મોતી કાચ કીડીયાં, ભગવત ભૂષણ ઘાલે;
સોનું રૂપું મણિ મુકતા વિણ, સ્ત્રી સુતને નવ ચાલે-પ્રભુ૦

જગ દેખતાં જપવા બેસે, બાકી નહાય ન ખાવા;
ગળાં કાપે ત્યાં થાય ગળગળો, એ વૈષ્ણવના ભાવા—પ્રભુ૦
આ કરવું આ ના કરવું એમ, અન્યને શિક્ષા દે છે;
એ પ્રમાણે તું નથી કરતો, અનુચિત કર્મ કરે છે—પ્રભુ૦
અંતરના છલ અન્ય ન લેહ, પણ જાણે અંતરજામી;
એ તો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી—પ્રભુ૦

૨૬૦

સીતારામને ભજીને લહાવો લીજીયેરે (૨)
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કીજીયેરે (૨)—સીતારામ૦
તારો અવસર પળ પળ જાય છે રે (૨)
તારા ઘટમાં બેઠો કાળ ખાય છે રે (૨)—સીતારામ૦
તારૂં જોબન જાશે જરા આવશે રે (૨)
તુંને ભાણે ભોજન નહીં ભાવશે રે (૨)—સીતારામ૦
તારા વહાલા વેરી થઇ લાગશે રે (૨)
તારી દેહ દેખીને દુર ભાગશે રે (૨)—સીતારામ૦
કાંઇ ધર્મ કરો આડું આવશે રે (૨)
તે તો જમના તે માર મુકાવશેરે (૨)—સીતારામ૦
સખી રામદાસ કહે નર નારને રે (૨)
સંત સેવો તો ઉતરો ભવપારનેરે (૨)—સીતારામ૦

૨૬૧

મારે આજે આનંદનો દિન છે રે;
હરિની ભક્તિ કરે તેને ધન્ય છે રે–(ટેક)
વહાલે નરસિંહ મહેતાને હાર આપીયોરે (૨)
ધ્રુવને અવિચળ કરીને સ્થાપીયોરે (૨)-મારે૦
વહાલે નામાની છાપરી છાઇ છે રે (૨)
સુદામાની તે નાર સુખ પાઇ છે રે (૨)–મારે૦
વહાલે વિખડાં વાર્યાં તે મીરાં બાઇનારે (૨)
લજ્જા રાખી સંસારીઆના સાથનીરે (૨)–મારે૦
ગુરૂ પ્રતાપે ભીમદાસ બોલીયારે (૨)
મારા અંતરના પડદા ખોલીયારે (૨)–મારે૦

૨૬૨

ઓધા શીયોનેરે–એવો શીયોને હમારો દોષ;
મારો વહાલો એ વ્રજમાં આવે નહીંરે–ઓધા૦
ઓધા, વિપ્ર હતા તે ખોટા થયારે (૨)
ખોટા પડીયારે (૨) જોશીડા તારા જોષ–મારો૦–ઓધા૦
ઓધા, દુરિજન લોક દાઝી મરેરે (૨)
વહાલો દઈ ગયારે,(૨) બાળારે પણના બોલ–મારો૦–ઓધા૦
ઓધા, ગોકુળ ગામ સોહામણુંરે (૨)
ચોક ચોકરે (૨) આહીરડાનો વાસ–મારો૦–ઓધા૦

ઓધા, ઓઢવાના આભરણ ઉતારીયાંરે (૨)
ઉતાર્યા રે (૨) અંગડાના ખેશ—મારો૦—ઓધા૦
ઓધા, ગાયરે ગેમલ અરજ એટલીરે,
મારી હતી રે (૨) બાળારેપણની પ્રીત—મારો૦—ઓધા૦

૨૬૩

મારી હુંડી સ્વીકારો મહારાજરે, શામળા ગીરધારી;
મારી હુંડી શામળીઆને હાથરે શામળા ગીરધારી.
રાણાજીએ રઢ કરી, વળી મીરાં કેરે કાજ (૨)
ઝેરના પ્યાલા મોકલ્યારે, વહાલો ઝેરના જારણ હાર રે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
સ્થંભથકી પ્રભુ પ્રગટીયા, વળી ધરીયાં નરસિંહ રૂપ (૨)
પ્રલ્હાદને ઉગારીઆરે, વહાલે માર્યો હરણાકસ્યપ ભૂપરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
ગજને વહાલે ઉગારીઆ, વળી સુદામાની ભાંગી ભુખ (૨)
દોહલીવેળાનામારાવાલમારે, તમે ભક્તોને ઘણાંઆપ્યાસુખરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીનાં પૂર્યાં ચીર (૨)
નરસિંહમહેતાની હુંડી સ્વીકારજોરે, તમેસુભદ્રાબાઇના વીરરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦

સાડાત્રણસો તીરથવાસીને, વળી રૂપીઆ છે સો સાત (૨)
વહેલા પધારજો દ્વારકારે, એને ગોમતી ન્હાયાની ઘણીખાંતરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
તીરથવાસી સૌ ચાલીયા, વળી આવ્યા નગરીની માંહે (૨)
આ શહેરમાં એવું કોણછેરે, જેનું શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
નથી બ્રાહ્મણ, નથી વાણીઓ, નથી ચારણ, નથી ભાટ (૨)
લોક કરે છે ઠેકડી રે, નથી શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
રહેવાને નથી ઝુંપડું, વળી જમવા નથી જુવાર (૨)
બેટા બેટી વળાવીઆં રે, મેં તો વળાવી ઘર કેરી નારરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
ગરથ મારૂં ગોપીચંદન, વળી તુલસી હેમનો હાર (૨)
સાચું નાણું મારે શામળોરે, મારી દોલતમાં ઝાંઝ પખાજરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
તીરથવાસી સૌ ચાલીયા, વળી આવ્યા નગરની બહાર (૨)
વેશ લીધો વણીકનો રે, મારૂં શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી–મારી હુંડી સ્વીકારો મહારાજરે૦

હુંડી લાવો હાથમાં, વળી આપું પૂરાં દામ (૨)
રૂપૈઆ આપું રોકડારે, મારૂં શામળશા શેઠ એવું નામરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦
હુંડી સ્વીકારી વહાલે શામળે, વળી અરજે કીધાં કામ (૨)
મહેતાજી ફરી લખજોરે, મુજ વાણોતર સરખાં કાજરે;
શામળા ગીરધારી—મારી હુંડી સ્વીકારો મહારાજરે૦

૨૬૪

પ્રભુ પાલવ પકડીને રહિછું પ્રેમથી રે,
મારા છેલ છબીલા અંતરના આધાર;
ઉભી, અરજ કરે મીરાંબાઇ રામને રે—(ટેક)
મારાં દાસીપણાનાં દુઃખ સરવે દુર કરોરે,
શીશ નામું મારા સદ્ગુરૂને પ્રણામ;
ઉભી, અરજ કરે મીરાંબાઇ રામનેરે—પ્રભુ પાલવ૦

(સાખી)

સાસરીઆમાં સુખ નહીં, મહીયરીયે નહી માન;
સુખ દુઃખની વાતડી, ધરતું નથી કોઇ ધ્યાન.
હવે નથી રહેવું, રાણાજીના રાજમાંરે;
રાણો, રોષ ભરેલો કુડો કપટી રાય—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

આ સમે હરિ આવજો, વિઠલ કરજો વાર;
ગોવિંદ સાથે ગોઠડી, અબળાના આધાર.
વહાલા વસમું જાણી વેગે વેહેલા આવજોરે,
નહીંતર જરૂર મારા જીવનું જોખમ થાય—ઉભી૦—પ્રભુ.

(સાખી)

ઉંડે કુવે ઉતારીઆ, ને તરત ત્રુટાં વ્રત;
તારણ હારો તારશે, શામળીઓ સમરથ.
એવા, વિવેકી વિઠ્ઠલને જાઉં વારણે રે;
ટળશે હરિજનોના અંતરના ઉચાટ—ઉભી૦—પ્રભુ.

(સાખી)

વિશ્વાસે વળગી રહી, ત્રિકમ રાખો ટેક;
આગે હીંમત આદરી, મન ધારૂં વિવેક.
એવા, ભક્તિ ભાવે ભૂદર આવો ભેટવારે,
હું તો વેચાણીછું, નાથ તમારે હાથ—ઉભી૦—પ્રભુ.

(સાખી)

નીતિધર્મ નવ છોડીએ, જ્યાં સુધી ઘટમાં પ્રાણ;
સહેજે સમુદર ઉતર્યા, જેને ભેટયા શ્યામ.
એવા, પૂરણ પુરૂષોતમ પધારજોરે,
સત્ય રાખો મારા સાચા સુંદર શ્યામ—ઉભી૦—પ્રભુ.

(સાખી)

રૂપાળા રણછોડજી, લળી લળી લાગું પાય;
રાણા ઘેર જાવું નથી, એવો કર્યો ઠરાવ.
હવે, શરણાગતની વારે ચઢજો વિઠલા રે,
પ્રભુ કૃપા કરીને રાખો ચરણની પાસ—ઉભી૦—પ્રભુ.

૨૬૫

જગમાં નર નારીને સત્ય વચન એક પાળવું રે,
હરીના ચરણ કમલમાં ચીતડું સદા ચોંટાડવું રે;
એવો નામ તણો પરતાપ તે સાચો માનવોરે.

(સાખી)

નામે કઇ નર તારીયા, અને કઇકના કીધાં કામ;
રોહીદાસની લીધી પાતળી, એવા છો ઘનશ્યામ;
નામે નરસીંહ મેહેતાને, હાર હાથો હાથ આપીયોરે—
જગમાં નર નારીને૦

નામે નામદેવ ભગતની, છાપરી છાઇ વાહાલે હાથ;
સેના માટે સનમુખ રહી, નાઇ કહેવાયા નાથ;
નામે નાઇ થઇને, રાજા મોહોલે પધારીયારે—
જગમાં નર નારીને૦

પ્રહ્લાદને ઉગારીયો, અને સ્થંભમાં કીધો વાસ;
હિરણાકશ્યપને મારીયો, અને ઉગાર્યો નીજદાસ;
નામે પંચાલીના, પ્રેમે પટકુલ પુરીયારે—
જગમાં નર નારીને૦

તાતી કઢા શીતલ કરી, સુધન્વાને કાજ;
સાગરમાં રાખ્યો બુડતો, રામ કહેતા ગજરાજ;
એવા શવરી બાઇના, એઠા બોર આરોગીયારે—
જગમાં નર નારીને૦

ભાજી વીદુરની જમ્યા, રાખી સંતોની લજ;
કરમાનો ખાધો ખીચડો, ન જાત જોઇ મહારાજ;
એવા સુદામાના, સંકટ સરવે કાપીઆરે—
જગમાં નર નારીને૦

પાંચ પાંડવ ઉગારીયા, ટીટોડીના બાળ;
યુદ્ધ લીધું જેમલતણું, અને સહાય કરી ગોપાલ;
એવા મન્જારીના, બાળ તમે ઉગારીયાંરે—જગમાં૦
મીરાંનું વીષ અમૃત કર્યું, અને પુરી મનની આશ,
અનેક ભક્ત ઓધારીયા, એમ ગાયે ગંગારામ દાસ;
એવા અનેક ભક્તને અલબેલે ઓધારીયારે—
જગમાં નર નારીને૦

૨૬૬

એવી મીરાંને પુર્વ જનમની પ્રીતરે
મીરાંને હૈડે લખેલા હરીના લેખરે—નામ નહીરે છોડું૦
જેમલ રાઠોડને ઘેર કુંવરી જનમીઆરે,સાતમને સોમવાર (૨)
તેડાવ્યા રાણાએ જોશીઆરે,
બાઈનું મીરાં ધરાવ્યુ રે નામરે (૨)—નામ૦
જોશીએ વાંચી જનમોતરીરે, તેમાં લખ્યું નીકલ્યું એહ (૨)
વરસે વીશ્વંભર નાથનેરે,
કરશે નંદના કુંવર સાથે સ્નેહરે (૨)—નામ૦
એમ કરતાં મીરાં મોટાં થયાંરે, કરે ભક્તી ને ભાવ (૨)
સાધુ સંતના સાથમાંરે,મીરાંને છોડી દેવો સંસારરે (૨)—નામ૦
ઉદેપુરનો રાણો રાજીયોરે, તેની સાથે કરી છે સગાઈ (૨)
પરણાવી વળાવ્યાં સાસરેરે,
મીરાંને નયણે આસુડાંની ધારરે—નામ૦
સાસુ કહે ભલે આવીઆરે, ઉમીયાને નમાવો શીશ (૨)
મીરાં કહે મસ્તક નહીં નમેરે,
કરશું નંદના કુંવર સાથે પ્રીતરે (૨)—નામ૦
સાસુએ પુત્રને બોલાવીઓરે, પુત્ર સાંભળો મારી વાત (૨)
આજથી વહુ સામુ બોલીયારે,
એના જુદા રચાવોને ધામરે (૨)—નામ૦

એવું સાંભળી મીરાં મગ્ન થયાંરે,ભલું થયું ભાંગી જંજાળ (૨)
સાધુ સંતના સાથમાંરે,
હવે તો સુખે ભજીશું શ્રી ગોપાળરે (૨)—નામ૦
નંદ નંદન સાથે ન્યારા રહ્યારે, હરીજન આવે ઘણા ઘેર (૨)
નીત્ય ભજન કીર્તન કરેરે,
એતો દર્શણની કરે લીલા લહેરરે (૨)—નામ૦
નણંદ આવી મીરાં કનેરે, ભાભી આ શો માંડયો ઉત્પાત (૨)
સાસરે રાણાનું કુળ લજાવ્યુંરે,
તમે મૈયર લજાવ્યા માત તાતરે (૨)—નામ૦
છાપા તીલક આ શાં ધર્યાંરે, નાચો પુંદો વેરાગીને વેશ (૨)
સંગ મુકી દયો સાધુસંતનોરે,
રાણોજી તો કરે છે ઘણો કલેશરે (૨)—નામ૦
મીરાં કહે કલેશ ટાલવાનો એકજ છે ઉપાય (૨)
કહેજો રાણાને સેવે સંતનેરે,
નૃત્ય કરીને હરી ગુણ ગાયરે (૨)—નામ૦
વળી સોનુ રૂપુ પહેરે શું સુધરે, કાઢી નાખો ડાક ડમાળ (૨)
છાપા તીલક ધરી બેસો સંતમાંરે,
કંઠે પહેરો તુલસીની આ માળરે (૨)—નામ૦

તમે પણ જાઓ કયા સાસરેરે, બાઇ વૃથા વટાળો શાને દેહ(૨)
મન ગમતા મોહનજી સાથે તમેરે,
કરો સર્વ તજીનેરે સ્નેહરે (૨)–નામ૦
કહેજો તમારી માતનેરે, વૃદ્ધ થયા ગોવીંદ ગુણ ગાય (૨)
શ્રી હરી વિના કોટી દેવ સેવસોરે,
તોએ જનમ મરણ નહીં જાયરે (૨)–નામ૦
એવું સુણી નણંદ કોપીયારે, આવ્યા બંધવની પાસ (૨)
ભાભી કહે થાઓ જોગટારે,
મુકી દોને હવે રાજપાટરે (૨)–નામ૦
એવું સુણી રાણો રોષીઓરે, સેવક પ્રેર્યા મીરાંને અવાસ (૨)
લાવો ખબર છે શા રંગમાંરે,
કોણ કોણ બેઠું છે એની પાસરે (૨)–નામ૦
સેવકે આવી એમ કહ્યુંરે, નથી ત્રીજું માણસ આ વાર (૨)
રાણીજી પાસે એક પુરૂષ છેરે,
ઘરમાં થઇ રહી છે થૈ થૈકારરે (૨)–નામ૦
સુણતામાં રાણો થયો રાતડોરે, ખેંચી ખડગ ધાયો તેણીવાર(૨)
પેઠો મીરાંને મહોલે એકલોરે,
કોઇ આવે ન ધાઇ દીધાં દ્વારરે (૨)–નામ૦

આવી જોયું તો મીરાં એકલીરે, પ્રભુએ તેને ન દીધું દર્શન(૨)
પુછ્યું મીરાંને પેલો પુરૂષ ક્યાં ગયોરે,
તારે લાગી છે જે શું લગનરે (૨)—નામ૦
ક્યાં છે પુછ્યોશું રાણો રોશમાંરે, તે તો સઘળે વસેછે ભરપુર(૨)
ધ્યાનમાં જુવે જોગી પ્રેમી પ્રગટરે,
દેખી રહે છે દુષ્ટ થકી દુરરે (૨)—નામ૦
એવું સુણી આગ લાગી ઘણીરે, પણ ભાવ ના છુટયોરે ભુપ(૨)
ક્રોધ કરીને શસ્ત્ર વાપરેરે,
એવે દીઠાં મીરાંનાં બે રૂપરે (૨)—નામ૦
તોપણ મુરખ સમજ્યો નહીંરે, મન સાથે ન કીધો વિચાર(૨)
બીજું ખડગ રાણે ખેંચીયુંરે,
ત્યારે હરીએ દેખાડી મીરાં ચારરે (૨)—નામ૦
ઝેરના પ્યાલા રાણો મોકલેરે, મીરાંબાઇ તણે દરબાર (૨)
અમૃતની પેઠે મીરાં પી ગયાંરે,
મીરાંને રાખણહારો શ્રી નાથરે (૨)—નામ૦
મીરાંબાઇ આવ્યાં વંદ્રાવનમાંરે, પ્રેમે નીરખ્યા શ્રીવૃજરાય(૨)
શ્રી જમુના પયપાન કર્યુંરે,
ફરી જીવા ગોસાઇને શીક્ષાયરે (૨)—નામ૦

હરીજન જાણી મીરાં મળવા કહ્યુંરે, તેણે કહાવ્યું ન જોઉં
સ્રીનું મુખ (૨)
મીરાં કહે સારૂં થયું મુજનેરે,
પરપુરૂષ જોએથી દુખરે (૨)—નામ૦
આજલગી હું એમ જાણતી જે, વૃજમાં કૃષ્ણ પુરૂષ છે એક (૨)
વંદ્રાવનમાં વસી હજુ પુરૂષ રહ્યા છો,
તેમાં ધન્ય તમારો વિવેકરે (૨)—નામ૦
એવું સુણીજ્ઞાન પામીયોરે, જીવોગોંસાઇ મળ્યાછે સામાધાઇ(૨)
પ્રેમે હરી રસ પી કરીરે,
આવ્યાં મેવાડ દેશ મીરાં બાઇરે (૨)—નામ૦
કરી તૈયારી ચાલ્યાં દ્વારકાંરે, પ્રેમે નીરખ્યા શ્રી રણછોડ (૨)
પ્રભુની પાસે મીરાં રહ્યાંરે,
સદા પહોંચ્યા છે મનના કોડરે (૨)—નામ૦
પસ્તાવો રાણાજીને થયોરે, વીસરી ગયા મનનું ઝેર (૨)
મુખે માંગે તે આપું તેહનેરે,
જે કોઇ લાવે મનાવી મીરાં ઘેરરે (૨)—નામ૦
ઉપરા ઉપરી તેડાં મોકલ્યાંરે, આવીને લાગ્યા સૌ પાય (૨)
માજી પધારો મેવાડમાંરે,
રાણોજી તો ન અન્ન જળ ખાયરે (૨)—નામ૦

જ્યાં લગી તમો રહેશો દ્વારકારે, ત્યાં લગી કરશે અપવાશ (૨)
આગ્રહ દેખી મીરાં વીદાય માંગવારે,
આવ્યા મહા પ્રભુજીની પાસરે (૨)—નામ૦
હરીએ હકીકત સાંભળીરે, હસી ચાંપી તે રૂદયા સાથ (૨)
શ્રી કૃષ્ણ સ્વરૂપમાં સમાઈ ગયારે,
મીરાં જે જે શ્રી દ્વારકાનાથરે (૨)—નામ૦

માયા વિષે.

૨૬૭

માયા તજીને જીવ ક્યાં જશેરે,
જોને, માયા તજીને જીવ ક્યાં જશે. (ટેક)
રાજારે રંક ફકીર સન્યાસી (૨)
સર્વેમાં વાસો તે વસેરે—જોને.
ધરે આયુધ કરે યુદ્ધ જોરાવર (૨)
ધન લેવા સર્વે ધસેરે—જોને.
ઉપરથી ટાળશો તો અંતરમાં એમ છે (૨)
અહમેવ મમતા આવશેરે—જોને.
મમતા તજે તો મોહ ઘટે નહીં (૨)
મોહ થકી કામ ઉદે થશેરે—જોને.

કામ નિવારે તો ક્રોધ અતિ ઉપજે (૨)
ક્રોધ હણે લોભ લાગશેરે—જોને.
જરા જો લોભની લ્હેર સમાવે (૨)
તો માન મરડીને મારશેરે—જોને.
જેમ જેમ ત્યાગે તેમ તેમ આવે (૨)
વિષય વિકાર ઘણા વાધશેરે—જોને.
અનેક પેરે બહુ આપદા વધારે (૨)
અળગી તે ક્ષણ એક ના ખસેરે—જોને.
જ્ઞાન વિવેક વિચારીને જોજો (૨)
એ ખરૂં કે ખોટું હશેરે—જોને.
કહે પ્રીતમ એને એક ઉપાય છે (૨)
આપોપું તજે સુખીયો થશેરે—જોને.

૨૬૮

હરિની માયા મહાબળવંતી, કોણે જીતી નવ જાય જોને;
જોગીને તો જોતી હીંડે, ભોગીને તો ખાય જોને.
કાયરને તો કુટી નાંખે, શૂરા પુંઠળ ધાય જોને;
જ્ઞાનીને તો ગોતી મારે, અજ્ઞાની અથડાય જોને.
પંડિતને પ્રપંચે મારે, કોણે નવ કળાય જોને;
હરિજનને તો હાથે મારે, મહા ઠગાણી કહેવાય જોને.

ચતુરને તો ચુંટી નાંખે, ચટક ચોંટી જાય જોને;
તપસીને તો ટીપી નાંખે, કરણીમાં કુટાય જોને.
હરિની અતિ પ્રબળ માયા, જોરે નવ જીતાય જોને;
પ્રીતમનોસ્વામી પરમ સ્નેહી, પ્રેમ તણે વશ થાય જોને.

૨૬૯

હરિ હું શું કરૂં રે, મારો માયા ન મૂકે કેડો. (ટેક)
કોટિ કલ્પ સુધી એણે ભમાવ્યો, ભમું હજુ નહીં છેડો;
મુજથી ન છુટે ન આપ છોડાવો, મારો કિયે ભવે નીવેડો-હરિ.
સેવા સમરણ કામ કરૂં, મારો ક્ષણુ એ ન છાંડે હેડો;
શું ગજું મારૂં અવિદ્યા જીતી, કરૂં ચરણ કમળે નેડો—હરિ૦
આપ વિના એના સૌ ચેલા, કોને કહું દુઃખ ફેડો;
દાસી તમારી જાય પ્રેરો જ્યાં, પાછી ફરે જયારે તેડો—હરિ૦
કરગરી કહું છું કૃષ્ણ કૃપાનિધિ, ચરણ પડયો ન ખસેડો;
માયા કાળ અગ્નિથી બચે દયો, કૃષ્ણ કૃપાજળ રેડો—હરિ૦

જોગી ન થવા વિષે.

૨૭૦

નિશ્ચે કરો રામનું નામ, નથી કાંઇ જોગી થઇને જાવું;
નથી ભેખ ભગવો કંઇ કરવો (૨) ભેગું કરીને ખાવું—નિ૦

જો પુરવે તો ભગવા કરજો, પુરવે ઉજ્જવળ રાખો;
રખે દુખાવો સામા જીવને, સુખ સામાનું તાકો-નિ૦
એક ત્રાજવે સૌ સંસારી, બીજે જોગી લાવો;
કયા જોગીને રામજી મળીયા, એવો એક બતાવો-નિ૦
કોઇ નાઠા રાંડોને રોષે, કોઇને ન મળી નારી;
કોઇ સ્વાદે કોઇ કરજે નાઠા, કેમ રીઝે ગિરધારી-નિ૦
મહેતો મીરાં ને પ્રલ્હાદ, સેનો નાપીક નાતી;
ધનો પીપો રોહીદાસ કુબો, ગોરો કુંભારની જાતી-નિ૦
બોડાણો જ્ઞાતિ રજપુતની, ગંગા બાઇ છે નારી;
દાસ થઇને જો રહ્યા તો, ઘેર આવ્યા ગિરધારી-નિ૦
રંકા વંકા સજન કસાઇ, ભજ્યા રાત ને દહાડો;
કિયા જોગીને રામજી મળીયા, એવો એક દેખાડો-નિ૦
નથી રાખ વિભૂતિ ચોળવે, નહીં ઉંધે શિર ઓલ્યે;
નથી નારી તજી વન જાતાં, જ્યાં લગિ આપ ન ખોળે-નિ૦
જંગલમાં મંગળ કરી જાણે, મંગળ જંગલ જેને;
કડવું મીઠું મીઠું કડવું, સમજી વશ છે તેને-નિ૦
પયને ઓથે ઘૃત રહ્યું છે, તલ ઓથે જેમ તેલ;
કહે નરભો રઘુવર છે સઘળે, એવો એનો ખેલ-નિ૦

સાધારણ નીતિ વિષે.

૨૭૧

ભાવે કરી ભક્તો, તમે હરિગુણ ગાવો;
હરિગુણ ગાવો ને લીયોરે આ લ્હાવો—ભાવે૦
ઇશ્વરમાં રાખી આશ, વેદમાં ધરી વિશ્વાસ;
દિલથી થઇને દાસ, રામને રીઝાવો—ભાવે૦
રાંક માથે રાખો રહેમ, પ્રભુ સાથે જોડો પ્રેમ;
નીતિતણા નેમ તેમાં ચિત્ત ન ચુકાવો—ભાવે૦

૨૭૨

ભાવથી પ્રભુ ભજો, પ્રભુ ભજો (૨)
તમે તરકટ કરવા તજોરે—ભાવથી૦
હાંરે દયા દિલમાં રાખજો દહાડી (૨)
તેથી અતિ સુખ પામશો અગાડીરે—ભાવથી૦
હાંરે કોઇ પારકાં સંકટ કાપોરે (૨)
ભાવે ભૂખ્યાને ભોજન આપોરે—ભાવથી૦
હાંરે જે જે દીસે છે તે છે જવાનુંરે (૨)
એમાં કાંઇ નથી રહેવાનુંરે—ભાવથી૦
હાંરે જ્યારે આવશે વેળા છેલ્લીરે (૨)
પ્રભુ વિના બીજો નથી બેલીરે—ભાવથી૦

હાંરે નથી રહેવાનું દલપત રામેરે (૨)
પ્રભુ ભજે તે શુભ ગતિ પામેરે—ભાવથી૦

જીવને છેલ્લી શિખામણ.

૨૭૩

સો બાતનકી એકજ બાત,
હરિ હરિ સમરો દિન ને રાત;
હરિ હરિ હરિ સમરો સબ કોય,
હરિ સુમરેંસે સબ કછુ હોય.
હરિ હરિ સમરો દિન ને રાત;
હરિ હરિ સમરો ઉઠી પ્રભાત.
હરિ બિના સબ જુઠી બાત,
સો બાતનકી એકજ બાત.

૨૭૪

હવે કહેવું જોઇએ તે તો કહીએરે—સજ્જનો સાંભળોરે:
છેલ્લે છેલ્લી શીખામણ દઇએરે—સજ્જનો સાંભળોરે.
રૂડાં નિતીનાં નેમથી રહેજો રે—સજ્જનો સાંભળોરે;
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કહેજો રે—સજ્જનો સાંભળોરે.
હરિએ દીધું હોય તેણે દેવું રે—સજ્જનો સાંભળોરે;
પાપ કર્મોથી દૂર સદા રહેવું રે—સજ્જનો સાંભળોરે.

નામ હરિનાં છે શાસ્ત્રમાં હજારોરે–સજ્જનો સાંભળોરે;
તેમાં તમને ગમે તે તમારોરે–સજ્જનો સાંભળોરે.
તમને ગમે તેને ગુરૂ કરજોરે–સજ્જનો સાંભળોરે;
ભેટ ભાંસે તીયાં જઇ ધરજોરે–સજ્જનો સાંભળોરે.
રૂડો લાગે તે ધર્મ તમે ધારોરે–સજ્જનો સાંભળોરે;
કરવો સત્સંગ સિદ્ધાંત એ અમારોરે–સજ્જનો સાંભળોરે.
થાય સત્સંગ તો વાત છે સારીરે–સજ્જનો સાંભળોરે;
એવી અરજી છે તમને અમારીરે–સજ્જનો સાંભળોરે.

સૌનું ભલું ઇચ્છવા વિષે.

૨૭૫

દુનિયાનાં દુઃખ નિવારો રાજ, દયા કરોને હવે દીનબંધુ,
જન પામ્યા છે પીડા પાકી (૨)
બનવાની ન રહી બાકી રાજ—દયા કરોને૦
આ સંકટ તો નથી સહેવાતું (૨)
નજરે જોયું નથી જાતું રાજ—દયા કરોને૦
આ ઈશ્વર છો તમે ઇન્સાફી (૨)
મહારાજ કરો હવે માફી રાજ—દયા કરોને૦
સૌ પામ્યા છે શિક્ષા પુરી (૨)
તેમાં જોતા નથી અધુરી રાજ—દયા કરોને૦

ફરીથી મનમાં કોઇ નહીં ફુલે (૨)
ભવમાં આ દુઃખ નહીં ભુલે રાજ—દયા કરોને૦
સુખ પામો સૌ ગામો ગામે (૨)
દીધી આશીષ દલપતરામે રાજ—દયા કરોને૦

૨૭૬

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ,
સૌનું કરો કલ્યાણ. (ટેક)
નરનારી પશુ પક્ષીની સાથે (૨)
જીવ જંતુનું તમામ—દયાળુ પ્રભુ સૌનું૦
જગના વાસીઓ સૌ સુખ ભોગવે (૨)
આનંદે રહી આઠો જામ—દયાળુ પ્રભુ સૌનું૦
દુનિયામાં દરદ દુકાળ પડે નહીં (૨)
લડે નહી કોઇ ગામ—દયાળુ પ્રભુ સૌનું૦
સર્વે જગે સુખકારી વધે ને (૨)
વળી વધે ધન ધાન્ય—દયાળુ પ્રભુ સૌનું૦
કોઇ કોઇનું બુરૂં ન ઇચ્છે (૨)
સૌનું ઇચ્છે સૌ સમાન—દયાળુ પ્રભુ સૌનું૦
પોત પોતાના ધર્મ પ્રમાણે (૨)
સર્વ ભજે ભગવાન—દયાળુ પ્રભુ સૌનું૦

છેલ્લી સ્તુતિ

૨૭૭

શાંતિ શાંતિ શાંતિ, પ્રભુ, શાંતિ સદા આપો. (ટેક)
પરમ કૃપા કરી કૃપાળ (૨) ક્લેશ કષ્ટ કાપો–શાંતિ૦
શરણ આવી વિશ્વનાથ (૨) વંદન કરી જોડી હાથ (૨)
સર્વ જપે ભક્ત સાથ (૨) શાંતિ સુખ આપો–શાંતિ૦
કરુણામય દૃષ્ટિ કરો (૨) હૃદય તિમિર સર્વે હરો (૨)
મનવાંછિત અર્થ પુરો (૨) સુણી તમે વિલાપો–શાંતિ૦
જપી તમારૂં પુણ્ય નામ (૨) કરીએ તમને પ્રણામ (૨)
સત્ય શુદ્ધ ધર્મ, સકળ દેશ વિષે સ્થાપો–શાંતિ૦

પરચુરણ ભજનો.

*ઘડપણમાં ગોવિંદ ગાશું ગુરૂરાજ !

૨૭૮

ઘડપણમાં ગોવિંદ ગાશું ગુરૂરાજ,
અમે ઘડપણમાં ગોવિંદ ગાશું;
અમને હમણાં નથી નવરાશું. ગુરૂ૦ ૧

---

*આ ભજન જેઠાલાલ ખીમજી ચોટાવાળાએ છાપવા આપ્યું છે.

ગુરૂ જ્ઞાન અમે સાંભળ્યું તમારૂં,
મુક્તપુરીનું બતાવોછો બારૂં;
પણ અમારે કર્મે ચોંટયું કારભારૂં. ગુરૂ૦ ૨
અમે મોટા કહેવાઇએ વેપારી,
રાત દિવસ કરવી મગજમારી;
કથા ક્યાં સાંભળીયે તમારી. ગુરૂ૦ ૩
અમારે ઘેરે ઝાઝું દુઝાણું,
નિત્ય સાચવવું સગાઓનું ભાણું;
પ્રભુ રસની વાતો ક્યાંથી જાણું. ગુરૂ૦ ૪
હજી બાંધવા છે બારસો માળા,
હજી થાવું હજાર મીલવાળા;
ક્યાંથી ફેરવીએ તમારી માળા. ગુરૂ૦ ૫
સાઠ લાખની પુંજીમાં શું કરીએ,
ક્રોડ અબજ ત્રીજોરીમાં ભરીએ;
પછે નાતમાં મોટેરા થઇ ફરીએ. ગુરૂ૦ ૬
પાંચ દીકરા વીલાતે ગીયા છે,
વહુ દીકરીને કજીયા થીયા છે;
એવા ઘરમાં ઘમરોળ રીયા છે. ગુરૂ૦ ૭

રાંડો કરમે નીકળી કજીયાળી,
વળી ગામમાં સાળા સાળી;
નિત્ય મનાવવું પડે ભમરાળી. ગુરૂ૦ ૮
સાઠ વરસની ઉમર થઇ અમારી,
તે શું આંખમાં આવે છે તમારી;
હજી પરણવી છે નવલી નારી. ગુરૂ૦ ૯
સર નાઇટના ખીતાબો લઇશું,
વાઇસરાયને આવકારો દઇશું;
બીજી વાતો પછીથી કરીશું. ગુરૂ૦ ૧૦

૨૭૯

ધન્ય એકાદશી, એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ.
મારે એકાદશીનું વ્રત કરવું છે, મારે ધ્યાન હરીનું ધરવું છે;
મારે વૈકુંઠમાં જઇ ઠરવું છે—ધન્ય એકાદશી૦
મારે એકાદશીનું વ્રત સારૂં છે, એતો પ્રાણજીવનને પ્યારૂં છે;
એ તો વૈકુંઠ લઇ જનારૂ છે—ધન્ય એકાદશી૦
જે કોઇબારમાસકરેએકાદશી,તેના અંતરમાં વસે અવિનાશી;
નહિ કરશે તે જશે હાથ ઘસી—ધન્ય એકાદશી૦
મારે ગંગા ઘાટે જાવું છે, મારે જમુના જળમાં ન્હાવું છે;
મારે ભવસાગર તરી જાવું છે—ધન્ય એકાદશી૦

જેણે એકાદશીનાં વ્રત કીધાં છે, તેના પાંચ પદારથ સીધ્યાં છે;
તેને પ્રભુએ પોતાના કરી લીધા છે—ધન્ય એકાદશી૰
અંબરિખે એ વ્રત કીધું છે, દંડ દુર્વાસાએ દીધું છે;
રસ કલ્યાણરાયે પીધું છે—ધન્ય એકાદશી૰

૨૮૦

ચેલા ચાલો ગુરૂને ઘેર ગુરૂજી કરશે લીલા લેહેર (૨)
કોટી જનમના કષ્ટ નીવારે, ભવના બંધન કાપે (૨)
ગુરૂ સમ દાતા નહીં કોઇ (૨) અવીચળ પદવી આપે—ચેલા.
ગુરૂ વચન લોપે મહા પાપી, તે સુખીઓ કેમ થાશે (૨)
અનેક દેવ દેવીઓ ધાતા (૨) જમના ગોદા ખાશે—ચેલા.
સુન શીખરપર વાસ ગુરૂનો, ગુરૂ પ્રેમ જોત પ્રકાશી (૨)
અડસઠ તીરથ ગુરૂને ચરણે (૨) જોજો મનને મારી—ચેલા.
સકળ નીધી તો ગુરૂજી કહાવે, ગુરૂ સ્વતંત્ર જોગી (૨)
સ્થાવર જંગમ રહ્યો પ્રકાશી (૨) ગુરૂ નિરંજન યોગી—ચેલા.
મુરખ જીવતો મોહ માયામાં, ફરી ફરીને ધાયો (૨)
કહે ભીખો હરિજન થઇને (૨) સાચું શું કમાયો—ચેલા.

૨૮૧

ધર્મહી તે પાયો યે ધન ધર્મહી તે પાયો (૨)
નીકે રાખ જશોદા મૈયા (૨)
નારાયણ વૃજ આયો, એહાં (૨)—યે ધન.
જો ધનકો મુની જપતપ ખોજત,
વેદહુ પાર ન પાયો (૨)
સો ધન ધર્યો હે ક્ષીર સાગરમેં (૨)
બ્રહ્મા જાય જગાયો, એહાં (૨)—યે ધન.
જા ધન તે ગોકુળ સુખ લઇયત,
સગરે કાજ સવારે (૨)
સોધન વાર વાર ઉર અંતર (૨)
પરમાનંદ વિચારે, એહાં (૨)—યે ધન.

૨૮૨

સકળ હંશ મેરે રામ સમાયા, રામ સમોવડ કોઇ નહીં (૨)
પર બ્રહ્માંડમેં જુઓ તપાસી રામ સમોવડ કોઇ નહીં
હેજી હોજી—સકળ.
ત્રીવેણીમેં તેજ તુમેરા પાંચ તત્વમેં જોત ખડી (૨)
તેનું અજવાળું ત્રણે ભુવનમાં(૨)સુરતા દોરી અસમાન ચઢી
હેજી હોજી—સકળ.

નાભી કમળમાં નીરખીને જોઇલો કાયા નગરમાં પડી પડી(૨)
છત્રીસ વાજાં વાજે શહેરમેં (૨) ગગન મંડપમેં નોબત ખડી
હેજી હોજી—સકળ.
હીરા માણેક મોતીની માલામેં, રતન પદારથ પારસમણી (૨)
પ્રેમ પીયાલો પાયો સદગુરૂએ (૨) ધાર્યા સંત કોઈ ધીંગાધણી
હેજી હોજી—સકળ.
જ્ઞાનીરે હોયસો ઘટમારે ખોજે,સાત સાગર તમે જુઓ મથી(૨)
કહે નાનક સદગુરૂ પ્રતાપે (૨) રામ વિના બીજો કોઇ નથી
હેજી હોજી—સકળ.

૨૮૩

જય શ્રી વલ્લભ જય શ્રી વીઠલ જય જમુના શ્રી નાથજી.
કલજુગના તો જીવ ઓધાર્યા, મસ્ત ધરીયા હાથજી.
મોર મુગટ ને કાને કુંડળ, ઉર વેજંતી માળાજી.
નાશીકા ગજ મોતી લટકે, એ છબ જોવા જઇએજી.
આસપાસ ગૌ બીરાજે, ગુવાલ મંડળી સાથેજી.
મુખમાં મોરલી બેન બજાવે, એ છબ જોવા જઇએજી.
શ્રીવલ્લભ વીઠલ જુગમાં કહીએ, તો ભવ સાગર તરીએજી.
માધવદાસ એટલું માંગે, શ્રીગોકુલમાં અવતરીએજી.
જય શ્રી ગીરધર, જય શ્રી ગોવિંદ, જય શ્રી બાળ કૃષ્ણજી.
જયશ્રીગોકુળપતી,જયશ્રીરઘુપતી,જયજદુપતી,ઘનશ્યામજી.

શ્રી ગોકુળવારે નાથ, મેરી દોરી તમારે હાથજી
જય જમુના શ્રી ગોવરધનનાથ, મહા પ્રભુ શ્રી વિઠ્ઠલનાથ
જય જય શ્રી ગોકલેશ, શેષ ન રહે કલેશ
શ્રી વલ્લભ જુગ જુગ રાજ કરો, શ્રી વલ્લભ વિઠલ ગોપીનાથ
દેવકી નંદન શ્રી રઘુનાથ, જસોદા નંદન, નંદકીશોર
શ્રી મોરલીધર માખણચોર સુરદાસ, કૃષ્ણદાસ જો, પરમાણંદ
કુમનદાસ જો, ચત્રભુજ નંદનદાસ જો, ચિત્તસ્વામી, ગોવીંદ
શ્રી વલ્લભ દેવકી જય, પ્રાણ પ્યારેકી જય,
શ્રી ગોવરધન નાથકી જય,
ચોર્યાસી વૈષ્ણવકી જય,
બસો બાવનકી જય, દેશી પરદેશી વૈષ્ણવકી જય,
અપને અપને ગુરૂદેવકી જય, શ્રી ભગવત મંડળીકી જય.

રક્ષાબંધન વિષે.

૨૮૪

આજ બળેવ દિવસ ઓચ્છવનો, નંદ તણે ઘેર જાઇયે રે;
નટવર છેલ છબીલાને નિરખી, અંતર સુખીયા થાઇયેરે. આ.
ગર્ગાચારજ રાખી બાંધી, પૂરણ બ્રહ્મને પુંચે રે;
અમર સદા રહો અવિનાશી, એમ બોલ્યા સુર ઉંચે રે. આ.

પ્રેમે કરી પાથરણાં નાખ્યાં, બહુ બહુ વાનાં કીધાં રે;
વસ્ત્ર આભૂષણ સહિત ગર્ગને, દાન ધેનુનાં દીધાં રે. આ.
રાજી અધિક થયાં નંદરાણી, ગોરાણી શણગાર્યાં રે;
